THE FREE INDOLOGICAL COLLECTION

WWW.SANSKRITDOCUMENTS.ORG/TFIC

# FAIR USE DECLARATION

This book is sourced from another online repository and provided to you at this site under the TFIC collection. It is provided under commonly held Fair Use guidelines for individual educational or research use. We believe that the book is in the public domain and public dissemination was the intent of the original repository. We applaud and support their work wholeheartedly and only provide this version of this book at this site to make it available to even more readers. We believe that cataloging plays a big part in finding valuable books and try to facilitate that, through our TFIC group efforts. In some cases, the original sources are no longer online or are very hard to access, or marked up in or provided in Indian languages, rather than the more widely used English language. TFIC tries to address these needs too. Our intent is to aid all these repositories and digitization projects and is in no way to undercut them. For more information about our mission and our fair use guidelines, please visit our website.

Note that we provide this book and others because, to the best of our knowledge, they are in the public domain, in our jurisdiction. However, before downloading and using it, you must verify that it is legal for you, in your jurisdiction, to access and use this copy of the book. Please do not download this book in error. We may not be held responsible for any copyright or other legal violations. Placing this notice in the front of every book, serves to both alert you, and to relieve us of any responsibility.

**If you are the intellectual property owner of this or any other book in our collection, please email us, if you have any objections to how we present or provide this book here, or to our providing this book at all. We shall work with you immediately.**

**-The TFIC Team.**

૧. પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન

વિશ્વ શાન્તિ આધ્યાત્મિક જ્ઞાન મંદિરવતી

કુમારી રંજનદેવી સૉ. શ્રોફ

મહેતા બીલ્ડીંગ, બીજા માળે

૧૨ મો રસ્તો, ખાર

મુંબઈ-૫૨

૨. પ્રાપ્તી સ્થાન

સૌ. સુરજબેન વોરા

મધુસુદન ડી વોરા

અશોકાલય

મુ. ઉપર મહેન્દ્ર રોડ,

મોરબી (સૌરાષ્ટ્ર)

પ્રથમાવૃત્તિ પ્રત (૧૦૦૦)

ફેબ્રુઆરી: ૧૯૭૧

મુદ્રક:

સુરેન્દ્રકુમાર બી. ગણાત્રા

મુદ્રણ સ્થાન,

ગણાત્રા એન્ડ સન્સ,

કોર્ટ રોડ પાસે,

અમદાવાદ-૧

ॐ

# સમ્યક્ સા

સંકલનકાર

વિશ્વશાન્તિચાહક

" એગો મે સાસઓ અપ્પા, નાણ દંસણ સંજુતો ।
સેસા મે બાહિર ભાવા, સવ્વે સંજોગ લક્ખણા ।।

"હું છું એક શાશ્વત આત્મ પદાર્થ–
આ અન્ય સર્વ છે કર્મકૃત સંજોગો."

અન્યત્વ ભાવના સ્વ ને પરનો આવો વિભાગ
કરાવે છે અને તે દ્વારા "પર"ના વ્યુત્સર્ગને સ્વની
અનુભૂતિ કરાવે છે.

મૂલ્ય–પઠ જ્ઞાન ખાતે

સોઽહમ્

સોઽહમ્

# અનુક્રમણિકા

વિષય
૧ જ્ઞાન જ્યોતિ
૨ સહજ સમાધિ
૩ ધર્મ ક્યાં છે.
૪ ભૂલને ભાંગો.
૫ દુ:ખનું કારણ અજ્ઞાન.
૬ સમકિતીના લક્ષણો.
૭ આત્માર્થે જ સર્વ કરવાનુ છે.
૮ જૈન દર્શન.
૯ જ્ઞાન અને શ્રદ્ધા યુકત ત્યાગ.
૧૦ શરીર અને ચૈતન્યનુ ભિન્નપણુ.
૧૧ મોહ કર્મને દૂર કરો
૧૨ આફતનો સામનો.
૧૩ બાહ્ય ઉપાધિનો ત્યાગ.
૧૪ બુદ્ધિનો સદુપયોગ કરો.
૧૫ વિકલ્પો અને વ્યાકુળતા
૧૬ સુખ ક્યાં છે.
૧૭ અધ્યાત્મિક જ્યોતિ પ્રગટાવો
૧૮ પરાધીનતા છોડો
૧૯ સંસારનો રાગ ત્યાગો
૨૦ ક્ષણિક સુખ અને અનંત સુખ
૨૧ આત્માનુ નિરંજનપણુ
૨૨ પ્રભુના પંથે
૨૩ સ્વાનુભવ
૨૪ ભવરોગ
૨૫ વિવેકને વિચાર

૨૬ ધ્યાન
૨૭ ભાવશુદ્ધિ
૨૮ સાધક સદેશ
૨૯ શ્રદ્ધા
૩૦ ધ્યાનનુ ફળ
૩૧ સ્વમાં શકિતનુ પરિણમન કરો
૩૨ ચૈતન્ય નિધાન
૩૩ મોક્ષનું મૂળ
૩૪ પરિભ્રમણ
૩૫ શુદ્ધતાની શ્રદ્ધા
૩૬ સાધકનું લક્ષ્ય
૩૭ જીવવાની કળા
૩૮ વહેતી લક્ષ્મી
૩૯ વૈરાગ્ય
૪૦ સ્વરૂપ સ્મૃતિ
૪૧ સમયની પરખ
૪૨ જ્ઞાનની પિપાસા
૪૩ દર્શન મોહ
૪૪ આત્મ વિવેક
૪૫ અહંકારનો ત્યાગ
૪૬ સ્વરૂપ વિચારણા
૪૭ આત્મ હીરો
૪૮ સિદ્ધિ
૪૯ અંતર અવલોકન
૫૦ પ્રેય અને શ્રેય
૫૧ રાગ દ્વેષ તેજ સંસાર
૫૨ આત્મ વિશ્વાસ

૫૩ આનંદ
૫૪ મનની ચંચળતા દૂર કરવાનો ઉપાય
૫૫ ત્યાગ
૫૬ જ્ઞાન ચક્ષુ
૫૭ ભાવના બળ
૫૮ સુવાક્યો
૫૯ રોગ–વેદનામાં ભાવના
૬૦ આત્મ જ્ઞાન
૬૧ નિઃ સ્વાર્થતા
૬૨ આત્મિક શિક્ષા

# પ્રકાશકના બે શબ્દો

સમસ્ત વિશ્વ પરત્વે કરૂણા વહાવનારા પરમ વિતરાગી તિર્થંકર દેવ દ્વારા જગતનાં જીવોનાં કલ્યાણ અર્થે જે વાણીનું ઉદ્‌બોધન થયું, તેને ગણધરોએ આગમમાં સૂત્રબદ્ધ કરી, તેવાં આગમ શાસ્ત્રોનાં જ્ઞાતા, ધર્મ રહસ્યજ્ઞ, યોગ વિશારદ, સર્વ વિરતી શ્રી "વિશ્વશાન્તિચાહક"નો અધિકપરિચય કરાવવાની જરૂર તો નથી, છતાં એટલું જાણવું આવશ્યક છે કે, તેઓએ પોતાનું સમસ્ત દીક્ષાર્થી જીવન આત્મસાધનામાં વિતાવી નિવૃતિ ક્ષેત્રે બિરાજી એકાંતપણે—અસંગભાવે વિચરી, યોગ શ્રેણીની પરાકાષ્ટાએ ચઢી, સમાધિ દ્વારા આત્માનંદનો રસાનંદ ચાખ્યો છે. આત્મ દર્શન એટલે જ ઇશ્વર દર્શન। સંસારી જીવોના વિકાસ અર્થે, જિજ્ઞાસુ જીવોનાં માર્ગદર્શન અર્થે મુમુક્ષુ જીવોના મોક્ષમાર્ગપ્રતિ અભિગમન અર્થે, એમણે છાયાનુવાદ કરેલા સંક્ષિપ્ત ગ્રંથો—બન્ધમુક્તિ રહસ્ય, યોગસાર, પરમાત્મપ્રકાશ, સમ્યક્ સાધના, ઉત્થાન, આત્મપ્રબોધક ભાવનાઓ, સફળ જીવનની સાધના, પ્રાર્થના ચિંતામણી, વગેરે પ્રકાશન પામ્યા છે, તે હકીકત આ સંતની "સબ્બેજીવ કરૂં શાશન રસી"નાં અંતર અભિલાષાની ઘોતક છે!

આ પુસ્તક "સમ્યક્ સાધના" યથા નામ તથા ગુણા છે, પ્રમાદમાં પડેલા આત્મ શકિતથી અભાન (અજ્ઞાન) એવા જીવોને ભાન કરાવવા, ઉઠાડવા જાગૃત કરવા, ચૈતન્ય શકિતથી પરિચિત કરાવવા આનું પ્રકાશન થાય છે, મુમુક્ષુઓને ઉપયોગી સાધનો તેમાં સરળથી સરળ શૈલીમા લખાયેલા છે, જેની ગુરૂ આશ્રયે સાધના કરવાથી અવશ્ય જીવન વિકાસ સાધીન ધ્યેયની પ્રાપ્તી કરી શકાશે, એ વિષે કંઇજ શંકા નથી.

આ પુસ્તકમાં કોઇ ક્ષતી રહી ગયેલી હોય તો તે પરત્વે વિદ્વાન વાંચકો ધ્યાન દોરશે તો આભાર થશે, જેથી આગામી નવી આવૃતિમાં સુધારી શકાય.

**લી. કુમારી રંજનદેવી સૌ. શ્રોફ**

# નિર્દેશ

સમ્યક્ સાધના આ પુસ્તકનુ પ્રકાશન કરતાં અમોને ઘણો જ આનંદ થાય છે કે આ પુસ્તક મુમુક્ષુઓને વિકાસ સાધવામાં દરેક પ્રકારે સહાયક બને તેવું છે. સંગ્રહીત થયેલા વિચારો મનનીય અને હૃદય સ્પર્શી છે. કારણ કે, તે અનુભવમાંથી પ્રગટ થયેલા છે પ્રત્યેક વિષયમા જે ચિંતનીય રત્નો સકલિત કર્યાં છે તે ભવ દુ:ખથી ભયભીત જીવોને, ભવ દુઃખથી મુકત કરવાની પ્રેરણા આપે છે. જે જીવો સંસાર બંધનથી મુકત થવા ઇચ્છે છે. તેને આ સમ્યક્ એટલે સાચી સાધનાનુ પુસ્તક માર્ગદર્શક બની શકે તેમ છે. જો સાધક આ સમ્યક્ સાધનાના પુસ્તકને વાચે, વિચારે, મનન કરે, અને જીવનમાં ઉતારે તો, અનાદિના ભવ દુઃખોના કારણભૂત રાગદ્વેષ અને મોહનો ત્યાગ કરીને, આત્મ જ્યોતિને પ્રગટાવી શકે તેમ છે. વાંચકે પ્રત્યેક વિષય ધીરે ધીરે વાંચી, વિચારી, મનન કરીને ત્યાર બાદ તેને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો. જેથી મુમુક્ષુઓ જરૂરથી સ્વાનુભવ પ્રાપ્ત કરીને સંસાર દુ:ખનો પાર પામવાને સમર્થ બનશે. તેમાં સદેહને અવકાશ નથી. જરૂરત છે પ્રબલ પુરૂષાર્થની પુરૂષાર્થથી જ સિદ્ધિ (મુકિત) પ્રાપ્ત થાય છે. ફકત વાંચનથી નહિ પરતુ વાંચ્યા બાદ તદનુસાર આચરણ કરવું જરૂરી છે, અને તેનુ નામજ પુરૂષાર્થ છે અને પુરૂષાર્થી જ સિદ્ધિને વરે છે. માટે હે ભવ્યો! પ્રમાદ રહિત થઇને મોહ નિદ્રાનો ત્યાગ કરી, સમ્યક્ એટલે સાચી સાધનામાં રત બનો. તો જ તમે ભવ દુ:ખનો અત કરવામા સમર્થ બની શકો તેમ છો. સમ્યક્ સાધનાની કૃતિ એટલી બધી સરલ અને સચોટ ભાષામા લખાયેલ છે કે સામાન્ય જનતા પણ તેને સમજીને આચરણ કરી શકે બાલ જીવોને સુલભતાથી સમજી શકાય તેટલી સરલતાથી તેની રચના કરવામાં આવી છે તોપણ સાહિત્યકારોની ભાષા દૃષ્ટિએ જોતાં, કદાચ આ ગ્રન્થરત્નની ભાષામાં ઉણુપ જણાશે. પરતુ આ ગ્રન્થરત્ન આધ્યાત્મિક છે માટે એની ભાષા

શલી તરફ જોવા કરતાં, તેમા રહેલા અધ્યાત્મિક તત્ત્વોના ભાવો તરફ જોવાશે તો કલ્યાણપ્રદ બનશે. માટે વિજ્ઞજનો ક્ષતી તરફ ન જોતાં ગુણ તરફજ લક્ષ રાખી વિકાસની સાધના સાધે આ ગ્રન્થરત્ન ભવ્ય જીવોને માર્ગદર્શક બની તેના વિકાસના માર્ગમાં સહાયક બનો. અને સર્વ અધ્યાત્મિક પ્રેમી કલ્યાણેચ્છુઓને સ્વાનુભવના માર્ગમાં અગ્રેસર બનાવવામાં યોગ્ય સહાયક બનો એજ અભ્યર્થના સહ વીરમું છું. સર્વે સુખિન ભવન્તુ ·

લી **કુમારી રંજનદેવી સૌ. શ્રોફ**

# સાભાર ધન્યવાદ

આ પ્રકાશન પ્રગટ કરવામાં જે જે ધર્મપ્રેમી બહેનો તથા બંધુઓએ આર્થિક, શારિરીક, પ્રત્યક્ષ અને પરોક્ષ, સહકાર આપેલ છે. એ સર્વનો હાર્દિક ધન્યવાદ મહ આભાર માનવામા આવે છે. આ પુસ્તકનું જે મૂલ્ય રાખેલ છે. તે પણ જ્ઞાન ખાતે જ વપરાશે. મતલબ કે આવા અધ્યાત્મિક પુસ્તકો પ્રગટ કરવામાંજ તેનો સદુપયોગ થશે, એવી ભાવના હૈયે વસેલ છે માટે ગુણશીલ મહાનુભાવો આ પ્રકાશનને, આનંદભેર, અપનાવી સ્વવિકાસ સાધશે, એજ મંગલ કામના હૈયે રાખી વિરમું છું.

આ પ્રકાશન પ્રગટ કરવામાં ધર્માનુરાગી ભાઈશ્રી હરજીવનભાઇ વોરાએ નિઃસ્વાર્થ ભાવે જે સેવા બજાવી છે. તથા સેવાભાવી ભાઇશ્રી કાકુભાઇ ગણાત્રાએ નિઃસ્વાર્થ ભાવે બધી જવાબદારી લઇને, રાજકોટમા પોતાના ભત્રિજા પાસે પુસ્તક પ્રકાશિત કરાવવામા જે સહકાર આપી સેવા બજાવી છે. તે બદલ બન્ને સજ્જનોનો હાર્દિક ધન્યવાદ સહ આભાર માનવામાં આવે છે

લી. **કુમારી રંજનદેવી શ્રોફ**

# શુદ્ધિ પત્ર

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪ | શિર્ષક | સમાધ | સમાધિ |
| ૪ | ૭ | મિથ્યરત્વ | મિથ્યાત્વ |
| ૭ | ૧૦ | મત્ર | મંત્ર |
| ૮ | ૩ | મારવા | મરવા |
| ૨૨ | ૨૨ | કમ | કર્મ |
| ૨૬ | ૧ | કર્તવ્યન | કર્તત્વના |
| ૨૮ | ૬ | તેનેઅને | અને તેને |
| ૨૯ | ૧ | વદન | વેદન |
| ૨૯ | ૧૯ | સકટોથી | સંકટોથી |
| ૨૯ | ૨૦ | નિશ્વય | નિશ્ચય |
| ૩૧ | શિર્ષક | બાહ્ય વાકય બાહ્ય ઉપાધિને ત્યાગો | ઉપાધિને ત્યાગો |
| ૩૩ | ૧૧ | અહકાર | અહંકાર |
| ૩૫ | ૧ | સા | સૌ |
| ૩૬ | ૧૧ | કદા | કદી |
| ૩૭ | ૨૧ | સપત્તિ | સંપત્તિ |
| ૫૧ | ૧૨ | ૩ુદ્ગલના | પુદ્ગલના |
| ૫૧ | ૨૭ | દુ ખો, છે | દુઃખો છે, |
| ૫૪ | ૨૨ | કરા | કરી |
| ૫૫ | ૪ | ચતન્યરૂપી | ચૈતન્યરૂપી |
| ૫૮ | ૧૫ | વિશ્વલ | નિશ્ચલ |
| ૬૦ | ૧૭ | કરા | કરી |
| ૬૧ | ૯ | છે | છુ |
| ૬૨ | ૯ | વવતા | વવાતા |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૬૪ | ૧૩ | પૈતન્ય | ચૈતન્ય |
| ૬૭ | ૯ | રવો | કરવો |
| ૬૭ | ૧૫ | ચત્ન્ય | ચૈતન્ય |
| ૭૪ | ૧ | પારણામોને | પરિણામોને |
| ૭૪ | ૧૬ | વિજ | વિજય |
| ૭૫ | ૬ | રુવરૂપ | સ્વરૂપ |
| ૮૨ | ૧૬ | તેમાંથી | તેનાથી |
| ૮૩ | ૧૬ | ફુલ | પુલ |
| ૮૫ | ૧૦ | જજીર | જંજીર |
| ૮૮ | | સ્થિતા | સ્થિતી |
| ૮૮ | ૧૫ | શુખ | સુખ |
| ૯૧ | ૧૬ | યુદ્ગલ | પુદ્ગલ |
| ૧૦૧ | ૩ | અશ | અંશ |
| ૧૦૮ | ૨ | સનીપે | સમીપે |
| ૧૧૦ | ૧૩ | રાપશે | રાખશે |
| ૧૧૦ | ૨૨ | પ્રાતી | પ્રાતી |
| ૧૧૧ | ૧ | દાલત | દાલત |
| ૧૧૧ | ૨૧ | આત્થિક | આત્મિક |
| ૧૧૮ | ૧૭ | ભગવાનને | ભાવનાને |
| ૧૨૪ | | રમાત્મા | પરમાત્મા |

ઓમ્ સમ્યક્ જયપુર ઓમ્

## ૧ :- જ્ઞાન જ્યોતિ

સાચુ જ્ઞાન જેમજેમ વિકસતુ જાય તેમ તેમ તે અદર સમાતું જાય અમારી જ્ઞાન જ્યોતિ અમારા સત્ સ્વરૂપી આત્મામાં સમાઈ જાય છે. જ્યારે અજ્ઞાન બહારમાં ફેલાય છે. અજ્ઞાનથી વિકાર, રાગ, દ્વેશ, મોહ, આદિ થાય છે. અને તેની પુણ્ય પાપ રૂપ શાખાઓ બહારમાં ફળે છે અને તેના ફલ પણ બહાર ફેલાય છે. ૧

આત્માની સત્તામાં પરસત્તા કદિ સંભવે નહિ અને પરસત્તા આત્માને હેરાન કરે નહિ તારી જ્યોતિ જોઇને તું પ્રસન્ન થા. પરસત્તા તને રઝળાવે નહિ, તારી ઉંધાઈથી તુ રઝળે છે

એકલા કર્મોની જ હયાતિ છે કે તારી પણ હયાતી છે. તારી હયાતી હોય તો તારામાં માલ છેકે નહિ. તું પોતે અનાદિની ઉંધાઈની રમતથી ખસી જા એટલે કર્મો તો ખસેલાંજ પડયા છે. શરીરનું કારણ જે કર્મના રજકણો હતા તે ખસી જાય ત્યારે શરીર પણ ખસી જાય. ખસવા જેવુ બધું ખસી જાય છે એકજ ચિદાનદ જ્ઞાન જ્યોતિ સ્વરૂપ પોતાનો જે આત્મા છે તે સિવાય શરીર ઇન્દ્રિયો મન ક્રોધ વગેરે ખસવા જેવા છે તે બધા ખસી જાય છે. ૨

અનાદિના મૂળ સ્વભાવને જાણયા વિના જીવે અનાદિથી પુણ્ય પાપનાજ ભાવ કર્યા છે. અને તેના ફળમાં ચારે ગતિમા રખડયો છે. તેમાં તું સુખ શાન્તિ કદિ પામ્યો નથી. અનંતીવાર શુભ ભાવ કરી સ્વર્ગમાં ગયો, પણ ત્યા જ્ઞાન સ્વભાવ, જ્ઞાન જ્યોતિ વગર સુખ પામ્યો નાહ તીવ્ર પાપ કરીને અનંતીવાર નરકમાં ગયો, અને આવા મનુષ્ય

ભવ પણ અનંતીવાર પામ્યો, પરંતુ પુણ્ય પાપથી ભિન્ન એવી જ્ઞાન જ્યોતિ લક્ષમાં લીધી નહિ તેથી ભવનો અને દુઃખોનો અંત આવ્યો નહિ. ૩

શારીરીક જડ ક્રિયાને ધર્મ માની અજ્ઞાની ક્રિયાના રંગમાં મોહીત થઇ ભ્રમણામા પડયો છે કે હુ ધર્મ કરી રહ્યો છું સ્વરૂપના ભાન વિના ધર્મ થાય નહિ ૪

જ્ઞાન જ્યોતિ સાથે રમીશ તો તારા આત્માનુ અવિનાશી કલ્યાણ થઇ જશે. ૫

જ્ઞાન જ્યોતિ–આત્માના આનંદનો સ્વભાવ આત્મામાંજ ભર્યો પડયો છે તેને લક્ષમાં લ્યો તેને લક્ષમાં લઈ તેમાં એકાગ્ર થતાં કેવલ જ્ઞાન જ્યોતિ અને પરિપૂર્ણ આનંદમય સ્વભાવ જરૂર પ્રગટ થશે ૬

આ આત્મા ઇન્દ્રિયોથી ગ્રાહ્ય નથી સ્વાનુભવથી ગ્રાહ્ય છે. ૭

આત્મા દેહ, વાણી અને મન ઇન્દ્રિયોથી ભિન્ન છે. મનના વિકલ્પોથી પણ અચિંત્ય છે. કોઇનાથી પકડાય તેમ નથી. દેહ મન વાણીથી પેલે પાર આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એના પરમાર્થ સ્વરૂપને જાણ્યા વગર કદી જીવને ધર્મ થતો નથી. ૮

આત્મામાં પરિપૂર્ણ આનંદ ભર્યો પડયો છે, તેનો તમે વિશ્વાસ કરો. તેની તમે શ્રદ્ધા કરો તેને અપનાવો તેના સિવાય બીજો કોઈ માર્ગ નથી કે, જેમાંથી સુખ શાન્તિ અને આનંદ પ્રાપ્ત થાય. ૯

દેવ, ગુરૂ, ધર્મ તથા વીતરાગ વાણીનો નકાર કરતા એવું જોરદાર આવરણ આવી જાય છે કે, તેનું જોર વધતાં છેવટે એમજ મનાય કે આત્મા જેવી કોઇ વસ્તુજ નથી. ૧૦

દર્શન મોહ આત્માનો મહાન શત્રુ છે તે દાગ પોતે પોતાના પર જ કુહાડો મારે છે પણ જો શ્રદ્ધાનો ગુણ આત્મામા ઉભો કરે તો મોક્ષ થઇ જાય. પણ પોતે દુશ્મન સાથે ઊભો રહીને પોતાના આત્માનું ખૂન કરે છે. તેમા મોહનો શો દોષ ? ૧૧

સ્વ સ્વભાવની સ્થિરતામા રહો તો કર્મના ભૂકા ઉડી જશે તમારા પોતાના આત્માના સત્ પુરૂષાર્થ સિવાય કર્મનો નાશ કરવા કોઇ સમર્થ નથી. ૧૨

સિદ્ધ સ્વરૂપી આત્માનું ચિંતન કરતાં પોતેજ સિદ્ધ જેવો બની જાય. આ સાધ્યની સાધના માટે પોતાના સ્વરૂપની એકાગ્રતા સિવાય કોઇની જરૂરત નથી આ આત્મા પોતે પરમાત્મા જેવો થઇ જાય અને મુક્તિને પ્રાપ્ત કરે એવી સ્વ ચિંતનમાં શકિત રહેલી છે ૧૩

## ૨ :- સહજ સમાધિ

જ્યાં ધર્મ છે ત્યાબ ધનો અભાવ છે. ૧

જે સંસાર પરિભ્રમણથી છોડાવે અને આત્મીક સુખનો યોગ કરાવે તે ધર્મ છે. ૨

જેટલી નિરાકુલતા પ્રગટ થઈ, તેનુ નામ સુખ. ચૈતન્ય સ્વભાવમાં સ્થિર થવું તેનું નામ સમાધિ. સ્વભાવની સ્થિરતાનેજ આત્મ સમાધિ સહજ સમાધિ પણ કહેવાય છે. આત્મ સમાધિ એટલે બાહ્ય કારણો વગરની સમાધિ આ સમાધિના જોરે મિથ્યત્ત્વ અવ્રત પ્રમાદ કષાય યોગનો નાશ થાય છે. ૩

સમ્યગ્ દ્રષ્ટિને કવચિત્ અલ્પ હર્ષ શોક થઇ આવે પણ તે પાછો તુરત સ્વમાં સમાઇ જાય. તેના હર્ષશોક વધારે વખત રહે નહિ. ખેદ થાય તો આત્મ વિચારથી પાછો કરે. હર્ષ શોક થાય તો પણ સમકિત રૂપ મૂળ ચલાયમાન ન થાય. સમ્યક્ દ્રષ્ટિને અંશે અંશે પોતાની પ્રતીતિ પ્રમાણે સહજ સમાધિ વરતે છે. ૪

સમ્યગ્ દ્રષ્ટિના હાથમાં તેની વૃત્તિરૂપ દોરી રહે છે. સમ્યગ્ દ્રષ્ટિ આત્માને સહજ સમાધિ છે તેને રાજ-સમાધિ પણ કહે છે. સત્તામા કર્મ છે તો પણ તેને સહજ સમાધિ છે. બહારના કારણોથી તેને સમાધિ નથી. પરંતુ આત્મામાંથી દર્શન મોહનો નાશ થયો તે કારણે સમાધિ વર્તે છે. અનંતાનું બંધીનો ચોક નાશ પામ્યો તેથી સમાધિવર્તે છે અને આજ ધર્મ છે. ૫

સમાધિની સાધના માટે ધન કે સ્વજન આદિ બહારની કોઇ વસ્તુ ઉપયોગી થતી નથી, પરંતુ વૃત્તિરૂપી દોરીનું નિયમન કરવાનું રહે છે. મિથ્યાત્વી જીવો પોતાની વૃત્તિરૂપી દોરીનું નિયમન ન કરવાથી બહારના

કારણોમાં તદાકાર થઇ હર્ષવિષાદને વશ થઇ, કર્મ બંધન કરી પરિભ્રમણ કરે છે. ૬

મિથ્યાત્વની ગાંઠ બહુ મોટી છે. જેની તે ગાંઠ છેદાય ભેદાય તેને સહજ સમાધિ પ્રાપ્ત થાય. મિથ્યાત્વની મૂળ ગાંઠ છેદાતા સમ્યક્ત્વ પ્રગટે અને સાથે અનેક ગુણો પ્રગટે છે. ગુણની નિર્મલ દશા પ્રગટે તે જ ધર્મ. સ્વભાવનું વેદન તે ધર્મ. ૭

સમકિત આવતા સહેજે અનાદિ કાળના આસકિતનાં પરિણામ ઘટી જાય છે. સત્ વચન આજ્ઞાનું સાર પુરૂષાર્થથી તે પ્રગટ થાય માટે બીજી બધા ચિંતા જાળને છોડી સત્મા શ્રદ્ધા કરી. આત્મ પરિણામને તદ્ અનુસાર પરિણમાવ તો સમ્યક્ પ્રાપ્ત થશે ૮

રોગાદિ શરીરનો ધર્મ છે. તે અજ્ઞાનીને પણ થાય અને જ્ઞાનીને પણ થાય. વેદનીય કર્મ જેને ઉદયમા આવે તેને તેનુ ફળ તો ભોગવવાનું જ રહે. ત્યારે જ્ઞાની સહજ સમાધિમાં સ્થિર રહે અજ્ઞાની રોગમાં તદાકાર થાય છે.

## ૩ :- ધર્મ ક્યાં છે.

અનુભવીયો કહે છે આત્માનો ધર્મ જાણવા દેખવાનો છે કરવા મૂકવાનો ભાવ તે સંસાર સંસારિક ભાવ છે. ૧

જે વિભાવમાંથી સ્વભાવમા લઇ જાય તે ધર્મ, આત્મા દીપક સમાન છે. અને જાણવું દેખવું તે પ્રકાશ સમાન છે. જેમ દીવો અને પ્રકાશ એકમેકરૂપ અખંડ છે તેમ જાણવા દેખવા રૂપ આત્માનો સ્વભાવ અને આત્મા અભેદ અખંડ છે. અભેદમાં ઠરી જવું તે આત્માનો ધર્મ, ૨

અપૂર્ણ અવસ્થામાં આધિ વ્યાધિ અને ઉપાધિના જે જે પરિણામ થાય છે, તે તારો સ્વભાવ કે ધર્મ નથી. ૩

પોતાના આત્માને રાગદ્વેષ આદિ વિકારી ભાવોમાં જતા અટકાવવો તે સ્વદયા છે આ સ્વદયામાં પરજીવોની દયા પણ આવી જાય છે. પરદયામાં સ્વદયાની ભજના પણ સ્વદયામાં પરદયા અવશ્ય હોય જ. ૪

સંકલ્પ વિકલ્પને પુરૂપાર્થના જોરે રોકવા તેવો આત્માનો ભાવ તેને અમે સ્વદયા કહીએ છીએ. ૫

ધર્મ એટલે જ્ઞાનનો આરાધક ભાવ. અધર્મ એટલે જ્ઞાનનો વિરાધક-ભાવ. અનાદિનો વિરાધક ભાવ ઉભો છે, તે અધર્મ છે ધર્મ નથી. ૬

આરાધક ભાવ એટલે જ્ઞાનનું પોતા તરફ એકાગ્રપણું, અનંત કાળથી જ્ઞાનનું પર તરફ જ વલણ થયું છે. અને તેમાં અજ્ઞાનીને સુખ શાન્તિ દેખાય છે, પણ તે ધર્મ નથી. ૭

જેને પરની સ્પૃહા નથી, અને સ્વભાવના અભેદ તરફ ગતિ છે. આવા પુરૂપાર્થીને અમે ધર્મી કહીએ છીએ. ૮

ભયરૂપ મોહના ઉદયમાં જોડાવાથી પરિણામ ચંચળ થાય છે. પણ તેમાં ન જોડાતા ચંચળતા મારો સ્વભાવ નથી. પણ ચંચળતાને જાણ-વાનો મારો સ્વભાવ છે એમ સમજો. ૯

આત્મા તો શુદ્ધ ચૈતન્ય સ્વભાવી અવિનાશી હોવાથી આત્મા નિર્ભય જ છે સાત, ભય રહિત નિર્ભયપણુ તેને ધર્મ કહેવાય ૧૦

જે જીવોને સંસારવર્ધક ભાવ હોતો નથી. એવા સંવરના પરિણામને ધર્મ કહેવાય છે. ૧૧

કર્મના ઉદયમા તન્મય ન થનાર ધીર, વીર પુરૂષને નિર્ભયતા વર્તે છે. ૧૨

યાદ રાખવાનુ છે કે, કોઇ મંત્ર પ્રયોગ કરે અગર મૂઠ મારે અગર બીજો કોઇ પ્રયોગ દુશ્મનાવટના ભાવથી કરે, છતા આગલાના (સામાના) પુણ્ય તેજ હોય તો કંઈ અસર ન થાય. અને જો પાપના ઉદય હોય તો મંત્ર કે મૂઠ આદિ નિમિત્તભૂત બને, પુણ્યશાળીને ઇંદ્ર પણ કંઈ ન કરી શકે તો બીજાની તો શુ વાત? અને જો પાપનો ઉદય હોય તો રસ્તામા રખડતુ નાનું ગલુડિયુ આડુ આવે અને પોતે પડી જાય અને પગ ભાગી જાય. પણ તેમાં ગલુડિયાનો શો દોષ? ખરુ કારણ તો પોતાના પાપનો ઉદય છે. પરંતુ જગતના જીવોને પુણ્ય પાપમાં શ્રદ્ધા નથી. એટલે મંત્રતંત્ર દોરા ધાગા આદિ જે અજ્ઞાનથી મનમા આવે તેવા ઉપાયો કરે છે. વીતરાગદેવ કહે છે આ બધુ બંધનનુ કારણ છે. આ બંધનના આવરણો વધતાં છેવટે એમ જ કહેશે કે આત્મા જ નથી. બંધનના કારણોને સેવતા સેવતા છુટવાનો માર્ગ કેમ મળે? ન જ મળે ૧૩

## ૪ :- ભુલને ભાંગો

પ્રકૃતિના કાર્યો તેનું ફળ તે મારૂં નહિ, આમ સ્વીકારો તો બધા કર્મો મડદા જેવા થઈ જાય ઉદયમા આવેલ કર્મો જીવવા માટે નથી આવતા, મારવા માટે આવે છે. ૧

મોહનીય કર્મનાં રસમા ફસાઇને અનેક જીવાત્માઓ પુણ્યની મીઠાશ છોડી શકતા નથી, પરંતુ જો જીવ તે ભૂલને સમજીને ટાળે, તો આત્મ શ્રદ્ધાનો માર્ગ ખુલે, વિકસે. ૨

લક્ષ્મી તો આત્મામાં જ છે જડ લક્ષ્મીનો સ્વામિ જડ હોય. અજીવ લક્ષ્મીનો સ્વામિ આત્મા કોઇ દિવસ બની શકે નહિ. આત્મા તો ચૈતન્ય સ્વરૂપ છે, સમ્યક્ જ્ઞાનાદિ તેની લક્ષ્મી છે. બીજી જડ લક્ષ્મીનો સ્વામી આત્મા નથી. વિકારી ભાવો થાય તે પણ ખરેખર આત્માની લક્ષ્મી નથી. આત્મજ્ઞાન તેજ જીવની લક્ષ્મી છે. કેવલજ્ઞાન તે આત્માની સંપૂર્ણ લક્ષ્મી છે. ૩

હુ જાણનાર છુ. જ્ઞાતા, દ્રષ્ટા, જ્ઞાયક છું. કોઈ પ્રત્યે રાગ દ્વેષનો ધરનાર હું નથી. એમ સમજે તો પોતાને અશાંતિ અને અસમતા ન થાય. ૪

વસ્તુની અવસ્થાનો પરિણામનો સ્વભાવ જુઓ તો રાગ છુટે. જેમકે સુંદર સ્વરૂપે દેખાતી હાફુસની કેરી પ્રથમ વિષ્ટાના ખાતરમાંથી ઉત્પન્ન થઈ વર્તમાન ક્ષણિક અવસ્થામા સુંદર દેખાણી તેને બે ચાર દિવસ એમને એમ રહેવાદ્યો તો તે સડી જશે, અને વિષ્ટામાં નાંખી દેવી પડશે, ફરી વિષ્ટા રૂપે પરિણમશે. ૫

તત્ત્વજ્ઞાની માત્ર નિજ ઉપયોગમાં રમે છે. કદાચ ઉપયોગની સ્થિરતા ન થવાથી ઉપયોગ બહાર આવે તો ત્યાંથી તર્તું જ પાછો ફરીને સ્વા-

નુભાવમાં રહેવાની ચેષ્ટા કરે છે. અમૃતનો સાગર નિજ આત્મામાં છે. એ અમૃતના પાન છોડીને કયો બુદ્ધિમાન કષાય રૂપ ઉપયોગના ખારા પાણી પીએ. ૬

શુભાશુભ ક્રિયામાંથી રાગદ્વેષ થાય છે. માટે તેનાથી બંધ થાય છે. બંધ તે મોક્ષ માર્ગ નથી, એવો નિશ્ચય કર. ૭

## ૫ :– દુઃખનું કારણ અજ્ઞાન

પોતાના આત્મ સ્વરૂપ પ્રત્યે ઉંઘો પડેલો આત્મા જેટલું પોતાનું અહિત કરે છે, તેટલું મસ્તકનો કાપનારો પણ નથી કરતો. ૧

જ્યાં સુધી આત્મ સ્વરૂપનું સમ્યક્જ્ઞાન ન થાય ત્યાં સુધી સુખની અનુભૂતિ, આનંદની પ્રતીતિ અને સંવેદન થાય નહિ. ૨

અજ્ઞાન એ ગાઢ નિદ્રા–ભાવનિદ્રા, મોહનિદ્રા છે. તે જ સંસારના દુઃખોનું મૂળ છે. માટે જ્ઞાન પ્રાપ્ત કરવા સદા પ્રયત્નવંત રહેવું. ૩

આત્મજ્ઞાન થાય ત્યારે જ પ્રાણી સ્વસુખની સન્મુખ થાય છે. પર વસ્તુમા સુખનો અંશપણ નથી. છતા અજ્ઞાનથી જીવો પર વસ્તુમાં જ સુખ માની તેની પ્રાપ્તી માટે રાત દિવસ દોડી રહ્યા છે. ૪

પોતાના આત્મસ્વરૂપની શ્રદ્ધા કરવાથી અને તેમાં જેટલો એકાગ્ર અને તલ્લીન થાય તેટલું સાચુ સુખ પ્રાપ્ત થાય માટે હે ભવ્યાત્માઓ સાચું સમજીને ડાહ્યા થઈને પોતાના આત્મસ્વરૂપની સંભાળ કરો. ૫

ભગવાને જે નવતત્ત્વાદિ કહ્યા છે તેને તું ભણ્યો અનેક ગાથાઓ બોલ્યો કંઠે કરી પણ ભગવાને જડથી ભિન્ન આત્મા કહ્યો છે, તેની ઓળખાણ ન કરી તો દેવ ગુરૂ શાસ્ત્રો તને કંઈ તારી શકે તેમ નથી. ભણતર એટલે ભણ અને તર. તું તો ભણ્યો પણ તર્યો નહિ. ૬

આણે મારૂ ભલુ કર્યું. આણે મને દુઃખ આપ્યું. આ ઉંધી માન્યતા છે. જ્ઞાન સ્વભાવ એકલો જાણનારો છે. તેમાં કરવા મુકવાની વૃત્તિ છે જ નહિ. ૭

શાસ્ત્રો ભણીને નિર્વિકલ્પ આત્માને ન જાણ્યો, આત્મ સ્વરૂપની શ્રદ્ધા ન કરી, તો શાસ્ત્રના ભણતરથી મોક્ષ થાય નહિ. શાસ્ત્રો ભણ્યાનો સાર આત્માનો અનુભવ કરવામા જ છે. ૮

હે આત્મા! તુ પરથી જુદો છો, તું તને જાણ. તુ સ્વતંત્ર અને પરિપૂર્ણ છો તેને જાણ. પુણ્ય પાપની વૃત્તિથી ભિન્ન છો એવા તારા સ્વરૂપને જાણ ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મથી પણ તું રહિત છો, અજ્ઞાનથી, મિથ્યાત્વથી અસંયમથી પણ તુ ભિન્ન છો એવાં પોતાને તું જાણ. હે આત્મન્! તુ અખંડ, જ્ઞાનમય, ઉપશમ રસનો કંદ, જ્ઞાનનો ભંડાર છો. સર્વ શાસ્ત્ર જ્ઞાનનો સાર તે એક આત્માનો અનુભવ કરવો તેજ છે. તારે પરનો આધાર નથી માટે પરનો આધાર છોડ. તારા આત્મ-તત્ત્વમાં સ્થિર થા. પર સામું જો મા. તારા સામુ જો. આવી દ્રષ્ટિ વિના સુખ શાન્તિ મળે નહિ. જ્યા અજ્ઞાન છે. ત્યાં અનંતા સંસારના દુઃખો રહેલા જ છે. ૯

અનંતાનું બંધી ચોક અને દર્શન ત્રિક રૂપી શત્રુ જ્યા સુધી હયાત છે, ત્યાં સુધી સુખ શાન્તિ મળે નહિ. ૧૦

સમ્યગ્ દ્રષ્ટિ વિના સુખની પ્રાપ્તિ થાય નહિ. ૧૧

જ્યાં સુખ છે ત્યાં શોધવાને બદલે બીજે શોધે તો ત્રણ કાલમા સુખ મળે નહિ. રેતીને પીલે તો તેલ નીકળે નહિ. પાણીનું મથન કરે તો માખણ નીકળે નહિ. તેમ સંસારમા સુખ નથી, સુખાભાવ જ છે. સાચું સુખ તો આત્મામાં છે. ૧૨

## ૬ :– સમકિતના લક્ષણો

તીવ્ર, ક્રોધ, માન, માયા, લોભના પરિણામો તે ભાવ હિંસાના પરિણામ છે. તે પાપ ભાવ છે. દયા ભાવ હોય તો નિર્જરા થાય. ૧

અવ્રતના પરિણામથી પાપ, વ્રતના પરિણામથી પુણ્ય બંધાય છે. જો સમકિત થયું હોય તો તેને નિર્જરાનો હેતુ કહ્યો છે. ૨

તિર્થંકર પદ, ચક્રવર્તી પદ, સમકિતી જીવ જ બાંધે પણ સમકિતથી તે ન બંધાય. સમ્યગ્ દર્શનના ભાવથી તે બંધાતું નથી. પણ શુભ ભાવના ઉત્કૃષ્ટ જોરથી તે બધાય છે. પણ સમકિતનુ ફળ તો મોક્ષ જ છે. ૩

દેવ, ગુરૂ, ધર્મની ભકિતનુ ફળ પુણ્ય છે. પણ તે સમકિતનું ફળ નથી. સમક્તિથી તો સંસાર ઘટી જાય, ભવ ઘટી જાય. એક સેકંડ પણ સમકિત થાય તો અનંતા ભવનો નાશ થાય. ૪

તિર્થંકર ભગવાન ગૃહસ્થાશ્રમમા હોય, ત્યારે લડાઈ પણ કરે. અજ્ઞાની કહે આવા તે તિર્થંકર હોય, પણ હજુ તેઓ ગૃહસ્થાશ્રમમાં છે. એમને અલ્પ મમત્વ છે. પણ આ મારૂં સ્વરુપ નથી, તેનુ તેઓને ભાન હોય છે. પણ અલ્પ અસ્થિરતા છે. તેથી લડાઇમાં જોડાય છે. એટલી અસ્થિરતા નાશ થઈ જાય તો, લડાઈને માર્ગે ન હોય. વીતરાગ માર્ગે જ હોય. તે અલ્પ અસ્થિરતા પણ પોતાના પુરૂષાર્થની મંદતાને કારણે થાય છે કોઇએ કરાવી નથી. તિર્થંકરોને તે જ ભવે કેવલ જ્ઞાન લેવુ છે. બીજો ભવ કરવો નથી. તે ભાવ કંઈ જાતના અલ્પ આસકિત વાળા હશે. આ ભાવોના માપ બહારથી માપી ન શકાય. ૫

અનંતભવના અભાવનું કારણ સમકિત છે. સમકિત એટલે આત્માનો સ્વાનુભવ. આ પુરૂષાર્થ પોતે જ કરવાનો છે.

અનંત ભવના સદ્‌ભાવનું કારણ મિથ્યાત્વ અને અનંત ભવના અભાવનું કારણ સમકિત. ૬

અસંગ, અવિચાર, અને સ્વચ્છંદતા આ ત્રણ સમકિત પ્રાપ્તિ થવામાં રોકાવટ કરવા વાળા છે.

## ૭ :- આત્માર્થે જ સર્વ કરવાનું છે

જેના દિલમાં અસત્ છે તે સત્‌ને પણ અસત્ જ સમજે છે. કારણ સત્‌ની વાત તેના દિલમાં બેસે નહિ. એટલે સત્‌નો ઉપદેશ સાંભળતા તેના દિલમાં અરૂચી ઉત્પન્ન થાય. તેને સ્વ આત્માની વાત રૂચે નહિ. તે અરૂચીનુ કારણ તેના દિલમાં અનંતાનુબંધીનો ક્રોધ છે. તેના મનમાં થાય કે આટલું આટલું કરતા સંસારના સુખ ન મળે આવા ભાવને અનંતાનુબંધીનો ક્રોધ જાણવો. ૧

હે ભવ્ય જીવો? શાન્ત થઈને વિચારો આત્મા તો જડ પદાર્થોથી સર્વથા નિરાળો છે. આત્મા અનંત જ્ઞાન, અને સુખનો સમુદ્ર છે. તે સુખ પ્રાપ્તીનો માર્ગ વીતરાગતા છે. માટે આ આત્મ ભાવનો રસિક બન. જડનો રાગ છોડ. આત્માની વાત હોંશે હોંશે સાંભળ. તેજ સાંભળવા લાયક છે. મનન કરવા લાયક છે. અને આત્માજ એક ઉપાદેય છે તેનાથી ભિન્ન બધુ છોડવા યોગ્ય છે. આવો નિશ્ચય કર તો સુખ પ્રાપ્ત થતા વાર નહિ લાગે. ૨

ચૈતન્ય સ્વભાવની ઓળખાણ માટે પુરૂષાર્થ કરવાનો છે. જો તેવો પુરૂષાર્થ થાય તો સંસારનો નાશ થતા વાર લાગે નહિ. જે આ વસ્તુને સમજશે તેનું અવિનાશી કલ્યાણ થતા વાર નહિ લાગે. ૩

એક વાતનો નિશ્ચય કરી લેજો કે ધર્મનુ ફળ મોક્ષ છે, સંસાર નથી. ધર્મના બહાના હેઠળ સસાર સુખની આશા રાખશો નહિ. અને સંસાર સુખની આશા રાખશો તો પાપ બંધાશે. ધર્મથી આત્માનું અનંત સુખ મળે. સસારના સુખની આશા ધર્મ કરણી કરીને રાખશો નહિ ૪

પોતાના સ્વભાવ સુખમાં સંતોષ ન આવ્યો, અને પરમાંથી સુખ લેવાની વૃત્તિ જન્મી તેજ મોટામાં મોટું વિઘ્ન છે. આ વિઘ્નને દૂર કરવા સતને સમજી પોતાનું સુધારી લે. આવો અવસર વારમ્વાર મળવાનો નથી. ૫

પૂર્વના પુણ્યને કારણે ગમે તેટલા સારા સયોગો હોવા છતાં સાચી સમજણના અભાવે કંઇને કંઇક અભાવ લાગે અને અસતોષ મનમાં રહે જ અને જો વિવેક પ્રગટ થયો હોય તો, ગમે તેવા સંયોગ હોય તો પણ તેના પરથી દ્રષ્ટિ ઉડી જાય. પોતાના નિત્ય સ્વભાવના લક્ષે જ્ઞાનીઓને સદા સમાધાન શાન્તિ વર્તે છે ૬

વિવેક અવિવેકનો ભેદ સમજી વિવેકી બન તો તને શાન્તિ પ્રાપ્ત થશે. ૭

લોભનો નાશ કરવાને ઉપાય શુ ? હું આત્મા પરિપૂર્ણ તૃપ્ત સંતોપી છું એવી શ્રધ્ધા પૂર્વકની ચિંતવના તે લોભ નાશનો ઉપાય છે ૮

પૂર્વે ધર્મ કરણી કરી નથી. તેથી વર્તમાનમાં દરિદ્રતા પ્રાપ્ત થઇ છે. હવે ધર્મ કરણી કરશુ તો અમારી દરિદ્રતા દુર થશે આ લોભ ટાળવાનો ઉપાય નથી પણ તેથી તો લોભ વધે પાપના પોટલા બધાય છે ૯

જ્યારે જીવને ભય ઉપજે ત્યારે અજ્ઞાની જીવ પ્રતિકુળ સયોગને દૂર કરૂં તો ભય નષ્ટ થશે. એમ માને છે. અને લાંચરુશ્વત આપીને ભય દૂર કરવાનો ઉપાય કરે છે. પણ તે માન્યતા ભુલ ભરેલી છે પોતાના નિર્બન અને નિર્ભય આત્માનું શરણુ લેવું તેજ સાચી નિર્ભયતા છે અને તેજ ભયના નાશનો અચૂક ઉપાય છે. આખો સંસાર ભયથી ભરેલો છે. એક આત્મા જ ભય વિનાનો છે. માટે નિર્ભય આત્મ શરણુ અભય પદ છે ૧૦

હુ ચિદાનદ સત્ સ્વરૂપ છું. અવીનાશી છું. મારો કદી નાશ નથી મારૂ આત્મ પદ બધી વિપદાઓથી રહિત છે, તેથી હુ સ્વતંત્ર

નિર્ભયતાનું સ્થાન છુ. આવો વિવેકશીલ દ્રષ્ટિવંત જ નિર્ભયતાને વરે છે ૧૧

વાસનાને નાશ કરવાનો ઉપાય.

હું અશરીરી આત્મા છું. શરીર સાથેનો સંબંધ અને શરીર લક્ષે ઉત્પન્ન થતી વૃત્તિ ને મારૂં સ્વરૂપ નથી. આ રીતે પોતાના અશરીરી સ્વભાવનું ચિંતન તેજ કામ વાસનાનો નાશ કરવાનો ઉપાય છે. પોતાના ચૈતન્ય સ્વભાવના ચિંતવન જોરે વિષયોનું લક્ષ છુટે. અને કામ નાશ થાય છે. ૧૨

# ૮ :- જૈન દર્શન

દેવ ગુરૂમાં જે ગુણો છે, તે મારામાં પણ છે. તે પ્રગટ કરવા માટે દેવ ગુરૂની પુજા ભકિત કરૂં છુ, સ્તુતિ સેવા કરૂં છુ. આત્મ ભાવ સિવાય પુજા ભકિત આદી કરે તો તે મિથ્યા દર્શન શલ્ય છે. આખી જીંદગી ધર્મ કરણી કરી હોય અને કહે કે આખી જીંદગી ધર્મ કર્યો પણ અગવડતા દૂર થઇ નહિ, નો તે મિથ્યા દર્શન છે. સંસારની સગવડતા તો પુણ્યથી મળે. ધર્મથી આત્મીક સુખ મળે. ૧

જૈન દર્શનનુ મૂળ ભેદ વિજ્ઞાન, એટલે જડ ચેતનનો વિવેક. આત્માને આત્મસ્વરૂપે જડથી ભિન્ન જાણવો તે વિવેક છે, અને જૈન દર્શન તેને ધર્મ કહે છે પરદ્રવ્ય જે જડ છે તેને સ્વ રૂપે જાણવુ તે અધર્મ છે. આત્મ ધર્મથી શિવસુખ મળે, અધર્મનું ફળ સંસાર પરિભ્રમણ છે. ૨

શુભકર્મ સત્કર્મનુ ફળ પુણ્ય છે. તેનાથી સંસારના સુખ મળે, પાપ અથવા અશુભ કર્મ તેનુ ફળ સંસારના દુ:ખોરૂપે આવે તે પાપ છે ૩

જૈનદર્શન ધર્મ, અધર્મ, પુણ્ય, અને પાપ જુદા જુદા માને છે. અજ્ઞાની જનો પુણ્ય સત્કર્મોને જ ધર્મ માને છે, પણ પુણ્ય તે ધર્મ નથી. ને શુભ કર્મ છે, અને તેનાથી બંધ થાય છે. ત્યારે ધર્મથી બંધન છુટે છે આમ બન્નેમાં ઘણું જ અંતર છે પણ અજ્ઞાની તે સમજી શકતો નથી તેવી જ રીતે અધર્મ અને પાપ માટે સમજી લેવું ૪

કોઈ એક જીવાત્મા દિગંબર અવસ્થા સ્વીકારી સાધુ થયો હોય. માસખમણને પારણે માસખમણ (એટલે એક મહિનાના ઉપવાસ) કરતો હોય. શરીર જીર્ણ થઈ ગયુ હોય પણ તે બધાની પાછળ મનની અંદર

આત્મ સુખની ભાવનાને બદલે સંસારસુખની ભાવના (વાસના) હોય. સ્વર્ગસુખની કામના હોય તો તેને અનંતા ગર્ભાવાસ કરવા પડે છે. ૫

જ્યાં સુધી શ્રદ્ધામાં વીતરાગ ભાવ ન પ્રગટે અને રાગના અંશને પણ સારો માને ત્યાં સુધી જીવને જૈન ધર્મનો અંશ પણ પ્રગટે નહિ-વીતરાગ ભાવે તેજ જૈન ધર્મ છે, રાગભાવ તે જૈન ધર્મ નથી. ૬

# ૯ : જ્ઞાનને શ્રદ્ધા યુક્ત ત્યાગ

આત્મની સમગ્ર શકિતઓને વિકસાવનારૂં જો કોઈ પણ ઔષધ હોય તો તે સમ્યક્ ત્યાગ જ છે. સમ્યક્ ત્યાગ એ માનવ જીવનો મુક્તિ મંત્ર છે. શ્રદ્ધા અને જ્ઞાન વિના આ મંત્રની સિદ્ધિ અશક્ય છે. ૧

ભૂલેલો જીવડો અતૃપ્ત ઇચ્છાઓની તૃપ્તિ માટે ચારે તરફ ભટકી રહ્યો છે. પણ ઇચ્છાઓ તૃપ્ત થતી નથી, થઈ નથી, અને થવાની પણ નથી. વૃધ્ધાવસ્થામાં અતૃપ્ત ઇચ્છાવાળો મરણને શરણ થાય છે. ૨

ત્યાગના ચરણમાં વિશ્વની સંપત્તિ માટી બરાબર છે. ઇંદ્રાસન પર બેઠેલા ઇન્દ્રની સમૃદ્ધિ ત્યાગનાં ચરણોમાં સડેલી વસ્તુ બરાબર છે પરંતુ તે ત્યાગ જ્ઞાન અને શ્રદ્ધા સહિતનો હોવો જોઇએ. તેની પાછળ જ્ઞાન અને શ્રદ્ધાનો દીપ પ્રગટવો જોઇએ. ત્યાગ રાગ માત્રનો અને આત્મિક સુખ માટેનો હોવો જોઈએ ૩

સંસારના સુખ પ્રત્યેનો રાગ, મોહ, મમત્ત્વ જ્યાં સુધી પ્રાણમાં વસ્યો હશે, ત્યાં સુધી શાશ્વત આત્મીક સુખ ઘણું જ દૂર છે એમ જાણ. ૪

સત્નો પ્રેમ કર્યા સિવાય સત્ સુખ મળશે એવું જો તું માનતો હોય તો તે એક ભ્રમણા જ છે ૫

તમારા જીવનનું કલ્યાણ હિત પરમાં ન શોધતા સ્વમાં આત્મામાં શોધો ૬

સર્વજ્ઞ ભગવાને જેવો આત્માનો સ્વભાવ કહ્યો છે, એને જ તું શરણભૂત રક્ષણકર્તા જાણી લે અને તેની જ આરાધના કર, અનાદિની વિરાધનાને ટાળ. એના વિના જગતમા બીજું તને કોઈ શરણભૂત થવાતુ નથી, આત્માના ભાન વિના એકાંત અનાથપણું છે. ૭

આત્મા આ દેહથી, મનથી, વચનથી, જુદો છે, તે જ્ઞાન સ્વરૂપ છે આત્મા અનાદિનો છે, અને તેનું જે સ્વરૂપ છે તે તેવુ જ રહેવાનુ છે અનાદિથી રાગદ્વેપ મોહને લઇને પોતાના અજ્ઞાન પ્રમાદ વિકાર અને આસક્તિને લઇને, આ મારૂં આ તારૂ, આ કર્યું આ નથી કર્યું, એવી ભ્રમણા ભૂલ અને ભ્રાન્તિને લઇને સંસાર પરિભ્રમણરૂપ જન્મ મરણ વધારી રહ્યો છે, ગતિ આગતિ કરી રહ્યો છે ૮

ગતિ આગતિથી છુટવાનો, જન્મ, મરણથી છુટવાનો અને મુક્ત થવાનો એક માત્ર ઉપાય વીતરાગ સંયમ છે. તે વીતરાગ સંયમ ચૈતન્યમૂર્તિ આત્માનો આશ્રય લેવાથી પ્રગટે છે. ૯

દોહરો :– આપ આપમે રમી રહ્યો, બદલો તુ આપો આપ ।
જિસકો તૂં ઢુંઢતફીરે, સો તુ આપોઆપ ॥૧॥
દીપડી મેદાન મેં, સર્વ ખેલન કુ જાય ।
ઉચ નીચકા કામ નહિ, જો ઉઠે સો લે જાય ॥૨॥ ૧૦

卐

# ૧૦ : શરીર અને ચૈતન્યનું ભિન્નપણું

પોતાના અભેદ અખંડ જ્ઞાન સ્વભાવની પ્રતીતિને, શ્રદ્ધાને વિતરાગદેવ સમ્યગ્ દર્શન કહે છે. ૧

શરીરનો અમુક ભાગ કપાય કે નાશ થાય તેથી જ્ઞાન સ્વભાવી આત્માનો કોઈ ભાગ નષ્ટ થતો નથી કેમકે તે ચેતનતાનો અખડ અરુપી છે. શરીરનો સંયોગ જડ રૂપી પદાર્થ છે. તેના એક એક પરમાણું ભિન્ન છે જડ ચેતન બન્નેના લક્ષણ તદ્દન ભિન્ન છે શરીરના લાખ કે કરોડ ટુકડા થાય તો પણ ચેતના તો અખડ જ છે. માટે શરીર તારૂ નથી, અખંડ ચેતન તારી વસ્તુ છે. ૨

શરીર અને ચેતન કદી એક થવાના નથી શરીરમા રોગ થતા જ્ઞાનીઓને દુ ખ થતું નથી, પરતુ મોહી જીવોને દુ.ખ થાય છે. કારણ કે શરીરમાં રોગ થયો તે દુ ખનુ કારણ નથી પરતુ શરીર સાથે જે એકત્વ બુદ્ધિ તે જ દુ ખનું કારણ છે ૩.

કદાચ સાધક દશામા સમ્યગ્ દર્શી આત્માને શરીરના રોગને કારણે અલ્પ દુ ખ થાય તો તે રાગને કારણે પોતાના પુરૂપાર્થની ખામીને કારણે દુ ખ થાય છે. અજ્ઞાનીને જે દુ ખ થાય છે તે શરીરની એકત્વ બુદ્ધિના કારણે દુ:ખ થાય છે. પરતુ શરીરમા રોગ થયો તેના કારણે કોઈને દુ ખ થતુ નથી ૪

હે ભવ્ય જીવો ! શરીર અને આત્મા બન્ને જુદા જુદા જ છે આ માટે તુ અતરમુખ થઈને સ્થિર શાન્ત મન વડે પાંચ મિનીટ પણ તારા સ્વનુ ચિતવન કર તેમા સ્થિર થા કહો કે મારો આત્મ જડથી, શરીરથી, મનથી, વચનથી સદા પર છે પર છે આવા ચિંતનથી શરીરના બધા રોગો ખતમ થઈ જશે નાશ થઇ જશે. ૫

---

શરીરના અનંત પરમાણુઓ પોતપોતાના ભાવે જેમ પરિણમવું હોય, તેમ પરિણમે. તેમાં તારે શું તારો તો જાણવા દેખવાનો સ્વભાવ છે ને તેના સ્વભાવે તુ તારે સ્વભાવે. ૬

આત્મા જ્ઞાન સ્વરૂપ છે. શરીર બળી જતા ચેતના બળી જતી નથી. ચેતન તો મોક્ષમાં જવા વાળું છે અને શરીરતો બળી જવા વાળું છે. છતાં હે ભવ્યો તમો શું કરો છો ? શરીરનીજ આળ પંપાળ કરો છો. પણ ચેતન્યની તરફ તો જોતાં જ નથી. તેની તરફ તો જુઓ તેની શકિત તો જુઓ. તુ તો તારા જ્ઞાન.પ્રભુને આધારે છો. હે આત્મ ! તને એક તારૂં ચૈતન્યજ શરણભૂત, આધારભૂત છે. તેની ઓળખાણ સત સમાગમે કરી લે, તો તુ સુખી થઇ જઇશ ૭

હે જીવાત્મા ! જેની સાથે તારે કઇજ સમ્બન્ધ નથી, એવા આ જડ માટીના પુતળા સાથે, મડદા સાથે સમ્બન્ધ માની ને, અનાદિનો તું દુઃખી થઇ રહ્યો છો. હે જીવ હવે તો ભલો થઇને એ માન્યતા છોડ તારા આનદ અને શાન્તિ સુખ માટે, શાશ્વત સુખ મેળવવા માટે, આ ખોટી માન્યતાને છોડ ૮

અરે બળદ ઘર તરફ વળે છે. ત્યારે હોંશે હોંશે દોડે છે. હે જીવાત્મા ! તને સત્ ગુરૂ તારા ઘર તરફનો રસ્તો બતાવે છે. તો પણ તને ઉલ્લાસ થતો નથી. તેજ મોટું આશ્ચર્ય છે. ૯

આ કામભોગો સંસારથી પર જે મુક્ત દશા છે ત્યાં જવામાં વિઘ્ન રૂપ છે. તથા આ લોક અને પરલોક માટે પણ અનર્થની ખાણ સમાન છે. ૧૦

પોતાની ચેતના અનાદિ કાળથી કર્મ ચેતના પણે, અને કર્મફલ ચેતના પણ પરિણમી ગયેલ છે. તેને જ્ઞાન ચેતનાં પણે પરિણમાવવી જોઈએ. ૧૧

હું જગતના સાક્ષીભૂત જ્ઞાતા દ્રષ્ટા, જગતથી ભિન્ન શાશ્વત પદાર્થ છું. મારામા શાશ્વત જ્ઞાન છે. હું પરિપૂર્ણ છું. મારે કોઈ પર વસ્તુની

જરૂર નથી હું પરને ગ્રહણ કરતો નથી. ગ્રહણ ત્યાગથી હુ પર છું. મને પરનો કિંચિત્ માત્ર આધાર નથી. હુ સ્વાશ્રય છું. ૧૨

પર દ્રવ્યને અનુસરીને થતો ભાવ બંધન કારક છે. સ્વ દ્રવ્યને અનુસરીને થતો ભાવ શાશ્વત મુક્તિનું કારણ છે. ૧૩

## ૧૧ :- મોહ કર્મને દૂર કરો

સ્વનું પોતાનું જે સ્વરૂપ છે તેનુ એકવાર નિરીક્ષણ કરીને, તેનુ મંથન કર, મનન કર, નિદિધ્યાસન કર, તો જરૂર મોહનો નાશ થઈ, મોક્ષની પ્રાપ્તિ થાય. મનન કરવાનું લક્ષ કરી પુરૂષાર્થ કરે, તો દર્શન મોહનો રસ ઘટી જાય અને આત્મ શ્રદ્ધા જાગૃત થાય. ૧

પોતે જ્ઞાતા તરીકે જો ઉભો રહે તો પરની શક્તિનું બળ જરા પણ ચાલે નહિ. ૨

જ્ઞાનીઓને અભેદ પ્રતીતિ રહે છે. કે જે વિકલ્પો આવે છે તેનાથી જાણનાર જુદો છે. વિકલ્પો તો અનેક આવ્યા અને ચાલ્યા ગયા. પરંતું જાણનાર તો સ્થિર છે. જાણનાર મન, વચન, કાયાથી જુદો છે, એમ જ્યારે ભાસે ત્યારે જીવ મોક્ષ સન્મુખ થઈ જાય. ૩

જ્યારે જીવાત્મા વિકલ્પોમાં માથુ મારવા જાય છે, પર વસ્તુને પોતાની કરવા જાય છે. ત્યારે તેને દુઃખ થાય છે. તેમા તેણે કેટલી શકિત વાપરી છતાં પર વસ્તુ પોતાની થઇ નહિ. હવે તો તેને બધ કર. પરને પોતાનું કરવાની મતિથી જ્ઞાન, દર્શન, ચારિત્રની હાની થાય છે. અને ઉપરથી દુખ સહન કરવાનું રહે છે. ૪

હે આત્મન્ તુ તારા જ્ઞાતા ભાવમાં સ્થિર થા, તો આ રાગદ્વેષની ઉપાધિ છુટી જાય. અને ઉપશમ ભાવનું બળ વધે. ૫

કર્મની (૧૪૮) પ્રકૃતિઓ તે આત્માની નથી બહારથી આવેલી છે માટે હવે પડકાર કરીને કહો કે હે મોહનીય કર્મના પરમાણુઓ! હું અત્યાર સુધી તમને મારા સમજતો હતો. પરંતુ ગુરૂદેવની કૃપાથી હવે મને ભાન થયુ છે કે તમે પર છો. તમે બહારથી આવેલા છો. માટે

નીકળો અહીંઆથી તમારા પોટલા લબાચા ઉપાડો. અને મારૂં મકાન ખાલી કરો આમ જે પડકાર કરો તો તે ઉભા પણ નહિ રહે. ૬

પોતાની જે વસ્તુ છે તે બરાબર છે. તે કયાય જતી નથી જે રૂપે છે તે જ રૂપે છે. માટીના ઘડામાં ઘી ભરેલું હોય તો કહે ઘીનો ઘડો પરંતુ ઘડો તો માટીનો છે. તેમાં વસ્તુ જેવી ભરો છો તેમ નામ બદલો છો. કારણ અંદર જે વસ્તુ ભરો છો ત્યાં દ્રષ્ટિ છે, પરંતુ ઘડા પર નથી. ઘડો તો માટીનો છે, માટી પર દ્રષ્ટિ નથી ૭

તેમજ જે જીવાત્માઓની કર્મ પર દૃષ્ટિ તે આત્માને ઘડીમાં રાગી ક્ષણમાં દ્વેષી, દેખે છે. પરંતુ અદર રહેલ આત્મા તરફ તો એક વાર દૃષ્ટિ કર. આત્મા તરફ દ્રષ્ટિ કરીને જ્ઞાનીઓ કહે છે હે ચેતન ! તારી વસ્તુ જે સ્વરૂપે છે, તે જ રૂપે છે. વિના કારણ ચિંતા શા માટે કરે છે ? બહારથી આવેલ વસ્તુ તારી નથી અને જે તારૂં છે તે બહારથી આવેલ નથી. બહારની વસ્તુથી તું આત્મા જુદો છો તેનો તું અનુભવ કર, વિભાવ ભાવને પણ તુ જુદો અનુભવ. ૮

ચૈતન્ય ઘન આત્માને જાણનારા વિરલા જ છે. ૯

આત્માની અંદર સ્થિરતા કરવાનો માર્ગ જુદો છે, તે ત્રિકાલ સત્ છે. આત્માનો માર્ગ ઉપાધિ વિનાનો છે. આત્માના માર્ગમા વિઘ્નભૂત વિભાવ દશાની પ્રવૃત્તિ છે. વિભાવ દશા કરવાની કોઈ કર્મમાં શકિત નથી આત્માના ભાવ વિપરીત થવાથી કર્મ બધન થાય છે. વિભાવ દશાનો કરનાર અને નાશ કરનાર પોતે જ છે. જીવો વિભાવ દશામા મોહીત થઈ રહ્યા છે. એક સ્વનો વિચાર તો કર કે, તે વિભાવ દશા મારાથી જુદી છે. આત્માનો તેની સાથે તાદાત્મ્ય સબન્ધ નથી સયોગી સમ્બન્ધ છે. ૧૦

અગિઆર અગોનુ જ્ઞાન તે વ્યવહાર જ્ઞાન છે. ત્રિકાળી અભેદ અખડ સ્વરૂપનુ જ્ઞાન કરવું તેજ નિશ્ચય જ્ઞાન છે જ્ઞાન આત્માનો ગુણ છે. તે આત્માથી જુદો નથી. સ્વભાવનુ જ્ઞાન પોતામાં સ્થિરતા કરાવે છે ૧૧

પરના કર્તવ્યના અહંકાર રૂપ અતિશય દુર્નિવાર અજ્ઞાન અંધકાર, અનાદિથી, જીવને પરાધીન કરી રહ્યો છે. વર્તમાનમાં જો જીવ સ્વ ચિંતન કરે તો વિનાશ સાધી શકવા સમર્થ છે ૧૨

પરની તાકાત નથી કે, તે આત્મામા રાગદ્વેષ મમત્ત્વના અંશો પ્રગટાવી શકે, ૧૩

આ સંસાર તો સ્વાર્થનો મધપુડો છે. કુનેહનું કારખાનું છે, અને ચાલાકીનો ચોતરો છે ૧૪

આ જીવાત્મા અનંત કાળથી પોતાને દેહ દ્રષ્ટિથી જ જોઇ રહ્યો છે. તેથી તેને પોતાના આત્મા જણાતો નથી. જો સ્વ તરફ દ્રષ્ટિ કરે, તો તે શુદ્ધ સ્વરૂપ જ છે. શુદ્ધસ્વરૂપનાં અનુભવને સમ્યગ્ દર્શન કહે છે. ૧૫

સમ્યગ્ દર્શન આત્માનો ગુણ છે. આત્માનો શ્રદ્ધા ગુણ સ્વચ્છ અવિકારી છે. તે ગુણ સંસાર અવસ્થામાં પરિણમ્યો છે. તે જ્યારે પોતાના સ્વભાવમા પરિણમે ત્યારે જરૂર મોક્ષ માર્ગના અંશો પ્રગટે નહિતર અનાદિનો સંસાર ઉભો જ છે. ૧૬

આત્મ તત્ત્વ નિર્વિકલ્પ છે. તે શુદ્ધ જ્ઞાન ગોચર છે મન કે વચન ગોચર નથી આ મારૂં છે, આ મારૂ નથી તેવા પ્રકારના વિકલ્પો તને ભવાતંરમા ઉપાડી જશે. આત્મ હિત તો માત્ર શુદ્ધ સ્વરૂપના અનુભવમા જ છે. બધા વિકલ્પો રહિત શુદ્ધત્વનો અનુભવ છે. ૧૭

જ્યા સંસાર છે ત્યાં ધર્મ નથી. ધર્મ છે, ત્યા સંસાર નથી. રાગ દ્વેષ, મોહ સંકલ્પ–વિકલ્પ તે સંસાર પોતાના સ્વભાવથી દુર થવુ તે સંસાર સંસાર ન રહે તેના માટે તો ધર્મ કરવો છે. ૧૮

ધર્મ કરશુ તો કંઈક સારૂ મળશે, વર્તમાનમાં જે મળ્યુ છે, તે શું ફરી લેવુ છે, કંઇજ જોઇતુ નથી, આશા રહિત થઇ જાઓ. ૧૯

આત્માનો ધર્મ આત્મામાં છે, જડનો ધર્મ જડમા છે. બાલવય, યુવાનવય, વૃદ્ધાવસ્થા, એ શરીરનો ધર્મ છે. તેમાં તારૂ કઇ ચાલવાનુ નથી. શરીરનો નાશ થશે હુ અવિનાશી આત્મા છુ મારો ધર્મ મારામાં છે. ૨૦

પરતુ કર્ત્તાપણું છે તે છુટી જાય તો જ્ઞાનમા સ્થિર થઇ જાય ૨૧

જીવાત્મા અજ્ઞાન વશ એમ માને છે કે, અમુક વ્યકિતને મેં સુખી કરી, અગર અમુકને મે દુ.ખી કર્યો. પણ ભાઇ સર્વ પોતપોતાના પુણ્ય, પાપ, સુખ, દુઃખ ભોગવે છે. ૨૨

અજ્ઞાન વશ એમ માને છે કે, અમુકે મને દુ ખી કર્યો અગર સુખી કર્યો. પણ તું તારાજ શુભાશુભ કર્મથી સુખ દુ ખ ભોગવે છે. નાહક રાગદ્વેપ કરીને કા પરનો દોપ કાઢે છે. ૨૩

# ૧૨ : આફતનો સામનો

બત્રીશ સિદ્ધાંતનો સાર છે શુદ્ધ ચૈતન્ય તરફ દ્રષ્ટિ કરવી અને તેમાં લીન થવું. ૧

પર તરફ વળતા પરિણમનને તારા સ્વરૂપ તરફ લઈ જા, તો સ્વ સન્મુખ થતા સમ્યગ્ દર્શન પ્રાપ્ત થશે. ૨

જેણે પોતાના જ્ઞાતા સ્વરૂપ સ્વભાવનો પુરૂપાર્થ કર્યો તેને કર્મ તરફનો પુરૂપાર્થ ન હોય છતાં કર્મનો નાશ થાય. તેને અને સમ્યક્ દર્શનની પ્રાપ્તી થાય. કોઈ જીવનો પુરૂપાર્થ કોઇ બીજા જીવને કામ આવે નહિ સ્વ પુરુપાર્થરૂપી સિંહ કર્મરૂપી કુંજરનો નાશ કરી મોક્ષ રત્ન પ્રાપ્ત કરે છે. ૩

જીવાત્મા પર પદાર્થમાં મમત્વ બુદ્ધિ કરીને એ મમત્વનો કર્તા બનીને તેમા રાગને ધરતો મોહને કરતો તેમાજ મૂંઝાતો રહ્યો છે. એવી ઉપાધિને લઈને ભૂતકાળમા અનંતા દુ ખોના પ્રસંગો બની ગયા છે તે બધા દુ ખોનો નાશ કરવાનો આ સુદર ઉપાય છે કે જ્ઞાનવડે પોતાને જાણી લેવો જોઈએ જેથી આ મારૂ—આ તારૂ એવું મમત્વ નાશ પામે અને મિથ્યા બકવાદ કરતો બંધ થઇ જાય. ૪

અનતકાળનુ જ્ઞાન જીવ ભુલતો જાય છે. એકને દેખે ત્યાં બીજાને દેખતા ત્રીજાને ભુલે, એમ રાત્રી દિવસ વ્યતિત થતાં ભવાંતરમા લઇ જાય છે. પર વસ્તુમા જ્ઞાનને ગડતો ગયો. તારૂ જ્ઞાન તે પર વસ્તુમાં રોકાયું. અનાદિકાળના મોહ મમત્વના અભ્યાસથી પોતાનુ મળગજ્ઞાન પોતેજ પર પદાર્થમા ગેડતો જાય છે. જયા જયા જન્મ્યો ત્યા ત્યાં આત્માની હયાતિ હતી છતા ત્યા ત્યાં જ્ઞાનનો પ્રવાહ મોહ મમત્વ અને રાગને કારણે પર તરફ વાળી રહ્યો છે. સુવર્ણ સમયની અદર તે કાર્ય ન કર્યું તો અહિંઆ આવીને કશું જ કર્યું નથી. ૫

આફતનુ સ્વરૂપ આફતનું વદન આફતનું સ્થાન વગેરે કેવા હશે ? આફત કોણ પાઠવતું હશે, આફત અણધારી શા માટે આવતી હશે ? આફતની લગામ કોઈ અગમ્ય અગોચર શકિતના હાથમાં તો નહિ હોયને ? આ બધા પ્રશ્નો થવા સ્વભાવિક છે લોકોની કલ્પના આફતના આગણા સુધી પહોંચે કે ન પહોંચે પણ આફતનો અધિષ્ઠાતા આકરો અને અકોણો જરૂર હશે એ કોણ છે. તેને શોધી કાઢો. ૬

આફતની જ્વાલા કોના પર ક્યારે પથરાશે, તે કહી ન શકાય આફત અણધારી છે, ધાર્યુ હોય કઈ અને બને કાંઈ તો પછી આફતના દરબારમાં ન્યાય–નીતિ નહિ હોય ન્યાયબુદ્ધિથી નહિ ઘડાયેલા અ ત કરણો જરૂર એમ માને છે કે આફતના દરબારમા ન્યાય–નીતિ નથી ૭

આફતને ઘોળીને પી જનાર અડગ નિશ્ચય આગળ લાખો આફતો સાવ લાચાર બને છે. અડગ નિશ્ચય કરનાર પોતાનો આત્મા છે. ૮

આવેલી આફતો પોતાના પૂર્વભવના કરેલાં ઊ ધા પુરૂષાર્થનુ ફળ છે. પોતેજ અવળચડો થયો છે જ્ઞાન, દર્શન, ચારીત્ર તરફ આકરો અને અકોણો થઇ ગયો છે. ૯

હવે અડગ નિશ્ચય કરીને આફતો, સંકટો પ્રત્યેની દ્દષ્ટિને છોડીને એક ચૈતન્ય તરફ દ્દષ્ટિ કર. એમા જ સ્થિર થા. તેમા સ્થિર થતા આફતોથી, સ કટોથી, અરે સમગ્ર સ સારથી પાર થવાશે, તરી જવાશે આ ઉપાય માટે અડગ નિશ્ચય હશે તો સ કટોના અંતે સુખ અને શાન્તિ વરેલા જ છે ૧૦

આત્મ ધૈર્યથી સહન થતી આફત આખરે પરાજય પામી હ મેશને માટે અદ્દશ્ય થઈ જાય છે ૧૧

સ કટમા, આપત્તિઓમા સ્થિર રહેવું, શાન્ત રહેવું, એ જીવનની કઠોર તપશ્ચર્યા છે આ તપશ્ચર્યાથી નિર્જરા થાય છે અને જ્ઞાન, દર્શન, ચારીત્રની પ્રાપ્તી થાય છે દરેકને તે સાધ્ય હોતી નથી. ૧૨

આત્મ ધૈર્યનો અજય મંત્ર પ્રત્યેક માનવીને હૈયે વસ્યો હોય તો સંસારમાં અશાન્તિ કે ઉલ્કાપાત જેવું કશું હોય નહિ. ૧૩

હે ભવ્ય આ મંત્ર કંઈ દરેકના દિલમાં વસે તેમ થતું નથી. માટે તું તારી દૃષ્ટિને તારા સ્વરૂપ તરફ વાળ. એમાં સ્થિર થા. તો તારા અંતરમાં સદ્બોધ રૂપી ચંદ્રનો ઉદય થશે તેનો ઉદય થાય તો તારો સંકટોથી છુટકારો થાય ૧૪

જો કોઈ ભવ્યાત્મા પરમ સમતાનો લાભ લેવા ઇચ્છે તો તેનો ઉપાય આ છે. તત્ત્વદૃષ્ટિથી આત્માને જોવો તે માટે આજ ક્ષણે પ્રયત્નશીલ થવું. ૧૫

卐 卐

卐 卐

## ૧૩ : બાહ્ય વાક્ય ઉપાધીને ત્યાગો

પ્રમાદ આત્માને સંસારમાં નાખે છે. પ્રમાદનું સ્વરૂપ જીવે જાણ્યું નથી પોતાના કાર્યને આત્માએ એક બાજુ એ મૂકી દીધું છે અને મમત્વભાવમાં પડયો છે પણ પોતાનું કર્તવ્ય શું તેનુ તેને ભાન નથી. પરના કર્તવ્યમાં મારૂ તારાની બુદ્ધિ કરવાથી પશુ જેવો બની ગયો છે. પરંતુ રાત્રી દિવસનુ આ રટણ તને ભવાન્તરમાં દુર્ગતિમાં ફેંકી દેશે. તેનો વિચાર કર. ૧

રાગદ્રેષ જાય તો જ્ઞાન પ્રગટે. મોહના પરિણામ એટલે પરનું કર્તાપણું, ભોકતાપણું, મમત્વપણુ એ બધુ નષ્ટ થાય તો સાચુ જ્ઞાન આત્મજ્ઞાન પ્રગટે આત્મજ્ઞાની પુરૂષોનો સંગ મળે. અને પોતાનુ સ્વરૂપ જાણવાની તાલાવેલી જાગે તો જ્ઞાન પ્રગટે ૨

અરેરે સમજ સમજ તુ તારા સ્વભાવનો કર્તા છો. પરનો કર્તા થઇશ તો ચાર ગતિમાં ભમવું પડશે. જયા સુધી ઉપાધિનો કર્તા બને છે, ત્યાં સુધી પોતાના આત્મ સ્વભાવને ભૂલે છે ઉપાધિથી જુદુ પોતાનુ સ્વરૂપ છે, તેને હજુ જાણ્યુ નથી બીજું જે જે જાણ્યુ તેનો કર્તા થયો ઇન્દ્રિયોના વિષયમા રોકાણો આ મેં કર્યું અને આ મે કર્યું અને આ મેં નથી કર્યું તેમા મૂઝાણો. શરીરમાં મૂર્છિત થઇ તેમાં રોકાયો એટલે હું પોતેજ શરીર છું. એમ માન્યું આ ઉપાધિમાં હે ચેતન તું તારૂં ભૂલ્યો અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત શકિતને ભૂલ્યો ૩

કર્મ સામે જોવાથી કર્મ નાશ પામતા નથી. ક્રોધનો નાશ કરૂં એમ વિચારી ક્રોધ સામે જોવાથી ક્રોધ નાશ પામે નહિ. ક્રોધના પ્રતિપક્ષી ક્ષમા તરફ જોવાય, તો ક્રોધ નાશ પામે ૪

## ૧૪ : બુદ્ધિનો સદુઉપયોગ કરો

અનાદિથી બુદ્ધિ મારૂં તારૂં એવી તુચ્છ વૃત્તિને જ આદરે છે પણ જ્ઞાની ભલામણુ કરે છે કે, રાજ માર્ગ પર ચાલ. વિશાળ બુદ્ધથી તને તારા માગ જે ભાવ થાય છે, તેને જાણવા વાળો બન. હે બુધ્ધિશાળી તારૂં કામ તે તારૂં. મારૂં કામ જોવા જાણવાનું છે ૧

અનંતું જ્ઞાન આત્મામાં છે. પરંતું પોતાની શક્તિનું મહાત્મ્ય હજુ પોતાને આવ્યુ નથી તેથી બુધ્ધિથી માન્યુ કે મારી શક્તિ ઓછી છે. હુ નિર્બળ છુ. અશકત છું. પરમાં પોતાની શક્તિનો ભરોસો બેસી ગયો છે તેમાંથી મન છુટે' અને મનને વશ કરે, ત્યારે આ મે કર્યુ અને આ મે નથી કર્યુ, એવા ભાવ છુટી જાય. ત્યારે અંતરમાં જ્ઞાન દશા પ્રગટે. ૨

આ ઘર મારૂં છે. આ બગલો મે બનાવ્યો છે. આ પુત્રો મારા છે આ મોટર મારી છે. આમ જે બકે છે. તે જડનો કર્તા બને છે, જડનો કર્તા બનવુ તે જ અજ્ઞાન દશા છે. જ્ઞાની પર અને પોતાનું એકત્વપણુ છોડીને તે બન્નેને જુદા જુદા જાણે છે. અનુભવે છે. આત્માને આત્મામા અને જડને જડમાં એમ સમજે છે એમ ભેદ કરીને. જ્ઞાનીઓ પરનો આધાર કરતા નથી અને અજ્ઞાની પરનો આધાર છોડતા નથી ૩

卐

# ૧૫ : વિકલ્પો અને વ્યાકુળતા

જ્યાં સંસારમાં આસકતી છે, ત્યાં વ્યાકુળતા અને વ્યગ્રતા છે, અશાન્ત છે જ્યાં રાગદ્વેષનો અભાવ છે, ત્યાં નિરાકુળતા છે અવ્યગ્રતા છે, તેથી વિકલ્પ સહિત આત્માને વ્યાકુળતા અને વ્યગ્રતા છે. અને વિકલ્પ રહિત આત્માને નિરાકુળતા અને અવ્યગ્રતા છે. ૧

જ્યા કર્મનો અભાવ છે ત્યા શાન્તિ અને શાશ્વત સુખ છે. રાગદ્વેષ અને મોહ યુક્ત ચિત્ત વડે જગતના પદાર્થોને જોવા જાણવાથી જગતના પ્રાણીઓને દુઃખ થાય છે. પદાર્થને જાણવા રૂપ જ્ઞાન એ રાગાદિ વિકાર રહિત ચિત્તથી જોવાય તો નિશ્ચય તેજ સત્ સુખ છે. પર પદાર્થોને જાણવા ને સુખ કે દુ.ખરૂપ નથી. સુખ દુઃખનું જ્ઞાન તે દુ.ખનું કારણ નથી પરંતુ રાગ, દ્વેષ, મોહવાળા ચિત્તથી તે જ્ઞાન દુઃખનું કારણ થાય છે. આસક્તિ ભાવ અને અહંકાર એજ દુઃખનુ કારણ છે ૨

રાગ દ્વેષ મોહ કર્મ બંધનનુ કારણ છે. ૩

દુઃખના જ રૂપાંતર એવા સાંસારિક સુખને, સત્ સુખ માનીને તેને જ મેળવવાની તીવ્ર આસક્તિ અને કામનાથી સંસાર પરિભ્રમણ વધે છે. અને અને બાલમરણ મરી અધોગતિમા ચાલ્યા જાય છે માટે વિચક્ષણ મનુષ્યોએ આ ભ્રાન્તિને ત્યાગી ઠટ આત્મીક સુખને માટે નિરંતર પ્રયત્નશીલ થવું ઘટે છે. ૪

રાગ, દ્વેષાદિ વિભાવોને તજી ભ્રાન્તિ–ભ્રમણાને છોડીને સમ્યગ્દૃષ્ટિ આત્મા પોતાના પરમાત્મામા ઉપયોગને જોડનાર મહાત્માને જે સત્ સુખની પ્રાપ્તી થાય છે તેવું સુખ અન્યને કોઈ કાળે મળવુ સંભવિત નથી માટે હિતેચ્છુઓએ જ્ઞાનીના આશ્રયે સત્ સુખની સાધનામા જ પ્રવર્તવુ, અને તેજ શ્રેયનો માર્ગ છે. બીજુ બધુ મૃગજળ છે.

તેને છોડ અને જ્ઞાનીના ચરણ કમલનો આશ્રય લે. તેના શરણે જા. ૫

હે ભવ્ય જો તને તારા શુદ્ધ સ્વરૂપની લગન લાગી હોય તો અન્ય સર્વ કાર્યોને છોડ ઉપાધિને માથા પરથી અલગી કર. લોક માત્રનો સંગ પ્રસંગ છોડ. લોક માત્રના સંગ પ્રસંગને અનુસરતી સર્વ ચિંતાઓને દૂર કર ૬

દોહરો – નિશ દિન નયનોમે નિંદ ન આવે, ॥
તબ હી નર નારાયણ પદ પાવે ॥ ૭

# ૧૬ : સુખ ક્યાં છે

આ જીવો સુખને ઇચ્છે છે. પણ ભાઇ ? તારે સુખી થવું હોય તો, સુખ ક્યાં છે, તેનો કદી તે વિચાર કર્યો છે? સુખ શેમાંથી પ્રગટે છે તેનો વિચાર કર્યો ? કોઈ કહે છે. પાંચ ઇન્દ્રિયોના વિષયમાં સુખ છે. પણ હે ભાઇ? તે તેમાં કદી સુખ જોયુ છે, માણ્યુ છે ! જોયુ હોય તો કહે. લક્ષ્મીમાં કઈ જગ્યાએ સુખ છે ? પૈસા તો માટી છે. વિષયોમાં સુખ ક્યાં આવ્યુ ? આનો શરીર છે, શરીર તો જડ છે, માટી છે, તેને બાળી નાખશે ત્યારે રાખ રહેશે. તેવા શરીરમાથી સુખ પ્રગટે છે. શરીરમાં કઇ જગ્યાએ તે સુખને જોયુ ? શરીર જડ છે, જડમાંથી સુખ આવે તે તેમા કલ્પનાથી સુખ માની લીધુ છે. નહિંતર આ દશા હોય જ નહિ, અનંત કાળનુ પરિભ્રમણ હોય જ નહિ, શરીરમા સુખનો છાટો પણ નથી, અને તુ તેમાં સુખની કલ્પના કરે છે, એ કેવુ આશ્ચર્ય ! ૧

બંગલામાં તે સુખ ક્યાં જોયુ ? માટી, ચુનો અને લોખડનો બગલો, તેમા સુખ ક્યા આવ્યુ ? અરેરે જીવે માત્ર પર પદાર્થોમાં સુખની કલ્પના કરી છે. પોતાના આત્મસ્વરૂપમાં સુખનો ભડાર છે, તેના તરફ નો દૃષ્ટિ કર ને સુખ દેખાય તેવું છે તે રોકડીયું, નગદ, સ્વભાવિક, વાસ્તવિક અને નિરૂપાધિક સુખ છે. ? ૨

આચારંગ સુત્રમા કહ્યુ છે કે હે ધીર ? પુરૂષો તમારે વિષયોની આશા અને લાલચોથી દુર રહેવુ. તમે જાતે કરીને આશારૂપ શલ્ય હૃદયમાં રાખીને, હાથે કરીને દુ:ખી થાવ છો. તે શલ્યનો નાશ કરો તે કાટાને દિલમાંથી દૂર ફેંકી દીયો. ૩

સ્વાર્થ સિદ્ધનો ભવ જે ભાવે મળે છે તે ભાવ પણ આત્માના સ્વભાવમાંથી પ્રગટનો ભાવ નથી. ૪

સ્વરૂપની જાગૃતિ સતત રાખવી જોઈએ. માનવની આધ્યાત્મિક ઉન્નતિમાં સંસારી સંગ, આસક્તિ, પ્રમાદ અને અહંકાર, વિઘ્નભૂત છે, માટે બાધક ભાવને ત્યાગીને વીતરાગ માર્ગનું અનુકરણ કરવું શ્રેયકારક છે. ૫

સંસાર સ્વાર્થનો મધપૂડો છે. છળ, કપટ અને ચાલાકીનો ચોતારો છે, તેમજ કુનેહ અને કાવાદાવાનું કારખાનું છે. એમાં ને એમાં ૨૪ કલાક પડ્યો રહીશ તો શાશ્વત સુખ અને દિવ્ય જ્ઞાન પ્રકાશની પ્રાપ્તી ક્યાથી થશે ? ૬

સાધકે સંસાર આસક્ત માનવોના સંગથી દુર રહેવું ન ચાલે તો તેની સાથે વ્યવહાર પુરતું જ કામ લેવું ૭

દોહરો .– સંગ કદી કરવો નહિ, કરવો તો સતસંગ,
કામ કદી કરવો નહિ, કરવો તો મોક્ષ કામ ॥ ૧ ॥

હે સાધક ? તું કોઈનો સંગ કરીશમા, છતા તારાથી સંગ રહિત ન રહેવાય તો સત્ સંગજ કરજે

હે સાધક, કોઈ પણ પ્રકારની તું મનમા કામના કરીશ નહિ. તારાથી કામના વગર ન જ રહેવાય તો મોક્ષની જ કામના કરજે. પણ બીજી કોઈ કામના ન જ કરજે ૮

સત્ સુખને સમજી તેમાં સ્થિર થા જો એક અંશે પણ ન સ્થિર થયો તો અકાળે વૃદ્ધાવસ્થા અને મરણ પાની નરકમા જવું પડશે, તે યાદ રાખ ૯

ઇન્દ્રિયોનું સુખ તે સાચું સુખ નથી, પણ ઇચ્છા રૂપ અગ્નિની વેદનાને શાંત કરવાનો નિષ્ફળ પ્રયત્ન છે ૧૦

સાચુ સુખ આત્મ સ્વરૂપની સ્થિરતામા છે, અને ત્યાંજ આનંદ છે. ૧૧

# ૧૭: આધ્યાત્મિક જ્યોતિ પ્રગટાવો.

આત્મ સ્વરૂપમા અણ ઉત્સાહ તે પ્રમાદ, આત્માના સ્વરૂપમાં ઉત્સાહ તે અપ્રમાદ. ૧

શાતાના કારણે મન ગમતી વસ્તુ મળે અને અશાતાને કારણે અણ-ગમતી વસ્તુ મળે, તો પણ રાગદ્વેષ ન કરવો. આજ સસારની પેલે પાર જવાનો અને મોક્ષ પ્રાપ્તીનો ઉપાય છે. ૨

સમુદ્રમા વારવાર મોજા આવે છે તેમ આત્મદશામા મન સબંધીના સંકલ્પ વિકલ્પરૂપ તરંગોના મોજા આવે છે, તેવે વખતે તારૂ કર્તવ્ય તારા ચૈતન્યને ઉપયોગમા સ્થિર રાખવો તે છે. ઉપયોગને સ્થિર કરવાથી વિકલ્પોનો નાશ થાય છે માટે સ્વરૂપ ભાવના ભાવવાની ટેવ પાડવી. ૩

આત્મીક સુખ આત્મામા રહેલુ હોવાથી, નિજસ્થ છે. પોતામાં જ છે ૪

૨૩ વિષયના ભોગવટામા મારાપણાની બુદ્ધિ થાય તે નાગણીના ઝેર કરતા પણ ભયંકર છે તુ પોતે કોણ ? શરીર, વસ્ત્ર, આભૂષણ, તે તૂ ? વિષયભોગના પ્યાલા તે તુ ? ના, તે બધાથી તુ જુદો આત્મા છો. અજ્ઞાનતાથી તેને પોતાના માનેલ છે, તે તારી ભયંકર ભૂલ છે તેનો નાશ કરવા પ્રયત્નશીલ બન ૫

મદ તે પર વસ્તુની મહત્તા સ્વવસ્તુની મહત્તા નહિ વીતરાગદેવ કહે છે જેવો હુ અને મારૂ સ્વરૂપ છે તેવો તુ અને તારૂ સ્વરૂપ છે સત્તારૂપે સર્વજીવોમા કેવલ જ્ઞાન રહેલુ છે. ૬

કરોડોની સપત્તિ હોય, પણ તેના પરથી મમત્વ છુટી ગયુ હોય, તો તેને ત્યાગી કહ્યો છે એક દરિદ્રી હોય પણ અતરમા રાગ, મમત્વ છે તો તે ત્યાગ નથી ૭

જેણે મનથી વિષયોને ઝેર સમાન માન્યા, તેની વાત જ જુદી છે. આવી ઉત્તમ ભાવના થઇ, પછી રાજા કે રક સમાન જ છે ચક્રવતી ચક્રવતીપણાનુ મમત્વ છોડે, ભિખારી ભિખારીપણાનુ મમત્વ છોડે, તો બન્ને ધર્મને લાયક છે. ૮

# ૧૮ : પરાધીનતા છોડો

વિષય સુખનો અર્થી જ્યાં ત્યાં તેને માટે ભ્રમણ કરે છે અને રાત્રી દિવસ તેજ ચિંતામાં બળ્યા કરે છે. નિવૃત્તિને નહિ પોષતા તે આસકિતને ખિલવે છે. અને આખરે તેના માટે ધન સંચયની પિપાસામાં જરાથી ઘેરાતો તે મૃત્યુને પામે છે. ૧

વિષય સુખને માટે ચારે તરફ પરિભ્રમણ કરતો આત્મા રખડે છે, પણ તેની અભિલાષા તૃપ્ત થતી નથી. તૃપ્તી માટે રાત દિવસ સર્વ પ્રકારની ચિંતાઓમાં ચિંતીત, સ્વજનોમાં આસકત, વિવિધ પ્રકારે ધનની શોધમાં રખડતો તે મૃત્યુને શરણ થાય છે. પણ આત્માનું હિત કરી શકતો નથી. ૨

જીવને પ્રતિકુળતા જોઇતી નથી. અનુકુળતા જોઇએ છીએ, અનુકુળતા પ્રાપ્ત કરવામાંજ વિકાસને રુંધ્યો, અને પુણ્યમાં પણ અટકયો, અને સ્વરૂપને સમજવાનો અવસર ન આવ્યો, તે મિથ્યા દર્શની જીવ છે. કારણ પોતાના નિજ સ્વરૂપને જાણવાનો અવકાશ જ ન મળ્યો ૩

સંસારના કાદવમાં ખૂંચ્યાં, ખરડાયા, લપસ્યા પછી તેમાથી નીકળવુ તે કંઇ બચ્ચાનો ખેલ નથી. ગાઢ સંસ્કારના પંજામાથી છૂટવા માટે અનેક વર્ષોની તનતોડ મહેનત અને પુરી જાગૃતી જોઇએ રૂઢ સંસ્કારના જામેલા જોર સામે ખૂબ ખૂબ સામનો કરવો પડે છે. ૪

દોષોને, દુર્ગુણને શરૂઆતથી જ દબાવવા. કાળ જતાં તેનુ બળ વધે છે, પછી તેને દબાવવા સહેલા નથી તેની નિવૃત્તિ કે સુધારણા, લામ્બા કાળની અંતરની સાચી સમજણ, જ્ઞાન, સંયમ અને તપ માગે છે. ૫

પોતાના આત્માર્થે કરેલ સમજણ પૂર્વકની અલ્પ ક્રિયા પણ મૃત્યુના સાગરથી તારે છે, અને મોક્ષમાં લઇ જાય છે. આટલું જો ન કર્યું

અને ધનની શોધમાં અને કમાવામા જ જીવન વ્યય કર્યું તો સસારના ખાડામા પડવાનું થશે ૬

ક્રિયા કરતા ભાવની વિશેષતા છે, સાધન કરતા આત્માની રૂચીની વિશેષતા છે પુરૂષાર્થના કઈ ઓછા મૂલ્ય નથી આત્માની રતિ (પ્રેમ) ને કઇ સાધારણ વસ્તુ નથી, આત્માની પ્રીતિ વિના મોક્ષની ગતિ નથી, અગાઢ પ્રેમના કઈ આરા નથી ૭

# ૧૯ : સંસારનો રાગ છોડો

મનુષ્યની ખાણુ જેને કોઈ હોય તો તે કામ ભોગનો રસ છે સમ્યક્ પ્રાપ્ત કરવું તે મહા દુર્લભ છે. તેથી તેમા ઉપયોગ રાખવો એટલે પોતાના સ્વરૂપની અખંડ જાગૃતિ રાખવી અને ઉપયોગને તેમા એકાગ્ર કરવો ૧

સ્વરૂપમા સ્થિર થાય તો, આયંબિલ, સવર બધું ટકી શકે જન્મ, મરણ ને વિજય પ્રાપ્ત કરીને સિદ્ધિપદનુ અક્ષય અપૂર્વ સુખ મળે માટે અન્ય પદાર્થો પાછળ ભટકતી આસક્તિનો ત્યાગ કરો. ૨

સ્વપ્નને સત્ય તરીકે જોવા અભ્યસ્ત નેત્ર સત્ જ્ઞાનથી સદા દૂરને દૂર રહે છે. ૩

ધન અને કામ ભોગના સાધનો સ્વપ્ન સમાન ક્ષણિક હોવા છતાં, અજ્ઞાની તેમાં જ સત્યના દર્શન કર્યા કરે છે. અને તેની પાછળ જીવનનો મહાપુરૂષાર્થ કરે છે તે શું બતાવે છે તે જરા શાન્ત ચિત્તે વિચારો ૪

જે જીવને પુણ્યની મીઠાશ દિલમાં ઘર કરીને રહી હોય. પુણ્યની પ્રબળતા હોય તો તે ધર્માત્મા છે એમ માની ન શકાય. કારણ કે, પુણ્યની મીઠાશ ધર્માત્માને હોતી નથી. પૂર્વ પુણ્યથી ધનની રાશી મળી હોય તો પણ તેના પર ધર્માત્માને આસક્તિ ન હોય. અજ્ઞાનીને કામભોગની આસક્તિ છુટી નથી, તેને તેમા રસ આવે છે. ૫

દોહરો– કોટી વર્ષનુ સ્વપ્ન જાગૃત થતા દૂર થાય.
તેમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય. ॥૧॥ ૬

મળેલ બુદ્ધિનું ફળ આત્મ વિચારણા છે. સમ્યક્ જ્ઞાનનું ફળ વિરતી છે. દેહનું ફળ વ્રત ધારણ, અને ત્યાગનું ફળ આત્મ સ્થિરતા છે. ૭

સ્વભાવ રંજન શ્રેષ્ટ જાણ પરભાવ રંજન દુર્ગતીનુ કારણ જાણ. ૮

હે સાધક ? કામ ભોગની ઇચ્છાને તજવા અપ્રમાદી બન. અપ્રમાદી બન્યા વિના એક પણ ઇચ્છા માર્ગ આપે તેમ નથી. કામના તો એકની પાછળ એક અતૂટ ચાલી આવે છે. માટે શૂરવીરપણાથી, જેમ વહેલું અપ્રમાદી થવાય તેમ કરવુ. ૯

જ્ઞાની કહે છે. આત્માના સ્વભાવથી એક સમય બહાર આવવુ તે પણ વિકાર છે. રાગનો ભાવ છે. અનાદિકાળના ભ્રમણમાંથી નીકળી પોતાના સ્વભાવમા આવવું, ત્યાજ સુખ શાન્તિનુ વેદન છે સ્વાશ્રય તે અવિકાર પરાશ્રય તે વિકાર છે. ૧૦

પદાર્થોનો ત્યાગ કર્યો હોય, ને પદાર્થ પ્રત્યેનો રસ (વાસના) અંતરમા પડી છે ને અંતરંગ વાસનાનો ત્યાગ તેનુ નામ વિરતિ બહારથી વસ્તુનો ત્યાગ કર્યા હોય, છતા અંતરમા ઇચ્છા (વાસના) કાયમ હોય તો તે રસ છે વાસના છે જેટલે અંશે અંતરનો રસ નષ્ટ થાય તેને જ્ઞાની વિરતી કહે છે. ૧૧

# ૨૦: ક્ષણિક સુખ અને અનંત સુખ

જ્ઞાન પ્રગટયા વિના ઈચ્છાઓનો નાશ થતો નથી ૧

હે ભવ્ય ? હવે તારૂ સુકાન ફેરવ. તારી દૃષ્ટિને તારામાં સ્થાપ ભોગોને મહત્વ ન આપો. તેમા આત્માનું ખૂન થાય છે આત્માને મુખ્ય માનો ! તેનું જ મહાત્મ્ય છે તેનું લક્ષ કરો. તેની પ્રાપ્તી માટે ઉત્સાહ સેવો. ૨

હુ ? કોણ જ્ઞાતા દૃષ્ટા તેમ જાણી પર વસ્તુપર નિર્મમત્વ થવુ, તેને જ્ઞાની પ્રત્યાખ્યાન કહે છે ૩

દેહાસક્તિ અને કામભોગાસક્તિ ન છુટે ત્યાં સુધી, એકેય પ્રત્યાખ્યાન સાચા ન કહેવાય ભગવતી સુત્રમા બે પ્રકારના પચ્ચખાણ (ત્યાગ) કહ્યા છે. સુપચ્ચખાણ અને દુપચ્ચખાણ દુપચ્ચખાણમા અનંતો કાળ ગયો જ્યાં સુધી મમત્વ બુદ્ધિ ન છુટે ત્યા સુધી આત્મા કર્મ મેલથી મલીન રહેશે ૪

ભવના નાશનુ કારણ વીતરાગભાવ છે. ૫

આત્મસ્વરૂપમા વિશ્વાસ થાય, ત્યારે તેમા સ્થિરતા થાય. ૬

હે ભવ્ય ? તારૂ જ્ઞાન કઈ તરફ પ્રવાહિત થાય છે. આત્મામાં કે ઇચ્છામા બન્ને બાજુ અનંતતા છે, ઇચ્છા તરફ વળતા અનંતો સંસાર છે આત્મ તરફ જ્ઞાન વળતા અનંત મોક્ષનું સુખ છે, કઈ બાજુ પુરૂષાર્થ કરવો તે તારી ઇચ્છા મુજબ છે ૭

સ્વતંત્રસુખ તારા આત્મામા જ રહેલુ છે નિર્વિકલ્પ સુખ, નિરુપાધિક સુખ, તારા આત્મામા છે, તે સુખની શોધ કર. ૮

સમ્યક્ સંતોષ તેજ સુખનો ઉપાય છે, લોભ તેના યોગે થતી મહેનત અને ભાગ્યોદયે થતી પ્રાપ્તી તેમા સુખની ગંધ નથી. ૯

સમ્યક્ સંતોષ એટલે મિથ્યાત્વ અને અનંતાનુ બંધી કષાયનો ત્યાગ કારણ કે, કષાયો અને લોભનો ત્યાગ, તેનુ નામ જ સમ્યક્ સંતોષ છે. ૧૦

સંસારની સર્વ ઇચ્છાઓ પરાધીનતામાંથી જન્મે છે, તેને સ્વાધીન માનવી તે નરી મૂઢતા છે. ઇન્દ્રિયો જે માંગે તે મેળવવું, તેની ઇચ્છા મુજબ ચાલવું, એમ માનનાર ઇન્દ્રિયોની ઇચ્છાને આધીન રહેનાર મહાપરતંત્ર છે. ૧૧

અનતકાળથી નહિ સમજાએલી વસ્તુ અનંતવાર સાંભળ્યા વિના, ચિંતવ્યા, વિના, જલ્દી સમજાય તેમ નથી. ૧૨

તીવ્ર મોહ થવાથી આત્માની અનત શક્તિનો નાશ થાય છે. જેનાથી શક્તિનો નાશ થાય છે, તેનોજ નાશ કરવાથી શક્તિ વધે છે, જ્ઞાનનો વિરાધક જીવ નિત્ય નિગોદમા જાય છે, જ્ઞાન આરાધક જીવ મુક્ત થાય છે. આ જીવ અનત કાલ નિગોદમાં રહયો છે, હવે ત્યાં ન જવુ પડે તેનો અત્યારથી ઉપાય કર. ૧૩

# ૨૧ : આત્માનું નિરંજનપણું

પરભાવની રૂચી એ પરના કર્તાપણાનો થનગનાટ છે. અરે એમાં અનંતા દુ:ખો ભર્યા પડયા છે. પરની રૂચીના થનગનાટથી પોતાના મહિમા તું માની રહ્યો છે અને એમ માનીને તું ગમે તેટલા શુભ ભાવ કરે ત્યા મે ઘણુ કર્યું. એમ તુ માની લે છે. અને પૂર્વના પુણ્યથી બહારની અનુકુળતા દેખે, ત્યાતો જાણે કે હું આ બધાથી ભરપૂર છું. પણ હે ભાઈ? અજ્ઞાનથી તને ભાન નથી કે, ભરપુરતા તો મારો જ સ્વભાવ છે આત્મા જ એક પૂર્ણાનંદથી ભરેલો છે. બીજું બધુ અપૂર્ણ જ છે ૧

પરથી પોતાને ભરપૂર માનવો તેજ અજ્ઞાન છે. ૨

આત્મ સ્વભાવને પૂર્ણ માનવો તેજ જ્ઞાન છે. ૩

પરમા સુખ બુદ્ધિ એજ પરાધીનતાનું મૂળ છે. ૪

દેહ રોગાદિ વિકારનુ ધામ છે આત્મા આનંદનુ ધામ છે. ૫

પરના રક્ષણમા પોતાનુ રક્ષણ હનન થયું છે. ૬

અંતરમુખ થઈને સ્વચિંતન થાય તો શાશ્વત સુખ પ્રાપ્ત થાય. ૭

અંતરમા રહેલો આત્મ પ્રભુજ્ઞાની છે. તેની અવગણના કરવાથી, અશાતના કરવામા બાકી રાખી નથી તેથી આવરણો વધ્યા છે અને તેટલો સંસાર વધ્યો છે. ૮

જેટલી દર્શન શુદ્ધિ તેટલી આત્મ શુદ્ધિ ૯

સ્વ સ્વભાવ તરફ જો, દેખ, વિભાવ તરફ જોવુ તે જડને જોવા બરાબર છે. ૧૦

જડ લક્ષ્મી ઘટે ત્યારે તકરાર વધે, જ્ઞાન ઘટે ત્યારે વિભાવ વધે. ૧૧

સત્‌ને સમજે તો જ્ઞાની આત્માની અશાતના નષ્ટ થાય, અને વિશુદ્ધ માર્ગ પણ દેખાય. ૧૨

સમ્યક્ જ્ઞાન સિવાય આ જીવાત્માને ચાર ગતિમાંથી કોઈ બચાવનાર નથી ૧૩

દર્શન મોહ જાય તો વિષયો પ્રત્યે ઉદાસીનતા ઉપજે. ૧૪

હે મન ! આત્માની અનંત સિદ્ધિમાં ડૂબ ડૂબ. ૧૫

જેમ નિસ્પૃહતા બલવાન તેમ આત્મ ધ્યાન બલવાન થાય છે ૧૬

હે આત્મન્ તારો તુ જ સહાયક છો તુ તારૂ શરણ ગ્રહણ કર, તે વડે જ તુ સુખને પામીશ. ૧૭

## ૨૨: પ્રભુના પંથે

રાગ જેવો કોઈ રોગ નથી. અજ્ઞાન જેવુ કોઈ પાપ નથી સમ્યગ્જ્ઞાન સમાન બીજો કોઇ ધર્મ નથી. આત્મ દૃષ્ટિ સિવાય કોઇ બીજુ શરણ-ભૂત નથી. ૧

ભૂખના દુ:ખનું લક્ષ છોડીને સુખના લક્ષે ભોજન કર્યું તે દુ:ખ છે ઘોર અજ્ઞાન છે સુખ સ્વરૂપ તો તુ જ છો બીજે સુખનું લક્ષ તેજ અજ્ઞાન દશા છે. ૨

પ્રભુ પ્રેમમાં પવિત્રતા વસે છે ૩

ફરજ એક છે કે, કરજ પતાવી દેવુ ૪

અજ્ઞાની પોતાની ભૂલ ન જોતા બીજાની ભૂલ જુવે છે. ૫

પુણ્યના રમકડાની રમત છોડો. ૬

નેત્રની અંધતાનુ દુ:ખ થાય છે, તેવું દુ:ખ અજ્ઞાન અંધતાનું કેમ થતું નથી કારણ કે, બહિર્ગાત્મ જીવન છે અંતરમુખ જીવન જાગૃત થયુ નથી ૭

જે સ્વમાં રમે તે પરથી છુટે ૮

અનંતકાળનો પર દ્રવ્યમા રમણીયપણાના સ્વાદની પ્રવૃત્તિનો અભ્યાસ, પ્રબળ નિવૃત્તિના અભ્યાસ વિના ત્રણ કાળમા નાશ થાય તેમ નથી ૯

આસકિત દુ:ખની ખાણ છે તેનુ ભાન અત્યારે નહિ થાય તો વીતરાગની વાણીમા શ્રદ્ધા પણ નહિ થાય રાગાગ્નિનું મૂળ કલ્પના છે ૧૦

વિષયના ધ્યાનથી વિષયના સંગનું ચિત્ર ઉગે છે, તેથી કામ જાગે છે કામનાથી ક્રોધ જાગે છે, ક્રોધથી મોહ જાગે છે, તેથી સ્મૃતિ વિભ્રમ થાય છે, તે સ્મૃતિના નાશથી બુધ્ધિનો નાશ થાય છે, બુદ્ધિના નાશથી વિભાવ દશા ઉત્પન્ન થાય છે. ૧૧

- અજ્ઞાનીની બુદ્ધિ વિભાવ ભાવને કારણે મંદ હોય છે. તથા રાગ,-દ્વેષ, મોહની વૃત્તિઓને કારણે તેને પોતાની ભાવ દયા પણ આવતી

નથી. વિભાવ ભાવની આંધીમા જીવ સ્વભાવ ભાવની ઘાત કરે છે. ૧૨

સ્નેહની શૃંખલા દુઃખરૂપ છે ૧૩

પ્રવૃત્તિના કાર્યો પ્રત્યે વિરતિના બળે, મોહની ફાંસી તડ તડ તૂટી જાય છે ૧૪

ધર્મ શુભાશુભ ભાવથી પર છે. ૧૫

આત્માભાન થાય તો સત્ ધર્મનું ભાન થાય ૧૬

આત્મીક પ્રેમ સિવાય પરભાવના પ્રેમીને સત્ અવિનાશી, સુખની ગંધ પણ ક્યાથી હોય. ૧૭

આત્મ સમાધિ ભોગીયોને પ્રાપ્ત થતી નથી પરંતુ યોગીઓને પ્રાપ્ત થાય છે ૧૮

રત્નત્રયના શિખર પર સ્થિર થયેલ યોગીઓને જ સમાધિ પ્રાપ્ત થાય છે, વજ્ર જેવા કર્મના ભૂકકા કરવાની તાકાદ રત્નત્રયની સ્થિરતામા રહેલી છે ૧૯

સંસાર ક્ષોભનો ત્યાગ કરો વિસમતાથી, વિલાસની વિકારી મસ્તીમાંથી આત્માને મુક્ત કરો ૨૦

એક વાત યાદ રાખો કે સંસારને બાથ ભીડીને કોઇ પણ માનવી મુક્તિ પ્રાપ્ત કરી શક્યો નથી. ૨૧

પ્રભુનો માર્ગ સર્વ ત્યાગનો માર્ગ છે. ૨૨

ત્યાગનું બળ ન હોય, અને સમ્યક્ અને ત્યાગની રૂચી સાચવતા ન આવડે, તો સારામા સારી પરિસ્થિતી બદલાતા વાર નહિ લાગે ૨૩

# ૨૩ : સ્વાનુભવ

આત્માની અખંડ રૂચી માટે નિર્વેદ અને વૈરાગ્યનો અભ્યાસ પરમાવશ્યક છે ૧

સંસાર પ્રત્યેની રૂચી નાશ કરવા અને આત્મ રૂચી પ્રગટ કરવાની ઘણીજ અગત્ય છે. ૨

જ્ઞાનીઓના વચન પર શ્રદ્ધા થાય તો જ આત્મ રૂચી પ્રગટે. ૩

અનંત જ્ઞાનના સમુદ્ર આત્મ પ્રભુને અનુભવવા માટે અભ્યાસ દ્વારા પુરૂષાર્થ કરો તો જરૂર આત્માનુભવ થશે. ૪

અરે આત્મ તરફ દ્દષ્ટિ તો કર, તો મોહના છક્કા છુટી જશે.

હે સાધક ! તું ભેદ જ્ઞાનની જ્યોતિને પ્રાપ્ત કર. તેને પ્રાપ્ત કરીને, વિભાવોાદ અસંગથી રહિત થા નિર્મળ શુદ્ધ ભાવોનો આશ્રય કરવાથી આત્માનું જે જ્ઞાન શક્તિ રૂપે હતું ને વ્યક્તિ રૂપે પ્રગટ થશે ૬

## ૨૪ : ભવરોગ

ભવ રોગ તે દેહનો રોગ નથી પરંતુ આત્મીક અનાદિનો રોગ છે. ૧

દેહ રોગનું મૂળ ભવ રોગ છે. તેનુ મૂળ નાશ પામ્યા વિના રોગની આત્યંતિક નિવૃત્તિ થવી સર્વથા અશક્ય છે ૨

આ ભવ રોગની ભયંકર વ્યાધિયોં જીવાત્માને ઘેરી વળેલી છે. ૩

અગ્નિ સમી અનેક વાસનાઓ અનાદિથી અંતરમાં થાણુ નાંખીને પડી છે. તેની અંદર દુઃખ અને ક્લેશની હૈયા હોળી પ્રગટેલ છે. અસંખ્ય ઉપાધિના લશ્કરા આત્માને મૂઝવી રહ્યા છે. ભાવ મૃત્યુથી મારી રહ્યા છે. આ કષ્ટ સાધ્ય ભવરોગની દવા ડૉક્ટરો કે વૈદ્યો કરી શકે તેમ નથી તેમજ તેને દૂર કરી શકે તેમ નથી ડૉક્ટરો કે વૈદ્યો પણ આ ભવ રોગથી મુક્ત નથી ૪

વ્યક્તિ દેહના રોગથી મુક્ત થવા અનેક પ્રયત્નો કરે છે. પણ દેહને દુઃખ આપનાર ભવરોગ દુર કરેવાનુ આત્મ ભાન થતુ નથી. ૫

ભવ- રોગને નાશ કરવા માટે, કોઈ જડી બુટ્ટી કે રસાયણ કામ આવતા નથી. ભવ રોગનો નાશ કરવાં કુશળ વૈદ્યો જે સંતો છે તેને શરણે જવું જોઈએ. તે આત્મજ્ઞાન આપીને, ભવરોગનો નાશ કરવાના ઉપાય બતાવશે. ૬

ભવ રોગનુ ઔષધ, રામબાણ ઔષધ, સમ્યગ્દર્શન છે. તે ઔષધનુ પથ્ય નિતી, ન્યાય, સત્ય, અહિંસા, શિયળ, દયા, ત્યાગ, આદિ છે. આત્માની રમણતાના અનુપાન સાથે જો દવા લેવાય તો જરૂર જાલિમ ભવરોગનો નાશ થાય. ૭

ભવરોગની તીવ્રતા, સદ્દભાવ અને સદ્ વિચારથી મંદ થાય છે. તેની દારૂણ વેદના સત્ શાસ્ત્રોના અભ્યાસથી અને સત્ સંગથી ઓસરી

શકાય છે તેની જીવલેણ વેદનામાં સત્ સમાગમે શાન્તિ પ્રાપ્ત થાય છે પરંતુ ભવરોગની નિવૃત્તિ તો સ્વરૂપનો આશ્રય લેવાથી જ થાય છે ૮

ભવરોગનો સાચો ધનવંતરી તો પોતાનો આત્મા જ છે. ૯

તેનુ જ મનન ચિંતન તેનીજ ઉપાસના તે સંજીવની દવા છે. ૧૦

તેનું જ અખંડ રટણ તેના શરણે સર્વસ્વ સમર્પણ એજ તેની દવાનું મૂલ્ય છે. ૧૧

મિથ્યાદર્શનનો નાશ કરવાનો ઉપાય તે જ ભાવ પ્રતિક્રમણ છે. ૧૨

જે સમયે ભાવ પ્રતિક્રમણ કર્યું તેજ સમયે ભાવ સંવર અને ભાવ પ્રત્યાખ્યાન વર્તે છે. ૧૩

સંસાર પ્રત્યે વિરાગ તેજ આત્મ ગુણોની જનેતા છે ૧૪

શારીરિક, માનસિક રોગોને દૂર કરવા માટે તુરત જ સર્વ કોઇ દોડધામ કરે છે, પરંતુ યુગ યુગથી ઘર કરી ગયેલ ભવરોગ દૂર કરવાનું કોઇને સૂઝતુ નથી એ કંઈ ઓછું શોક જનક નથી ૧૫

ત્યાગ અને સંસારને વિરોધ છે સંસાર છે ત્યા કર્મ છે સંસાર પ્રત્યે નિર્વેદ લાવવા માટે આત્મ વિચારણાની આવશ્યકતા છે. ૧૬

હુ એક ચૈતન્ય મૂર્તિ આત્મા છુ. દેહ વાણીથી જુદો છું. ૧૭

ભેદજ્ઞાનની જાગૃતી પ્રગટે તો તેના વડે અવિનાશી સુખ પ્રાપ્ત થાય અને મોહજન્ય ભ્રાન્તિનો નાશ થાય ૧૮

પોતે જ્ઞાતા, દૃષ્ટા પોતાને સાક્ષી માને, પોતામાં સ્થિર થાય તે મોક્ષાર્થી છે ૧૯

દર્શન મોહનો નાશ કરી જે મોહ નિદ્રાથી જાગૃત થયો તે જીવાત્મા વિચારે કે, પ્રકૃતિ મારે આધારે નહિ, હું પ્રકૃતિના આધારે નહિ. જડ તે જડ, ચેતન તે ચેતન, હુ જડથી સર્વથા જુદો, જુદોને જુદો ૨૦

હે અજ્ઞાની ! આત્મ સ્વભાવના અજાણ એવા તેને પર દ્રવ્યને એક રૂપ માનવા રૂપ તારી ખોટી માન્યતા રૂપ ભ્રાન્તિને ભૂલને છોડી દે. ૨૧

મોહને ત્યાગી સ્વમાં લીન બન, તો તને તારૂ અવિનાશી પદ મળશે. ૨૨

હે સાધક? તારે જો ભવ સમુદ્રથી પાર થવું હોય, તો પોતાનો નિજ સ્વભાવ જે જ્ઞાનમય છે. તેને હૃદયમાં ધારીને તેમાંજ સ્થિર થા. ૨૩

પરભાવ એટલે જડ તે હુ તેવા ભાવને અને શરીર, સ્વજન ધનાદિ છે તે મારા ઉપકારી છે, એવા ભાવને ત્યાગ છોડ. ૨૪

એમ વિચારો દેહ મંદિરમાં વસનાર હુ દેવ છું, આત્મદેવ છુ. જડની ક્રિયાનો જાણવા વાળો જ્ઞાન સ્વરૂપ છું, જાણવુ તેજ મારો સ્વભાવ છે. ૨૫

આત્મજ્ઞ થયા વિના સર્વજ્ઞ થવાતુ નથી. તે હું કોણ છું તેનો વિચાર કરવાથી આત્મજ્ઞપણું આવે છે. ૨૬

હે જીવાત્મા ! તુ પુદગલના ધર્મને ચૈતન્યનો ધર્મ માની રહ્યો છો આ મૂળભૂત ભૂલ તે જ મોહ આ જડ કોઇ દિવસ ચૈતન્ય ન થાય. ચેતન જડ ન થાય. ૨૭

સ્વની જાગૃતિથી મોહનો નાશ થાય છે. ૨૮

સ્વરૂપની જાગૃતિ સ્વરૂપની વિચારણા કરવાથી જ થાય છે. ૨૯

દૃષ્ટિ જોઇએ સ્વમાં અને ગખી છે, પરમા અને તેના કારણે સ્વભાન ભૂલી આ બધાં મારા છે, અને હું તેનો છુ તેમા મોહિત મૂઢ જીવ વિભાવોને પોતાના કરતો થકો, જડ દ્રવ્યને મારૂં છે એવો અનુભવ કરી રહ્યો છે. આ અનુભવમા નરક નિગોદના બીજ રહેલા છે. ૩૦

એક આત્માને જાણતા સમસ્ત લોકાલોકને જાણવાની શકિત પ્રગટે છે. માટે, આત્માથી જુદા તેવા પદાર્થોનું વારવાર રટણ કરવાની ઇચ્છાથી નિવૃત્ત થા. આત્માનુંજ રટણ મનન કર. ૩૧

હુ અવિનાશી અંખડ શુદ્ધ નિરંજન આત્મ સ્વરૂપ છું. એવુ ચિંતન કરી તેમા મનને લીન કરવાથી મોહનો નાશ થાય છે. ૩૨

સસારી જે સુખ દુખો, છે તે પોતાના પૂર્વ કૃત છે, તેની ચિંતા કરવાથી શો લાભ. ૩૩

તત્ત્વ રહિત દૃષ્ટિ તેજ મોહ છે. ૩૪

તત્વ દૃષ્ટિથી વિચારતા તો માન, અપમાન, યશ, અપયશ, ઇત્યાદિ સાથે આત્માને કઇજ સબન્ધ નથી ૩૫

મોહના રમને વીતરાગદેવ તીખો–મદિરાપાન કહે છે, માટે તેને છોડ જો તારી દૃષ્ટિ હે આત્મન્ સ્વતરક ન થઇ તો તે માનવ તન લઈ શું સુકૃત કર્યું ? કંઇ નહિ ૩૬

નિજ રસનો એકવાર તો રસ લે નિજ રસમાં કોઇ વિકાર નથી ૩૭

તું પરનો સ્વામિ નથી પરનો સ્વામિ થઇશ તો દુખ સહન કરવુ પડશે. ૩૮

હે મૂઢ ! સાભળ, તારણહાર પૈસા નથી તારા લાખો કે, કરોડો ઓગાળીને તને પાય તો પણ તારી સદગતિ થાય તેમ નથી માટે ચેત સ્વને જાણ ૩૯

હે સાધક ? છ માસ સત સમાગમ કરી, એકાતનો આશ્રય કરીને આત્મ અભ્યાસ કર, સંસારને ભુલી માત્ર ચૈતન્ય મૂર્તિ આત્મરામનુ ધ્યાન ધર આ સુવર્ણ અવસરે તું આ અભ્યાસ નહિ કરે, તો પછી ક્યારે કરીશ. ૪૦

જિન્નાપા રૂપ બે અંગ વિવેક અને વિચાર નહોય તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય નહિ. ૪૧

## ૨૫ : વિવેક અને વિચાર

કળ એટલે જ્ઞાનની ચાવી અને બળ એટલે પુરૂષાર્થ જ્ઞાનની ચાવી વિનાનો પુરુષાર્થ અમૂલ્ય હીરાને ખર્ચી કાણી કોડી ખરીદવા બરોબર છે ૧

રોજ પ્રાતઃકાલે નિવૃત્ત મનથી ભેદ વિજ્ઞાનની શ્રેણીને ઉપાડજો હુ આત્મા એક અમૂર્તિક-ચૈતન્ય સ્વરૂપી, નિરંજન, નિરાકાર છું જ્ઞાન ચેતના અને દર્શન ચેતના રૂપ છું. અન્ય મારા સ્વરૂપે નથી, હુ અન્ય સ્વરૂપ નથી શરીર મારાથી ભિન્ન છે. હુ શરીરથી ભિન્ન છું હુ અવિનાશી છુ શરીર વિનાશી છે. મારૂ કોઈ સ્વજન પણ નથી અને દુર્જન પણ નથી હુ જ્ઞાતા દ્રષ્ટા ચેતન્ય આત્મા છુ ૨

સમ્યગ્દર્શનનો લાભ થાય તો, જીવનું અવિનાશી કલ્યાણ થઇ જાય, એક સેકંડ માત્રના સમ્યગ્દર્શનમા અનંત અનંત જન્મ મરણનો નાશ કરવાની શક્તિ છે ૩

દેહ દેવળમાં ચૈતન્ય પ્રભુ કામક્રોધાદિ વિકાર વિનાનો બિરાજે છે તેને જો તેમા દૃષ્ટિને સ્થિર કર, આમ થવાથી સ્વધર્મ થશે અને પરધર્મ છુટશે. ૪

સ્વભાવની રૂચી કરો, લક્ષ કરો, તેનો વિશ્વાસ કરો, તેનો આશ્રય કરો તે સિવાય સર્વનો વિશ્વાસ, લક્ષ, આશ્રય છોડો કારણ સુખ શાન્તિ આનંદ બધુ સ્વ સ્વભાવમા જ છે. ૫

સસારની વૃદ્ધિના જે જે કારણો તે કષાય ૬

## ૨૬ : ધ્યાન

જ્ઞાનીઓએ કર્મના પરિણામ વિવિધ કહ્યાં છે, છતાં જ્ઞાની તે સમયે શુ વિચારે છે, તે કર્મોને કારણે થતા ભાવો એ મારૂ સ્વરૂપ નથી. હુ તો એક ચૈતન્ય સ્વરૂપ છું. રાગ તે તો જડ કર્મ છે, તેના પરિણામે આ રાગભાવ પેદા થાય છે. પરતુ તે કંઈ મારો સ્વભાવ નથી. હું તો એક ચેતન્ય સ્વરૂપ જ્ઞાતા દ્રષ્ટા છુ. વસ્તુ તત્વનો જ્ઞાતા–જ્ઞાની વિવિધ ભાવોને કર્મના પરિણામો જાણી તજે છે. ૧

સાધક? જ્યારે હું એક જ્ઞાન સ્વરૂપ છુ એવું જે શુદ્ધ ધ્યાન ધરે છે તે આત્મરૂપ બને છે ૨

આત્માનુ જે ધ્યાન કરે છે તે મોહરૂપી ગ્રન્થીને છેદી નાંખે છે. ૩

મનનો નિરોધ કરી જે પોતાના ચૈતન્ય સ્વરૂપમા સ્થિર થાય છે, તે શુદ્ધ આત્માનું ધ્યાન કરનાર છે. ૪

જે આત્માર્થી સયમ યુક્ત બની જ્ઞાનસ્વરૂપ આત્માને જાણી તેનું સતત ધ્યાન કરે છે, તે પુરૂપ કર્મરજને ખંખેરી નાંખે છે. ૫

હુ તો એક છુ, શુદ્ધ છું, નિર્મળ છું તથા જ્ઞાન, દર્શનથી પૂર્ણ છુ. એ શુદ્ધ ભાવોનું ધ્યાન કરવુ અને વિકારોનો ક્ષય કરવો તે સાધકનું પરમ કર્તવ્ય છે. ૬

જ્ઞાનીના ભાવ જ્ઞાનમય હોવાથી તે કર્મોને કારણે ઉભા થતા વિભાવોને તે પોતા થકી ભિન્ન માને છે આવી સતત જાગૃતિ તે ધ્યાન જ છે. ૭

જેમ સુવર્ણને ગમે તેટલુ તપાવીએ તોપણ તે સુવર્ણપણાને તજતો નથી તેમ જ્ઞાની કર્મના ઉદયથી ગમે તેટલો તપાયમાન થાય તોપણુ જ્ઞાનીપણા રૂપ સ્વ સ્વભાવને છોડતો નથી. ૮

આત્માને પોતાના જ્ઞાન દર્શન રૂપી સ્વભાવમા સ્થિર કરી, અન્ય ઈચ્છાઓથી વિરત થઇ જે સર્વ સગનો ત્યાગ કરી. આત્માનું ધ્યાન

કરે છે પરભાવનુ ધ્યાન છોડી એકત્વનુ જે ચિંતન કરતો આત્મામાં તદાકાર જ્ઞાન, દર્શનમય થાય છે, તે મહાત્મા કર્મ રહિત શુદ્ધ આત્માને શીઘ્ર પ્રાપ્ત કરે છે. ૯

હે સાધક? વિભાવોને તજી સ્વભાવભૂત ચૈતન્યરૂપી સ્થિર સમરસી ભાવનેજ ગ્રહણ કર. ૧૦.

આત્માને જ પોતાનું નિશ્ચિત ધન જાણતો જ્ઞાની, પરદ્રવ્યને પોતાનું શા માટે માને, જો પરદ્રવ્ય મારૂ હોય તો હુ તેના જેવો જડ બની જાઉ. હુ તો જ્ઞાતા જ છું માટે પર દ્રવ્યનો પરિગ્રહ મારે ન હોય. ભલે તે છેદાઈ જાય, ભેદાઈ જાય, તેનો નાશ થાય, ચાહે તે થાય, તેમા મારૂં કંઈ જ નાશ પામતું નથી તે સર્વ ઇચ્છાઓને ત્યાગી સદા જ્ઞાતા ભાવમા સ્થિર રહે છે ૧૧

આત્માને કેવી રીતે ગ્રહી શકાય, પ્રજ્ઞારૂપી છીણી વડે, જડથી તેને જુદો કરવો, અને પછી પ્રજ્ઞા વડે જ તેને ગ્રહણ કરવો.

જ્યા સુધી પરના કર્તાપણાની બુદ્ધિ છે, ત્યા સુધી શુદ્ધાત્માની પ્રાપ્તી થતી નથી ૧૩

નિર્વેદયુકત જ્ઞાની કર્મના અનેક વિધ ફળોને જાણે છે પણ તેમા અહ મમ બુદ્ધિ ન કરતો હોવાથી, તેને ભોગવતો નથી, લિપ્ત થતો નથી. ૧૪

જ્ઞાન થતા કંઇ મુકિત તરત થતી નથી. પ્રારબ્ધ કર્મો ભોગવવા જ પડે છે પરંતુ જ્ઞાની તે તે કર્મોના ઉદયને પોતાથી ભિન્ન જાણતો તેમા અહ મમ બુદ્ધિ નથી કરતો તેથી નવા કર્મનો બધ રોકાય છે ૧૫

પૂર્વ કરેલા શુભાશુભ અનેક પ્રકારના કર્મોને કારણે થતા ભાવોમાથી આત્માને તુ મુકત કર, અર્થાત્ તેમને પોતાથી પર માની તેમા અહ મમ બુદ્ધિ કરવાને બદલે સ્વભાવમા સ્થિર થા, તેનુ નામ જ પ્રતિક્રમણ છે તેજ પ્રમાણે આગામી કર્મ કે તેના કારણભૂત ભાવોમાથી, આત્માને મુકત કરવો તેનુ નામ જ પ્રત્યાખ્યાન છે, તથા વર્તમાન દોષમાથી આત્માને મુકત કરવો તે આલોયણા છે, આમ ત્રણ કાલ સમ્બન્ધી આત્માને

કર્મથી ભિન્ન જાણવો શ્રદ્ધવો અને અનુભવવો એજ સાચુ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, અને આલોચના છે. અને એજ વાસ્તવિક ચારિત્ર છે. ૧૬

શુદ્ધ આત્મીક ભાવથી વિપરીત જે જે ભાવો તેમાં અહંમમ બુદ્ધિ તેજ અજ્ઞાન, તેના બે ભેદ છે કર્મચેતના, કર્મફલ ચેતના. જ્ઞાનથી અન્ય ભાવોમા એવું અનુભવવું કે, આને હુ કરૂં છું, એ કર્મચેતના. અને એવું અનુભવવું કે, આને હું ભોગવું છું તે કર્મફલ. ચેતના, એ બન્ને અજ્ઞાનચેતના છે. ૧૭

પ્રજ્ઞાવડે અનુભવવુ જોઈએ કે, જે જ્ઞાતા, દ્રષ્ટા છે, તેજ હુ છું. બીજા બધા જે ભાવો છે તે મારાથી પર છે. ૧૮

પર દ્રવ્યમાં આસક્તિ છે ત્યાં સુધી આત્મ ધ્યાન કેવી રીતે થાય, ન જ થાય. ૧૯

જેને દેહાદિકમાં આસક્તિ છે તે ભલે હજારો શાસ્ત્ર ભણ્યો હોય, છતાં આત્મશ્રેયઃ સાધી શકતો નથી. ૨૦

આત્મ ભાન ભૂલી વિશ્વની મોહક માયાજાળમાં આશકત થવું તે મોહનિદ્રા છે, તેમાંથી જાગૃત થાવ. ૨૧

મોહ તથા અજ્ઞાનનો નાશ કરીને, આત્માની શક્તિને પ્રગટ કરવી તે સર્વજીવોનુ લક્ષબિન્દુ હોવુ જરૂરી છે. ૨૨

શુદ્ધાત્માના અનુભવની અભાવ દશામાં જ આત્મા શુભાશુભ ઉપયોગે પરિણમીને શુભાશુભ કર્મને બાંધે છે. ૨૩

કર્મબંધનો તોડવા માટે, આત્મ સ્વરૂપમાં સ્થિરતા કરવાની જરૂર છે. આત્મધ્યાનમાં કર્મો નિર્જરી જાય છે. ૨૪

આત્માને જાણ્યા સિવાય આ વિશ્વની સર્વ વસ્તુઓનો અનુભવ કરવામા આવે તો પણ, શાન્તિ કે આનંદ પ્રાપ્ત થતો નથી. ૨૫

નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન વડે પરમાત્મ તત્ત્વનો અનુભવ થઈ શકે છે. ૨૬

આત્માનો આનંદ અનુભવ્યા પછી આ વિશ્વનો કોઇ પણ પદાર્થ તેના મનને આકર્ષી શકતો નથી, અને તેને બીજુ જાણવાની કે પ્રાપ્ત કરવાની ઇચ્છા રહેતી નથી. ૨૭

વિતરાગ, નિર્વિકલ્પતા વાળી સમાધિ તે કેવલ જ્ઞાનનુ બીજ છે. ૨૮

એક આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યુ. ૨૯

વીતરાગ ભાવ વાળી નિર્વિકલ્પ સમાધિ મોહરૂપ વાદળોના સમુહનો નાશ કરે છે. ૩૦

જેઓ પરમાત્માના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન એક ક્ષણ માત્ર પણ કરે, તો તેના પહાડ સરખો પાપનો ટગલો હોય તો નાશ પામે, આવું શુદ્ધ આત્મ ધ્યાનનુ સામર્થ્ય છે. ૩૧

શુદ્ધ આત્મ તત્ત્વને મૂકીને દેહાદિ પરભાવમાં મનને ન જવા દેવુ તે આગળ વધવાનો માર્ગ છે. ૩૨

આત્મ ધ્યાન કરવાથી આત્માનુ અનંત સુખ પ્રગટે છે, તેના સુખની આગળ આ વિશ્વનુ સુખ તૃણ સમાન પણ નથી. ૩૩

મનની સર્વ સંકલ્પ રૂપી જાળોનો સર્વથા નિરોધ કરીને, વીતરાગ, નિવિકલ્પ સ્વ સંવેદન જ્ઞાનમા એકતાર જે થાય છે. તેને આત્મિક સુખનો અનુભવ થાય છે. આ સુખ પોતાને પોતા થકી અનુભવાતુ હોવાથી સ્વસંવેદન કહેવાય છે. આ સુખ અનુભવવામાં બીજા કોઇની સહાયતા કે કોઇ વસ્તુની અપેક્ષાની જરૂરીયાત રહેતી નથી. ૩૪

શુદ્ધ આત્માજ ધ્યાન કરવો યોગ્ય છે. ૩૫

જેઓ શુદ્ધ આત્માનુ ધ્યાન કરે છે તેઓ ધ્યાન કરતાં કરતા પરમાત્મા સ્વરૂપ બને છે. ૩૬

પરમાત્માના ધ્યાનમાં આરૂઢ થયેલો જ્ઞાની, સુખ દુઃખને સમભાવે સહન કરે છે. ૩૭

વીતરાગ, ચિદાનંદ, સ્વભાવ વાળા ધ્યાનમા એકાગ્ર થવુ, લીન થવુ તે આત્માની આત્મા સાથે અભેદ સ્થિતી છે. આ સ્થિતીમા શુભાશુભ કર્મોની નિર્જરા થાય છે. પર દ્રવ્યની ઇચ્છા ન કરવા રૂપ ઇચ્છા નિરોધ તપ પણ થવાથી આવતા કર્મબંધ થવા સાથે પૂર્વ કર્મની નિર્જરા થાય છે. ૩૯

સ્વરૂપ સ્થિરતાની અગ્નિથી સત્તામાં રહેલો કર્મનો રસ શોષાઈ જનો હોવાથી તે રસ વિનાના થયેલા કર્મો પોતાની મેળે જ ઝરી જાય છે. ખરી જાય છે. ૩૯

જેઓને શુદ્ધ આત્મામાં રતિ છે તેઓજ સુખી છે. ૪૦

આત્માના વિશુદ્ધ પરિણામ તે ધર્મ છે ૪૧

શુભાશુભ સંકલ્પ રહિત શુદ્ધ સ્વભાવને સ્થિર રાખવા હે સાધક ? તુ નિરંતર પુરૂષાર્થ કર ૪૨

ચિત્ત શુદ્ધિ વિના વિકાસને અવકાશ નથી, માટે ચિત્ત શુદ્ધિ અર્થે નિરંતર પુરૂષાર્થ કરવો. ૪૩

મનાદિ વિષયાકારે ન પરિણમે તે માટે શુદ્ધ આત્મ ભાવનાનુ સ્મરણ કરવું, તેમજ તે ભાવના દૃઢ થાય તેમ કરવું. ૪૪

શુદ્ધ આત્મ તત્ત્વની ભાવના કરવી, તેનુ સ્મરણ કરવુ તે તીર્થ છે ૪૫

હે સાધક ? આ બહિર્મુખ ભાવે તું કેટલો કાળ ગુમાવીશ, જ્ઞાનીઓનો સમાગમ કર અને વિકટ પ્રસંગે મેરૂ સમાન સ્થિર રહી આત્મ ધ્યાન વડે આત્મામા પ્રવેશ કર, તેમ કરવાથી નિશ્ચય જ્ઞાનાદિ ગુણો પ્રગટ થશે ૪૬

હે સાધક ? દેહના સુખનો અર્થી થઈ આત્મ ભાવનાનો ત્યાગ ન કરીશ. આત્મ ભાવના કર, હું આત્મા છું, શુદ્ધ આત્મા છુ, નિરંજન છુ, નિરાકાર છુ, જ્યોતિસ્વરૂપ છુ, અજર છુ, અમર છુ, અવિનાસી છુ, અખંડ છુ, જ્ઞાનમય છુ, આનંદમય છું એવી ભાવના કર એ ભાવનામય થા, એ ભાવનાને આકારે ઉપયોગને પરિણમાવ આ આત્મ ભાવનાની પ્રબલતાથી આત્મા તદ્રૂપ થાય છે. ૪૭

બાહ્ય પદાર્થોના ચિંતનથી શાન્તિ મળતી નથી, પણ બંધન વધે છે, માટે બધી ચિંતા મૂકીને આત્મલક્ષ કર. ૪૮

મિથ્યાત્વ વિષય કષાયાદિ વિકલ્પોમાં પરિણમેલા મનને વિતરાગ નિર્વિકલ્પ સમાધિ વડે શુદ્ધ પરમાત્માની સાથે એકરસ કરવુ, તેનુ

નામ યોગ છે આત્મા પરમાત્મા રૂપે પરણમી રહે તેને યોગ કહે છે. મનને મારવાની શકિત ન હોય તો યોગ નકામો છે. અનંત ગુણથી પૂર્ણ શુદ્ધ આત્માને મૂકી બાહ્ય દ્રવ્યોના આલંબનથી યોગ સિદ્ધ થતો નથી. ૪૯

હે સાધક? નેત્ર અર્ધ ખુલ્લા રાખવાથી કે, બંધ કરવાથી યોગ સિદ્ધ થતો નથી. પણ મનને સર્વ પ્રકારના વિકલ્પોથી રહિત કરી શુદ્ધ આત્મસ્વરૂપમા સ્થિર કરવાથી યોગ સિદ્ધ થાય છે મુકિત પ્રાપ્ત થાય છે. ૫૦

શરૂઆતમા મનને સ્થિર કરવા સોડહમ્ મંત્રનો જપ કરોડોનો કરવો જરૂરી છે ૫૧

હે સાધક? શુભાશુભ મન, વચન, કાયાના વ્યપારરૂપ વ્યવહારમાં તને આટલો બધો રસ (રાગ) કેમ ઉપજે છે. આ માયાવી પાખંડરૂપ પ્રપચ વિનાના તારા શુદ્ધાત્માને વિતરાગ સ્વસંવેદન જ્ઞાન વડે જાણીને વિકલ્પ જાળ વિનાના પરમાત્મા ભાવમાં રહીને શુભાશુભ વિકલ્પની જાળ રૂપ મનને માર, આ પુરૂષાર્થ તારે અવશ્યક કરવા યોગ્ય છે. ૫૨

હે સાધક? શુભાશુભ રાગની સાથે મીઠા, ખાટાદિ રસની સાથે, સફેદ કાળા રૂપની સાથે, પરિણામ પામતા તારા મનને પાછુ હઠાવીને તેની પાસે આત્મ ધ્યાન કરાવ. પરમાત્માનું રટણ, સ્મરણ કરાવ ૫૩

જેવી રીતે લાકડાના (ગંજેગજ) ખડકયા હોય, અને અગ્નિનો એક માત્ર તણખો તે સમસ્ત ગંજને એક ક્ષણવારમા ભસ્મીભૂત કરી નાંખે છે તેવી રીતે કર્મોરૂપ ઇંધનના ઢગલાને આત્મધ્યાનનો અંશ માત્ર ક્ષણવારમા બાળી નાખે છે, નાશ કરે છે ૫૪

જેવી રીતે પવનના સુસવાટાથી વાદળોના સમૂહ પ્રલય પામે છે તેવી રીતે યોગીઓના શુકલ ધ્યાનથી કર્મો ક્ષય પામે છે ૫૫

યોગીઓએ સદૈવ મુકિતરૂપી પરમનંદને પ્રાપ્ત કરવા માટે નિરાકાર એવા આત્માનું ધ્યાન કરવુ. ૫૬

આ લોકમા આત્મધ્યાન એ કલ્પવૃક્ષ સમાન છે, તે વૃક્ષ જ્ઞાન રૂપી પુષ્પોથી સુશોભિત છે, અને હંમેશા સુખપ્રદ છે, એવા મોક્ષરૂપી ફળોથી લચેલુ છે ૫૭

જેમ સુર્યોદયથી અધકારનો નાશ થાય છે, તેમ યોગીના આત્મ ધ્યાનના પ્રભાવે, લાખો જન્મમાં એકત્રિત કરેલ, સર્વ કર્મો ક્ષણવારમા નાશને પામે છે. ૫૮

સકલ શારીરીક ક્રિયાનો ત્યાગ કરી મનને બ્રહ્મરધ્રમાં સ્થિર કરવામાં આવે, તે પ્રક્રિયાને સૂક્ષ્મ નિરાકાર ધ્યાન કહેવામાં આવે છે ૫૯

ધ્યાનનુ લક્ષણ ચંચલતાથી રહિત ઉપયોગને એક જ વસ્તુમા સ્થિર ચિતન રૂપ ચિત્ત નિરોધ તે ધ્યાન છે. અને તે નિર્જરા અને સંવરનુ કારણ છે. ૬૦

ધ્યાનની સામગ્રી રૂપ પરિગ્રહનો ત્યાગ, કષાયોનો નિગ્રહ, વ્રતોનો સ્વીકાર, અને મન, ઇન્દ્રિયોનો જય આ મુખ્ય સામગ્રી છે. મનને જીતવું જોઇએ મનને જીતવાથી ઇન્દ્રિયોનો પણ જય થાય છે નિત્ય સસાર માર્ગે દોડતા ઇન્દ્રિયોરૂપી ઘોડાઓને મનનો વિજેતા જ્ઞાન અને વૈરાગ્યરૂપ બે લગામો વડે રોકવા સમર્થ બની શકે છે ૬૧

જે જે ઉપાયો દ્વારા ચચલ ચિત્ત વશ કરા શકાય, તે જ ઉપાય ધ્યાનીએ સતત સેવવા જોઇએ અને તેનાથી અટકવુ ન જોઇએ ઇન્દ્રિયોના વિષયોથી પાછો ફરેલ સ્વધ્યાયમાં, સદા પ્રયત્નશીલ, અને આત્મ ભાવનાઓને સારી રીતે ચિતવનો યોગી મનને વશ કરી શકે છે. ૬૨

પુન , પુન , અભ્યાસ કરનારાઓનુ ધ્યાન પણ સ્થિરતાને પામે છે. ૬૩

ધ્યાન કરવાના ઇચ્છુંકે, સ્વાત્મ શ્રેષ્ટ છે એમ જાણીને તેમાં યથાસ્થિત રીતે શ્રદ્ધા કરીને, અને આત્માથી ભિન્ન બીજુ બધુ અનુપયોગી હોવાથી તેનો ત્યાગ કરીને, સ્વાત્માને જ સમ્યક્ જાણે અને જુએ. ૬૪

પ્રથમ પોતાના આત્મ સ્વરૂપની પુન પુન ભાવના કરે, અને મનને એકાગ્ર કરી તેમા લીન કરે. જે કાલ્પનીક ભયથી સ્વાત્મ ભાવનાનો

આશ્રય લેતો નથી તે આત્મ વિષયમાં અવશ્ય મોહ પામે છે, તેથી પર વસ્તુના અશુભ ધ્યાનમા પડી જાય છે તેથી મોહના નાશ માટે, બાહ્ય ચિંતાની નિવૃત્તિ માટે, અને એકાગ્રતાની સિદ્ધિ માટે સ્વાત્માની ભાવના કરે પ્રમાદ છોડીને સ્વાત્મની ભાવના કરે. ૬૫

આત્મ ભાવના હુ ચેતન અમૂર્ત શુદ્ધાત્મા જ્ઞાતાદષ્ટા સિદ્ધ સમાન છુ સોઽહમ્ સોઽહમ્ શરીર જુદુ છે, હુ જુદો છું, હું ચેતન છુ, શરીર અચેતન જડ છે, હું એક છું, શરીર અનેક છે, હુ અવિનાશી છુ શરીર વિનાશી છે, હું જ્ઞાન સ્વરૂપ છુ, મારૂં કોઇ નથી, હુ કોઇનો નથી, હુ આકાશ સમાન અમૂર્ત છે ૬૬

હુ કર્મ જનિત સમસ્ત ભાવોથી, ભિન્ન જ્ઞાન સ્વભાવી અને ઉદાસીન છુ એમ આત્મા વડે આત્માને જુઓ ૬૭

મિથ્યા જ્ઞાનયુક્ત મોહના કારણે મમકાર અને અહંકાર ઉપજે છે આ બે કારણોથી રાગદ્વેષ ઉત્પન્ન થાય છે તે રાગદ્વેષથી કષાયો અને કષાયમય નોકષાયો અને નોકષાયોના ભોગવટા માટે સંસાર ચક્રમા પરિભ્રમણ થાય છે. તેથી હે જીવાત્મા ? આ શત્રુભૂત મોહ મિથ્યા જ્ઞાન, મમકાર અને અહંકારનો વિનાશ કરવા માટે ઉદ્યમ કર એજ શ્રેયકર માર્ગ છે ૬૮

ભોગેચ્છાથી શરીરની ઉત્પતિ, શરીરની ઉત્પતિથી ભોગોની ઇચ્છા, આમ પરસ્પર જોડાવાથી ચક્ર ચાલ્યા કરે છે આ ચક્રમાથી છુટવાનો ઉપાય શરીરથી ભોગેચ્છાનો ત્યાગ કરવામા રહેલો છે ૬૯

કષાયોને મંદ કરવાનો ઉપાય બે પ્રકારનો છે (૧) કષાયોના દોષોનુ નિરિક્ષણ કરવુ, આ ઉપાય તીવ્ર છે, મંદ શક્તિવાળા માટે મુશ્કેલ છે (૨) ઉપાય કષાયમા ઉપયોગને જવા ન દેવો, બીજે રોકી રાખવો. "આ ઉપાય મંદ અને સલામત છે સર્વ સાધારણ માટે ઉત્તમ છે" ૭૦

વીર્ય શક્તિ યોગોની ચપળતાથી હણાય છે, અને જ્ઞાન શક્તિ ઉપયોગની ચચળતાથી હણાય છે. ૭૧

મોહનો ઉપશમ ।। મોહની પ્રકૃતિમા અથવા કષાયમા ઉપયોગને ભળવા ન દેવો, તેથી ઉદય આવેલ કર્મ પોતાની મેળે નિર્જરી જશે. અને તેથી નવીન બધ ઓછો થશે કષાયના ઉદય વખતે ઉપયોગને આત્મ ચિતનમાં રોકી રાખવો જોઇએ. ૭૨

જેવી ભાવના કરો તેવા થાઓ, પ્રથમ જ્ઞાન થાય, તે ભાવનાનો અભ્યાસ વધતાં શ્રદ્ધા થાય છે તેથી આગળ અભ્યાસ વધતાં ચારીત્ર-રૂપ તે થાય છે અને ચારીત્ર તે જ સ્વભાવ ભાનરૂપ થાય છે. ૭૩

સમાધિ વધતા વધતાં સંપૂર્ણતાએ પહોચે તેજ નિર્વાણ છે ૭૪

જીવમા શાણપણું હોય તો ભવિષ્યમાં વવતા બીજનું ધ્યાન રાખે, વર્તમાનમાં ફ્લનો ગર્વ કરીને તે નિપજાવવા વર્તમાન ઉદ્યમમાં બુદ્ધિને ન પ્રેરે. કેમકે વર્તમાન ઉદ્યમથી તે થવાનું નથી ૭૫

ઉપયોગને પરમા જવા ન દેવો, અને તેને પોતાના સ્વરૂપમાં રાખવો તે જ આગળ વિકાસનો માર્ગ છે ૭૬

મનમાં તે વિષય સમ્બન્ધી જે જે સંકલ્પો ઉત્પન્ન થાય છે, તેનો નાશ કરી નિ સ કલ્પ થવાથી કામનાઓનો નાશ થાય છે કામનાઓને અવિદ્યા કહેવામા આવે છે, તેનો નાશ કરવો તેજ મોક્ષ પ્રાપ્તીનો ઉપાય છે ૭૭

હે સાધક ? તુ કર્તા નથી, તેમજ આ દેહ પણ તુ નથી. એમ દ્રઢપણે જાણ ૭૮

સર્વ ઇચ્છા રહિત બનો, હુ ચિન્મય છુ એવી ભાવના કરો. ૭૯

હે સાધક ? મનને અમન બનાવીને જે પોતાનુ સચ્ચિદાનદ સ્વરૂપ છે, તેમાજ સ્થિર રહે ૮૦

અહકારમય ભાવનાને હુ દેહ નથી, એવી ભાવનારૂપ છીણીથી કાપી નાંખો ૮૧

કોઈ પણ પ્રકારની ઇચ્છા ન કરવી, તે મનને જીતવાનો ઉપાય છે. ૮૨

જેનું મન વાસના રહિત થયું હોય, એવા પુરૂષો વ્યવહારના

કાર્યો કરે, છતા તેઓ અકર્તા છે, ચિત્તનુ અકર્તાપણું તેજ શ્રેષ્ટ સમાધિ છે ૮૩

અચચળ ચિત્ત ધ્યાન દૃષ્ટિનુ કારણ છે, અને ચચળ ચિત્ત છે તેજ સસારનુ કારણ છે. ૮૪

અહમમનો ત્યાગકરો, પછી ઘરમાં કે વનમા જ્યા રહેવુ, હોય ત્યા રહયો. ૮૫

વાસના રહિત મન અકર્તાં છે, અને પરમપદ પ્રાપ્તીનુ કારણ છે. ૮૬

હે સાધક ? શારીરીક, માનસિક, વાચીક, કોઇપણ ક્રિયા કરતા થકા તુ કેવલ સાક્ષીભાવે જ રહે, કેવલ આત્માનુ જ અનુસંધાન કરો. ૮૭

હે સાધક ? પ્રત્યેક ક્ષણે આ હુ કરૂ છુ, એવા માનસિક સકલ્પોનો, અને આ મને પ્રાપ્ત થાય એવી આશાઓનો, ત્યાગ કરવાથી તુ નિસદેહ નિર્વિકલ્પ બનીશ. ૮૮

દેહ હુ છુ, એવા મિથ્યાભિમાનને જ સગ કહેવાય છે, અને આત્મ ભાવ તેજ અસગતા છે. ૮૯

વસ્તુની પ્રાપ્તીમા હર્ષ અને તેના અભાવમા વિશાદ થાય તે મલીન વાસનાને સગ કહે છે, હર્ષ વિશાદથી મુકત થતાં તે વાસના શુદ્ધ થાય છે, તેથી તે જન્મ મૃત્યુના કારણને દૂર કરનાર છે, જન્મ મરણના હેતુભૂત વાસનાને સગ કહેવાય છે ૯૦

અતરસ્થ શુદ્ધ ચિન્મયનુ અવિચ્છિન્ન અનુસંધાન કરવુ તે જ શ્રેષ્ટ ધ્યાન છે અને તેજ આત્મપુજન છે તેજ આત્મ ઉપાસના છે ૯૧

તેજ વિશુદ્ધાત્મા હુ છુ એવુ સ્મરણ જોતાં, સાભળતાં, સ્પર્શતા, ખાતા, ચાલતા, સુતા, શ્વાસ લેતા આદિ વ્યવહારમા વિહરતા કરવુ ૯૨

આત્મ ધ્યાન તેજ ઉપહાર છે, અને ધ્યાન એજ આત્મદેવનુ પુજન છે. એ વિના અન્ય કોઈ ઉપાયે આત્મ સાક્ષાત્કાર થતો નથી ૯૩

આત્માનુ હરદમ અનુસધાન કરવુ, એજ પરમયોગ છે, અને એજ શ્રેષ્ટ ક્રિયા પરમપદ પ્રાપ્ત કરાવે છે. ૯૪

એક જ નાના વાક્યમા સ્વરૂપ પ્રાપ્ત કરવાની કુંચી દર્શાવી શકાય છે, અને તે એ છે કે મનની શાન્ત અક્રિય અવસ્થા કરવી. ૯૫

મનના વેગનો નિરોધ કરવા માટે, મનના દષ્ટા બનવુ, વ્યવહાર કે પરમાર્થની ઉન્નતિનો માર્ગ મનની એકાગ્રતા, એ સહુથી અગત્યનું સાધન છે ૯૬

મન, વચન, કાયાના યોગથી જે મમત્વ રહિત છે, તેવો સાધક જ્ઞાનાવરણી આદિ કર્મનો કર્તા પણ નથી અને સુખ દુઃખનો ભોગતા પણ નથી. ૯૭

જીવની સત્તાનુ જે સ્વરૂપ છે તેમાં ઉપયોગને રાખવો તે જ મોક્ષરૂપ અને સ્વસત્તાને ભુલવી તેજ દોપરૂપ છે. સ્વસત્તાનુ ઉલ્લઘન કરવાથી ચારે તરફ ધામધૂમ ઉત્પન્ન થાય છે. જે પોતાની સત્તામાં રહે તે શાહુકાર અને પરસત્તાને પોતાની માને તે ચોર કહેવાય. ૯૮

હુ જ્ઞાન સ્વરૂપ છુ, ચૈતન્ય રસથી ભરપૂર છું. જે વિવિધ જાતનો આ મોહ કર્મનો પ્રપચ છે તે કંઈ મારૂ સ્વરૂપ નથી, તેતો ભ્રાન્તિ સ્વરૂપ છે હુ તો શુદ્ધ ચૈતન્યમય જ્ઞાનનો સાગર છું. ૯૯

જે સાધકના ઘટમા વિવેક પ્રગટ થયો છે તે જ્ઞાનમૂર્તિ ચૈતન્યને જડથી ભિન્ન જાણે છે અને ચેતન્યના અરૂપી જ્ઞાન સ્વરૂપનો નિશ્ચય કરી પુદ્‌ગલ દ્રવ્યનુ નાટક જોયા કરે છે ૧૦૦

જ્યારે સાધક અભ્યાસના બળે દેહ બુદ્ધિનો વિકાર તજી પુદ્‌ગલ ઉપરથી મમત્વ ત્યાગે છે, અને સ્વરૂપને જુદુ અનુભવે છે ત્યારે મોહ વિભ્રમનો નાશ થાય છે ૧૦૧

આત્મામા અનત શક્તિ છે, તેની શુદ્ધિ થતા પરભાવે પરિણમન થતું નથી. અનતા ભવ ભ્રમણનું કારણ આત્માની અશુદ્ધ થયેલ વીર્ય શક્તિ જ છે, આત્માની શક્તિ આત્મભાવે પરિણમે તો અનત કર્મથી મુક્ત થવાય ૧૦૨

આત્મા પોતાના સ્વરૂપનુ ધ્યાન કરે તો સંસાર બંધનથી મુક્ત થઇ શકે.

## ૨૭ : ભાવશુદ્ધિ

મેં વિચાર કરીને જોયું કે જ્યાં રાગદ્વેષ છે ત્યાં સુખ નથી. જ્યાં નિવૃત્તિ છે ત્યાં જ સુખ છે. જ્યાં સ્નેહ છે ત્યાં તાપ છે. સ્નેહ જ દુ:ખનું ભાજન છે. સમસ્ત દુ:ખોનું મૂળ સ્નેહ (રાગ) જ છે. અત સ્નેહ (રાગ) નો ત્યાગ તે જ મહાન સુખ છે.

સ્વાધીનતા સુખ છે. પરાધીનતા દુ ખ છે. ૨

મનુષ્યના સુખ દુ:ખ ચક્રની માફક ફરતા રહે છે. અર્થાત્ સુખ પછી દુ:ખ અને દુ:ખ પછી સુખ. માટે ધૈર્યતા છોડવી નહિ. ૩

ભૂતકાલને ભૂલી જાઓ. ભવિષ્યકાલ હજુ દૂર છે. વર્તમાનને જ સુધારો અગર સુખી થવાની ભાવના છે તો. ૪

કામ તથા મોહથી કેવી રીતે મુક્ત થવાય. રામની આવસ્યકતા કામને, અને ધર્મ પ્રીયતા અર્થાત્ સેવાધર્મ મોહને ટાળે છે. ૫

વ્યાકુલતા એવી ચીજ છે, સર્વ વસ્તુ તથા અવસ્થાઓથી અસંગ કરીને હૃદયમાં પ્રીતીની ગગા પ્રવાહિત કરે છે. ૬

સદ્‌ગુરૂ એટલે નિ સ્પૃહતાની મૂર્તિ, પ્રેમનો મહાસાગર અને પુણ્યની ગગા. તેમા શિષ્યની સ્પૃહા લય પામે. અભિમાન ખાખોચિયું ગળી જાય અને પાતકનો પુ જ શુદ્ધ થાય ૭

રસની પરાકાષ્ઠા શાન્ત રસમા છે. એમ રસશાસ્ત્ર વદે છે. કલાની પરાકાષ્ઠા અનાસકત ભાવમાં છે એમ કલાનો આત્મા ઉચ્ચરે છે. અને પ્રેમની પરાકાષ્ઠા વાત્સલય રસમાં છે. એમ સોંદર્યશાસ્ત્ર બોલે છે. યથાર્થ જ્યાં જેટલી કુદરતતા ત્યાં તેટલા જ એ સ્વાભાવિક. ૮

સ્વર્ગાદિ સંસારિક ભોગો ક્ષણિક તથા નાશમાન છે એવું જાણી આ સંસારના સર્વ ભોગોમાં સુખ રમણીયતા ન દેખવા તે સાચો

વૈરાગ્ય છે. એવા વૈરાગ્ય રૂપી શસ્ત્ર વડે સંસારરૂપ વૃક્ષનો નાશ થાય છે. ૯

સન્મુખ દેખાતા પદાર્થો પર મોહ ઉત્પન્ન થાય ત્યારે એટલું વિચારવું કે, તે વસ્તુમા મારૂ હિત કલ્યાણ કરવાની કેટલી શક્તિ છે ૧૦

જ્યા સુધી ઉપાદાનની શુદ્ધી ન થઈ હોય ત્યાં સુધી નિમિત્તો ઉત્તેજના કર્યા વિના રહેતા નથી માટે નિમિત્તોથી સંભાળવુ. ૧૧

પર વસ્તુમા શ્યે મુઝવો તેમાં શુ કલ્યાણ છે તે વિચારો. ૧૨

ક્યા આ આત્મા, ચિર અમર આનંદનો સાગર ને ક્યા આ માયા ક્ષણિક દેખાતી સાવ જુઠી. ૧૩

કામભોગ મહા ભયંકર છે એમ વિચાર. ૧૪

વસ્તુઓને ત્યાગ કરવા માટે અને દુ:ખ સહન કરવાને તૈયાર રહેવુ એજ શાશ્વત જીવન અનુભવવાનો માર્ગ છે ૧૫

સમાજ, દેશ, અને વિશ્વને, આત્માને, પ્રેમ, સત્ય અને ત્યાગની ત્રિપુટી જરૂર તારૈજ છે ૧૬

જેના દિલમાં દયા છે તેના પર પ્રભુની દયા વરસે છે અને તેને સર્વ સુખ સુલભ થાય છે. ૧૭

અહિંસક વૃત્તિ ને પ્રમાદ રૂપ ઝેરને રોકવાનુ સાધન છે. ૧૮

શ્રદ્ધા જ દિવ્ય જનની છે ને કરૂણામયી માતાના સદાચારી પુત્રો કેવલ દિવ્ય યોગી જ હોય છે. ૧૯

મનુષ્ય કર્મથી કોઈ દિવસ પરાધીન નથી. જ્યાં પરાધીનતા છે ત્યા અલ્પ જ્ઞાન છે અને જ્યા અલ્પ જ્ઞાન છે તેજ પરાધીનતા છે. ૨૦

# ૨૮: સાધક સંદેશ

બુદ્ધિમાન સાધક એમ વિચારે કે જે કામ મે પૂર્વકાલે પ્રમાદથી કર્યું હતું, તે હવે નહિ કરૂં એવી હૃદયપૂર્વક ભાવના ભાવે અને સતત જાગૃતીને સેવે. ૧

દુઃખ તે ભવભ્રમણ, દારિદ્રતા તે જ્ઞાન દર્શન રૂપ નિધાનનો અભાવ, તે દુઃખ દારિદ્રતાનો નાશ થાવ. ૨

પ્રત્યેક સમય પોતાને મહાન્ માન, વીતરાગતા શીખ, વીતરાગી વચન તથા વર્તન થાવ. સરાગથી અનંતો સંસાર છે. આ દશાને ત્યાગ. ૩

રાગ ન કર, અગર કરવો છે તો આત્માથી કર. ૪

વાંદરા જેવી ઈન્દ્રિયોને જ્ઞાન પિંજરમાં કૈદ કર. ૫

આત્મ રિપુને મારવાવાળો બન. ૬

એક એક શબ્દને મોતીથી મુલ્યવાન સમજ. ૭

વિષમવાદી જીવનનો નાશ કર સમવાદી. જીવન લક્ષગત કર. ૮

દુર્ગુણીને દયા પાત્ર ગણ સદ્ગુણીની પુજા કર. ૯

હે ચૈતન્ય? અનંત બલવાન આત્માની પાસે કર્મની શી તાકાદ છે. ૧૦

અનંતાનંત આવશ્યક સ્વરૂપમેં લીનતા, વિશેષાવશ્યક ધ્યાન, અખંડ જાગૃતિમાં લીનતા, મધ્યમ આવશ્યક પઠન, મનન, લેખન, ઉપદેશ, અનિવાર્ય આહાર નિદ્રા આદિ. ૧૧

અનાવશ્યક પંચ પ્રમાદ વિકથા, નિંદા, નિદ્રા, મદ, પ્રમાદ, આદિનો ત્યાગ કર. ૧૨

હે સાધક? અનંત ઘાતક હિંસા, વિષય, કષાય, રૂપદસ્થાનો ત્યાગ કર. ૧૩

મૈત્રીભાવથી સંસારને બાંધ. ૧૪

મસ્તક પર પહાડ પડે તો પણ એકાગ્રતા ભંગ ન થાય એવો અભ્યાસ કર. ૧૫

હે સાધક ? આત્મને ત્રાસ ઉત્પન્ન થાય તો પણ ક્ષમાનો મંત્ર દુશ્મનને શીખડાવ. ૧૬

હે સાધક ? મનની શીતલતાથી જ્વાલામુખીને પણ શાન્ત કર. ૧૭

હે સાધક ? ક્રોધની અગ્નિને હાસ્યના જલમા પરિવર્તન કર. ૧૮

હે સાધક ? પર દોષ દર્શનને ભૂલ સ્વદોષનું નિરીક્ષણ કર. ૧૯

હે સાધક ? સત્ પુરૂષોની આજ્ઞાનો અનન્ય ભાવે આરાધના કરતા શીખ. ૨૦

સદ્ગુરૂ ચરણમાં સ્વાર્પણ કર ૨૧

હે સાધક ? સ્વચ્છંદતાને ત્યાગ. ૨૨

હે સાધક ? સર્વ અવસ્થામા સમ ભાવી બન. ૨૩

હે સાધક ? ભવરોગનો નાશ કરવા સતત પ્રયત્ન શીલ બન. ૨૪

હે સાધક ? દેહ છતાં, દેહાતીત બનવાનો પુરૂષાર્થ કર. ૨૫

હે સાધક ? નિજાત્માને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બન. ૨૬

હે સાધક ? સત્ સમાગમન કરવા સદા ઉદ્યમવંત થા. ૨૭

હે સાધક ? મહાવીર પ્રભુ સમાન સમભાવી બન. ૨૮

હે સાધક ? મેઘરથ રાજા સમ અહિંસક બન. ૨૯

હે સાધક ? અગણ શ્રાવક સમાન સત્યવ્રતનો આરાધક બન. ૩૦

હે સાધક ? જિનદત્ત શ્રાવક સમ અદત્તવ્રતનો આરાધક બન. ૩૧

હે સાધક ? સુદર્શન શ્રાવક સમ શીલવ્રતનો આરાધક બન. ૩૨

હે સાધક ? પુણ્યા શ્રાવક સમ નિષ્પરિગ્રહી બન ૩૩

હે સાધક ? જમ્બુકુમાર સમ વૈરાગ્યવંત બન. ૩૪

હે સાધક ? ગજસુકુમાર સમ ક્ષમાવંત બન. ૩૫

હે સાધક ? બાહુબલીજી સમ ધ્યાની બનવા પ્રયત્નશીલ બન. ૩૬

હે સાધક ? ચંદનબાલા સમ ગુણ ગ્રાહક બનવા પુરૂષાર્થ કર. ૩૭

હે સાધક ? અર્જુનમાલી સમ સ્વદોષ દર્શક બનવા પુરૂષાર્થ આદર. ૩૮

હે સાધક ? રોહા ચોર સમ જિન વાણીને સાર્થક કરવા પુરૂષાર્થ કર. ૩૯

હે સાધક ? પ્રભવચોર સમ ધર્મમાં શ્રદ્ધાવંત બનવા પુરૂષાર્થ કર ૪૦

હે સાધક ? ગૌતમ સ્વામી સમ તત્ત્વ ગ્રાહક બનવા પુરૂષાર્થ કર. ૪૧

હે સાધક ? પૃથ્વી સમ સહનશીલ બનવાનો પુરૂષાર્થ કર ૪૨

## ૨૯ : શ્રદ્ધા

અમારૂ પ્રથમ કર્તવ્ય છે કે પોતા પ્રત્યે ઘૃણા ન કરવી. કેમકે વિશ્વાસ કરવા માટે એ અતિ આવશ્યક છે કે પ્રથમ અમે અમારા સ્વમાં વિશ્વાસ કરવો અને પછી ઇશ્વરમાં. જેને પોતાનામાં વિશ્વાસ નથી તેને પ્રભુમાં કોઇ દિવસ વિશ્વાસ હોઇ શકે નહિ. ૧

હે સાધક? તું સંસારની ચિંતા છોડ. અંતર આત્મામાં સ્થિર થઇજા ૨

હે સાધક? આત્માને જાણ્યા વિના સુખનો કોઈ ઉપાય નથી. ૩

હે સાધક? પરમા સુખ નથી. સ્વમાં તેની શોધ કર. તને સુખ પ્રાપ્ત થશે. ૪

સુખ સ્વમાં જ છે પણ ખેદની વાત છે કે અજ્ઞાનીઓએ તેને પરમાં કલ્પી લીધુ છે. ૫

હે ભવ્ય જીવો? નકામો કોલાહલ કરવામાં શુ લાભ, દેહ દેવળમાં ચૈતન્ય પ્રભુ બિરાજમાન છે. તેને જો. તેમા દૃષ્ટિ કર. તેમાં સ્થિર થા આજ સુખનો રાજમાર્ગ છે. ૬

## ૩૦ : ધ્યાનનું ફળ

જે ભવ્યો પોતાના શુદ્ધ આત્માનું ધ્યાન ધરે છે તેનો મોહ નાશ પામે છે ૧

આત્મા પરને લક્ષે જો એકાગ્રતા કરે તો પુણ્ય પાપ આશ્રય બંધની ઉત્પતી થાય છે મલીન ધ્યાનની પણ ઉત્પતિ થાય છે. તેનું ફળ સંસાર છે ૨

પરમાં કે વિકારમા પોતાપણું માની ત્યા પોતાના ઉપયોગની એકાગ્રતા કરે તો આત્માના ભાવ પ્રાણ હણાય છે ૩

મારો આત્મા શુદ્ધ ઉપયોગ સ્વરૂપ છે. તેજ અચલ છે તેમ શુદ્ધતાને લક્ષમાં રાખી ત્યાં એકાગ્ર થવું—એકાકાર થવુ તે સ્વરૂપની એકાગ્રતાને વીતરાગદેવ ધર્મધ્યાન અને શુક્લ ધ્યાન કહે છે ૪

જીવ પોતાની ભૂલ રૂપ, મૂઢતા રૂપ પોતાના ભયંકર દોષને કારણે પોતાના સ્વરૂપની અન્યથા પ્રતીતિ કરી રહ્યો છે. જ્યા સુધી આ ભૂલ રૂપ દોષ રહેશે ત્યાં સુધી ચાર ગતિના ચક્રમા દુઃખ ભોગવવાનુ રહેશે. ૫

જ્ઞાની કહે છે. સ્વપર પ્રકાશક એવુ પોતાનું જ્ઞાન તેને ન જાણે ત્યાં સુધી ચોરાશી લાખના અવતાર રોકાઈ તેમ નથી. માટે સ્વરૂપને સમજી તેમાં સ્થિર થવાનું છે. તો ભવનો છેહ આવે બીજો કોઇ ઉપાય નથી. ૬

મૂળ મિથ્યાત્વ, અજ્ઞાન, અને મોહ, તેનો નાશ કરવાનો સર્વ પ્રથમ ઉપાય સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું તેજ છે. ૭

ધર્મ ધ્યાન એટલે સ્વાત્માનો આશ્રય. આત્માના શુદ્ધ સ્વભાવના આશ્રયે જ કલ્યાણ છે. પર, આશ્રયે કદાપિ કલ્યાણ નથી તે નથી. ૮

ધર્મ ધ્યાનના બે પ્રકાર છે ધર્મધ્યાન મંદ છે, શુક્લ ધ્યાન તીવ્ર છે. તે બન્ને શ્રેષ્ટમાં શ્રેષ્ટ ધ્યાન છે. ૯

મોહ તે સમયે સમયે આત્માને મૂંઝવે તે મોહ. આત્મ તરફ ગતિ ન થવા દે તે મોહ. આવો મોહ જ્યાં સુધી જલતો હોય ત્યાં સુધી આત્મ પ્રતીતિ ન થાય. ૧૦

આ મોહના પ્રભાવે જીવાત્મા નિર્જીવ પદાર્થોમાં મારા તારાપણાનું ચિંતવન કર્યા કરે છે. ૧૧

સ્વમાં ન રમતાં પરમાં રમે, તેમાંજ આનંદ માને, તે જીવ આર્યત્વને પામ્યો છતાં અનાર્ય જ છે એમ જ્ઞાની કહે છે. ૧૨

અખંડપૂર્ણ જ્ઞાનની એકત્વ દશા છે. તેને સાધે તે સાધક. બીજું બધું બાધક છે. ૧૩

પોતાના પરિણામનું ફળજ બંધ અને મોક્ષનું કારણ છે. ૧૪

આત્મા રાગદ્વેષ, મોહ. અજ્ઞાન રહિત પૂર્ણ શુદ્ધ છે. એવો પોતે પોતાને માને, જાણે, સ્વીકારે અને તેનોજ આદર કરે તો સ્વાધીન શિવપદને વરે. ૧૫

પરભાવનો આદર કરનાર પોતાના પવિત્ર ભાવની હિંસાનુ ફળ અજ્ઞાન આવરણ પામે છે. ૧૬

એક વાત ભુલવી નહિ કે, સંસારની સાથે જકડાયેલો, માનવી ત્રણ કાળમાં મુક્તિ સુંદરીને વરી નહિ શકે. ૧૭

સંસારનો મોહ તેજ સંતાપનું કારણ છે ૧૮

અજ્ઞાની જીવો સમયે સમયે પોતાના સ્વરૂપની હિંસા કરી રહ્યા છે. એનું ફળ અનંતું દુઃખ છે. ૧૯

અનંત ભવ ભ્રમણને છેદવાનુ સાધન અખંડ શુદ્ધ અભેદ આત્માની શ્રદ્ધા સમ્યગ્દર્શન જ છે. તે શ્રદ્ધા જ ભવ ભ્રમણ છેદવાનું તીક્ષ્ણ શસ્ત્ર છે. ૨૦

નિસંગતાના સ્વરૂપવાળો ધર્મ તેજ ધર્મ અતિ શુદ્ધ છે. ૨૧

આ ઘર મારૂ, ધન મારૂં, બેંકમાં આટલી રકમ છે તે મારી. આ ઘેલછાથી પૈસાના મમત્વથી મન જરા પ્રસન્નતા અનુભવે છે. જીવે તેને

સુખ માન્યું છે. સત્ય સુખનો અનુભવ ન હોવાથી તેને તેમાં સુખ ભાસે છે પણ જ્ઞાની કહે છે. તે સુખ નામ માત્રનું જ છે. ૨૨

સુખ તો સમ્યક્ સંતોષમાંજ છે. બીજે ન શોધ. ૨૩

હે આત્મન્ તું એકવાર બધા વાડાથી અલગ થઈ જા એકાંત જ્ઞાન વિનાની ક્રિયાનો આગ્રહ ત્યાગી દે. ચૈતન્ય, વિચાર તો કર, વિચાર કરવાથી સાચું સમજાશે. સંત સમાગમ તથા સાચા પુરૂષાર્થની શોધ માટે તું એકવાર નીકળી તો પડ. ૨૪

આ જીવે પુત્રાદિમાં પોતાપણું માની આત્માની હાનિ કરવામાં કંઇ જ બાકી રાખી નથી. હવે આ સુવર્ણ અવસરે તો ચેત. ૨૫

## ૩૧ : સ્વશક્તિમાં પરિણમન કરો

મલીન પારણામોને ઉપશમાવીને ઉપયોગમા સ્થિર થવું તેજ લક્ષ, ભાવના, ચિંતન, સહજ પરિણામરૂપ કરવા યોગ્ય છે, અને સકલંક મોહ પરિણામ નાશ કરવા યોગ્ય છે. ૧

નિજ હિતનો માર્ગ લક્ષમાં આવતો નથી તેજ ખેદની વાત છે ૨

આત્મભાવને પોષો અને પોતાના અસંગપણાને સંભાળો. ૩

સ્થિર ભાવ થયા વિના ભાવ કર્મની નિવૃત્તિ થવાની નથી. ૪

હે ભવ્યો ? સર્વ મોહનો ક્ષય કરવો તે તમારા હાથમાં જ છે. જે કરવાને સમર્થ છો તેમાંજ બળવીર્યને ફોરવો. પરમાં બળવીર્યને ફોરવવુ તે શોભાપ્રદ નથી, કલંકરૂપ છે. ૫

જેટલી અશુદ્ધતા છે. તે ત્યાગવા રૂપ છે અને તે સમભાવે છોડવા યોગ્ય છે. આત્મશુદ્ધતા આદરવા યોગ્ય છે. ૬

આત્માની ઉત્કૃષ્ટ આરાધના વગર મૃત્યુંપર વિજય પ્રાપ્ત કરી નિર્વાણ પ્રાપ્ત થવાનો નથી. ૭

જીવે સાચુ સ્વરૂપ સમજવાની દરકાર કરી નથી, તેથી દુઃખનો નાશ થતો નથી. ૮

માયાના બંધન તોડયા વિના મુક્તિ નથી, વાસનાનો વિજય કર્યા વિના મુક્તિ મળે નહિ. ૯

હે ભવ્યો ? તમે બોધને પ્રાપ્ત કરો, તમે કેમ સમ્યક્ બોધને ગ્રહણ નથી કરતા. જે રાત્રી દિવસ ચાલ્યા જાય છે તે ફરી પાછા આવવાના નથી. ૧૦

# ૩૨: ચૈતન્ય નિધાન

પોતાના શુદ્ધ ચૈતન્યની વિકાસ ધારામાં સુખની પ્રાપ્તી છે. જડ પદાર્થો પાછળ ભટકવાની વૃત્તિ જ્યારે નષ્ટ થાય ત્યારે સુખ નામનો ગુણ પ્રગટે. જે સમયે જડ પદાર્થો પાછળ ભટકવાની વૃત્તિ નાબુદ થાય તેજ સમયે અપૂર્વ સુખનો અનુભવ થાય. ૧

પરથી કલ્યાણ થાય, આ બુદ્ધિને ત્યાગો, આત્માને કોઇ તારે કે ડુબાવે તેવું સ્વરૂપમાં છે જ નહિ. ૨

અનાદિ કાળની ભોગોની માંગણ બુદ્ધિને આધીન થઇને આત્મા રખડયો છે. અજ્ઞાનીને આત્મ સુખની બુદ્ધિ થતી જ નથી. ૩

અતીન્દ્રિ સુખની વાતને દિલમાં ઉતાર, તેની શ્રદ્ધા કર. ૪

જ્ઞાની કહે છે, સત્ પંથમાં જે જે વિઘ્ન રૂપ હોય તેનો ત્યાગ કર. ૫

હું પૂર્ણ જ્ઞાતા દષ્ટા છુ. આને ઘૂટો, રટો, ચિંતન કરો. એ એકજ કરવા જેવું કાર્ય છે. ૬

જે વિષયોની રૂચી વિનાના પરમ આત્મીક સુખના અભિલાષાવાળા છે. તેના જીવોને આનંદના ધામરૂપ શુદ્ધ શ્રદ્ધા વડે જ્ઞાન રમણુતા વડે સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારીત્ર જરૂર પ્રગટે છે. ૭

આત્મ શકિતમાંથી આનદ પ્રગટે છે. જે માત્ર દષ્ટિ બદલવાથી મળે છે. આત્મામા આનંદ ભરપૂર છે. ૮

પ્રથમ જ સમ્યગૂ દર્શન થતાં, સિદ્ધ ભગવાનને જે સુખ છે તેજ સુખનો નમુનો તેના વેદનમાં આવી જાય છે. ૯

સાચા શ્રાવક કૂળમાં ગળથૂથીમાંજ તત્ત્વનુ જ્ઞાન અપાય છે. નિર્વેદ અને વૈરાગ્યના ઝરણાં તે કુલમાં વહેતા હોય છે. શ્રાવકના રસોડામાં તત્ત્વજ્ઞાનની વાતો હોય, તેમાં વ્યાપારમાં સુદર, નીતિ, રીતિ, પ્રમાણિકતા હોય તેની દરેક કરણીમાં સદાચાર હોય, તેના જીવનમાં શાન્તિ અને સહિષ્ણુતા હોય, મોહ, લોભ, લબાડીપણુ, ન હોય. ૧૦

સમ્યગૂ દષ્ટિ, અને મિથ્યાદષ્ટિ એકજ પ્રકારની ક્રિયા કરતા થકા, તેમાં અંતર ઘણુ હોય. એક વિવેકથી કરે બીજો અવિવેકથી કરે, પરિણામોનોજ અંતર છે. ૧૧

## ૩૩ : મોક્ષનું મૂળ

જ્ઞાની કહે છે, સ્વપર ભેદ વિજ્ઞાન જાણવાળા જીવાત્મા આત્માર્થી, જીવ નિરંતર એવો જ અનુભવ કરે છે કે, આત્માનો સ્વભાવ રાગ, દ્વેષ, મોહ રૂપ નથી. આત્મા તો પરમ વિતરાગ, આનંદમય, નિર્મલ છે તેથી ને રાગ, દ્વેપાદિને મેલ રૂપ જાણી તેમાં રતિ કરતો નથી. ૧

જ્યાં સુધી આત્માનું ધ્યાન નથી, આત્માની અરાધના નથી, ત્યાં સુધી વીતરાગતાનો અંશ પ્રગટનો નથી. વીતરાગતા પ્રગટે તો કર્મનો આશ્રવ રોકાતો જાય. ૨

શુભાશુભ પરિણામથી આત્મજ્ઞાન પ્રગટે નહિ. ૩

આત્મઅનુભવમાં બાધક અસત્સંગ, અવિચાર અને સ્વચ્છંદતા જ છે. ૪

સંસારમા સુખ શાન્તિ નથી છતાં સંસારમાં સુખ શાન્તિ માનવી તેજ સંસારનું મૂળ છે. ૫

પોને સુધરતાં પોતાના અને બીજાના દુ:ખો ટળે. ક્ષણ ભર પણ આત્માના વિચાર વિના રહેવું નહિ. ૬

હે સાધક? તારી વિષય વાસના જ્યારે નાશ પામશે, ત્યારે હૃદય સ્ફૂટિક સમાન શુદ્ધ નિર્મલ થશે, ૮

સદ્‌ગુરૂ ચરણે અર્પણતા નથી તો તે વિના વિતરાગતાની ઓળખાણ કંઇ રીતે થશે. ૮

આત્મ સ્વરૂપને જાણવા માટે, સદ્‌ગુરૂનો સમાગમ જોઇશે. ૯

પરની ઉપાધિથી તદ્દન જુદો, એવો હું આત્મા છું એમ ભાવો, ચિંતન કરો એજ સ્વરૂપ પ્રાપ્તીનો મહામંત્ર છે. ૧૦

પર પદાર્થોના સંયોગે ઉપડતી **મારા** પણાની વૃત્તિમાં અનંત અનંત પરિભ્રમણ ઉભુ છે. ૧૧

પર વસ્તુ પોતાની થવાની નથી. છતાં અજ્ઞાની તેની પાછળ નકામો આદું ખાઇને પડયો છે. અજ્ઞાની જીવ શકિતનો પરમાં વ્યય કરી જાતે પરાધીન થાય છે. ૧૨

બસ આટલું જાણે કે, ચૈતન્ય તો એકલો જ છે. અને તેજ સુખ શાન્તિ આનંદનો સમુદ્ર છે તો અહિંઆ જ આત્મ ભાન થાય. ૧૩

પરાધીનતામાં સ્વાધીનતાનો નાશ છે. ૧૪

પરાધીનતામાંથી સુખ લેવા મથતા મથતા પરિણામે સુખને બદલે દુ ખ, શાન્તિને બદલે અશાન્તિ અને આનંદને બદલે મુ ઝવણ ઉત્પન્ન થાય છે. ૧૫

સંસારના રંગ રાગની વાતમા રસ આવે, આત્માની વાત સાંભળતા રસ ન ઉપજે, તે બધા જન્મ મરણ વધારવાના ઉપાય છે. ૧૬

ભોગની લીનતા સયમની પ્રતિપક્ષી છે. ૧૭

સમ્યગ્ દર્શનના અભાવમાં ભવ ભ્રમણ છે ૧૮

અનુકુળતા અને પ્રતિકુળતામાં જ્ઞાન જ સમાધાન કરે છે. કેવી રીતે સમાધાન કરે અનુકુળતા તે હું નહિ, રાગાદિ ભાવ તે હું નહિ, એમ જ્ઞાન પોતેજ પોતાના લક્ષે સમાધાન કરે. હું એક અનાદિ અખંડ અનંત તત્ત્વ છુ. મારે પરની જરૂર નથી. હુ સ્વતંત્ર છુ. સ્વતંત્રતાનું જ્ઞાન થાય તો તે દુ ખ અને આપદાને નષ્ટ કરવાનો ઉપાય છે ૧૯

સ્વમા સ્થિર થા. હે સાધક ? તો તને કેવલ જ્ઞાન અને કેવલ દર્શન પ્રગટ થશે. આ કામ શીઘ્રમેવ કરી લેવા જેવું છે. ૨૦

# ૩૪ : પરિભ્રમણ

ક્ષણિક સુખ પ્રાપ્ત કરવા જતાં આત્માનું અનંતુ સુખ નાશ પામે છે. ૧

સ્વને છોડી પરમાં રમવું ને સુખને તજી પીડા ગ્રહણ કરવા બરાબર છે. ૨

તું તારૂંજ શરણ ગ્રહણ કર. તેમાં જ શ્રેય છે. ૩

માયિક સુખની વાસના (ઇચ્છા) ગમે ત્યારે છોડયા વિના છુટકો જ નથી. માટે આ સુવર્ણ અવસરે કાં નથી ત્યાગતો. ૪

મોહની ગ્રન્થી તોડે તો આત્મજ્ઞાન પ્રાપ્ત થાય. ૫

કલ્પનાઓને ત્યાગી આત્મ ચિંતનમાં ઉપયોગને જોડે તો આત્મ સમાધિ પામે. ૬

આત્મ સ્થિરતા તેજ વિરતી. ૭

અનાદિનો જીવને ખોટી વાસનાઓનો અભ્યાસ છે. તેથી તે આત્મ ભાવમાં સ્થિર થઇ શકતો નથી. ૮

ભાવ તેવા ભવ. જ્ઞાનીઓનો આદર તે મોક્ષનો આદર. ૯

મોટામાં મોટું પાપ, તે અજ્ઞાન જ છે. ૧૦

વર્તમાનમા પુરૂપાર્થ કરે. અજ્ઞાન નાશનો તો જ્ઞાન પ્રગટે. ૧૧

કપાય ઘટે તો કલ્યાણ થાય. પરંતુ જીવ સુખનું ધામ છોડીને તેનાથી દૂર દૂર જઇ રહ્યો છે. ૧૨

માનવ ઇચ્છે છે, સુખ સગવડ આવે તો હર્ષિત થાય છે. દુઃખ સંકટ આવે તો તે ન જોઇએ. પણ હે ભાઇ ? વિપય કપાયનું ફળ દુઃખ સંકટ જ હોય તો પણ જગતનો મોટો ભાગ પુણ્ય અને સગવડતાને ઇચ્છે છે. ૧૩

પરના નિમિત્તે થતા ભાવ અનિત્ય છે. આ અનિત્ય ભાવને જગત જીવો પોષી રહ્યા છે. ૧૪

જે ભાવોને પોષ્યા છે. તેનુ ફળ તો આવવાનું ત્યારે કહે તે ન જોઇએ પરંતુ તે બધા ફળ તારા વાવેલાંજ છે જેવું વાવ્યું તેવુંજ લણવાનુ જ છે ૧૫

આ સુખ અને દુઃખ બન્ને અનિત્ય જ છે. તેનાથી અલિપ્ત રહે તો સત્ સમજાય. ૧૬

ભાવ પલટાય તો અનંતા ભવ પલટાય છે. પણ ભવ પલટવાથી ભાવ પલટાતા નથી. કારણ કે અનંતા ભવ પલટાયા પણ ભાવ હજુ પલટાયા નથી ૧૭

હૃદયના ત્યાગને ઓપની જરૂર રહેતી નથી. ૧૮

## ૩૫ : શુદ્ધતાની શ્રદ્ધા

સ્વભાવની ભાવના થતા પરભાવો પ્રત્યે સ્વાભાવિક વૈરાગ્ય હોય છે તેને સમ્યક્ જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. ૧

સ્વભાવ તેજ મારૂં સ્વરૂપ. મારૂ સ્વરૂપ જડ રજકણો કે રાગમાં નથી. વિકલ્પ માત્ર રાગ છે. રાગ તે બધન છે બધન તે મારૂં સ્વરૂપ નથી. ૨

જેને આત્મ વસ્તુ સિવાય બીજુ કંઇજ ન જોઇએ તેની ઓળખાણ અનિતી, વિશ્વાસઘાત કરીને કઇજ ન મેળવે, 'અપ્રમાણિકપણું' ન હોય, નિતિથી મેળવે, તેની પણ મર્યાદા બાંધેકે આટલુ જ ખપે. બીજુ ત્યાગે. ૩

વર્તમાન સ્વાર્થવશ માનવ પોતાના પાંચ રૂપીઆના લાભ માટે બીજાનું હજારોનું નુકસાન કરવા તૈયાર થાય છે. આ પ્રવૃત્તિ સસાર વર્ધક છે. તે ન ભુલો. ૪

યાદ રાખો અતરથી ઇચ્છાનો વેગ ઘટે ત્યારે જ સાચો ત્યાગ કહેવાય ૫

પરભાવની શક્તિમાં મન, વચન, કાયાના યોગોનુ અનુસધાન અંતર ભેદ જ્ઞાનથી જો ન થાય તો તે ત્યાગ છે. ૬

સસારના સુખનો રાગ ઘટી જાય તો શારીરીક, માનસિક, વાચિક દુ:ખોનો અંત આવે અને સંસાર પરિભ્રમણ પણ છુટે. ૭

સામાયિક, પ્રતિક્રમણ, પૌષધની શરૂઆત કયારે થાય. એક રૂપીયો હોય કે કરોડ રૂપીઆ હોય. પણ અન્યાય, અનિતી, અધર્મ કે જોર જુલમથી ન લીએ ત્યારે. ૮

# ૩૬ : સાધકનું લક્ષ

એક મારા આત્મા સિવાય મારે બીજુ કંઇ ન જોઈએ. ગૌતમ સ્વામિ પ્રભુને કહે છે, સામાયિક, પ્રતિક્રમણ, અને પોષધ, કરવાનો કોન અધિકારી છે પ્રભુ કહે છે. જેની કામ, અને ભોગની, અભિલાષા ઘટી હોય તે. ૧

પ્રભુ કહે છે દુષ્ટ મૂઢ અને કદાગ્રહીને સમજાવી શકાય નહિ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપની વાત, જેને ન રૂચે તે દુષ્ટ કહેવાય, સત્યાસત્ય હિતાહિતનો જે આત્મ શકિત દ્વારા નિર્ણય ન કરે, તે મૂઢ કહેવાય. વસ્તુનુ સ્વરૂપ જાણ્યા છતાં, પોતાનો હઠાગ્રહ ન છોડે તે કદાગ્રહી કહેવાય. ૨

જ્યારે પાપના ઉદયથી સંકટ આવે, ત્યારે અંતર નિરીક્ષણ કરવુ કે, સંકટ પર જેટલી અરૂચી, દ્વેષ, તેટલો શરીર પર રાગ છે આસકિત છે. ૩

જેટલી અગવડતા ગમતી નથી, તેટલો જ સંસાર ગમે છે, એમ જાણ. ૪

બધા સંસારનુ કારણ કામ ભોગનો રાગ છે, તીવ્ર આસકિત છે, મારાપણાનુ મમત્વ છે. હવે જો એ સંસારને વશ રાખુ તો સંસાર મારે વશ છે. એવો ભાવ જેના દિલમાં ઉત્પન્ન થાય તેને ધન્ય છે. ૫

પુણ્યનો રાગ તે સંસાર છે. એમ જાણ ૬

ખોટી માન્યતા પલટાવ્યા વિના ત્રણ કાળમાં સંસાર ઘટે તેમ નથી. ૭

ધ્યાનમાં અખંડ ભાવે તત્પર રહીને, આત્મહિત સાધ. ૮

શુદ્ધ આત્મ પ્રાપ્તીનુ લક્ષ રાખીને આત્માર્થે સર્વ કરણી કરવા યોગ્ય છે. ૯

વીતરાગના વચનનો અનાદર કરીને, અજ્ઞાનપણે શરીરનુ જ પોષણ કરી, તેમા જ આનંદ માને ને આ લોકના વૈરી કહેવાય. ૧૦

હિંસા, જુઠ, ચોરી, અબ્રહ્મચર્ય પરિગ્રહના પરિણામમાં જ રકત રહેનાર જીવ જે વર્તમાન સુખને જ માનનારા છે, તે પરલોકના અનંત દુ:ખ પામે છે માટે તે પરલોકના વૈરી કહેવાય ૧૧

જીવનનો સુકાની સાવધાન ન રહ્યો, કે નાવિક ઘાયલ થયો, તો આ મહા મોંઘુ માનવ જીવન, નૌકાના ખરાબીના ખડકોમાં પછડાઇ, પછડાઇને નષ્ટ થઈ જશે કાંઇક વિસ્મરણ, અને એકજ ભુલ, વિનાશને નોતરે છે ક્ષણભરની વિકૃતિ કે, વિસ્મૃતિ થઇ તો ગિરીશિખરે વહેતુ એવું આપણુ જીવન સાવ નીચે જઇને પડશે ૧૨

હે પ્રવાસી હે મુસાફર ? તુ જાગૃતિને સેવ વસતીમા વિષય–વિકારના વાવાઝોડા છે. સંસાર કારખાનામા સહારના શસ્ત્રો છે ૧૩

સત્તા કે સુવર્ણના મદના થાણા પડયાં છે અને તે સિવાય વિષય વિકારોની છોળ ઉછળી રહી છે અને તેના ઇજારદારો પાર વિનાના છે. આમ જાણી હે સાધક ? બરાબર જાગૃતિને સેવ, પ્રમાદને પરીહર. ૧૪

હે સાધક ? ભકિતમા જવાલા ન ઉઠે, જ્ઞાનમાં આગ ન લાગે, ચતુરાઈ ચુલામાં ન પડે, તેની પણ સાવધાની રાખવાની છે ૧૫

હે ભવ્ય જીવો ? કચન અને કામિનીથી સતત જાગૃત રહેવું. તેમાંથી સાવધાન રહેજે ૧૬

મતપંથે ચાલતા હોઇએ, અને તે ઉત્થનમા ભજન કે, ભકિતની ધૂન ચાલતી હોય, તેમાં જાગૃતિ ન રહે તો ઉન્મત ઇન્દ્રિયો વિષય વાટે જરાવારમા નીચે-ધસડી જાય, માટે સાવચેત રહે ૧૭

દુષ્ટ વિચારે કામભોગના પડકારા તાગ પર ચડી આવે, તો તેવે વખતે જાગૃતિ ન રહી તો રાક્ષસી થાપો મારીને તને ઘાયલ કરી ધૂળ ચાટતો કરી મુકશે. તેવુ ન બને, માટે સતત જાગૃત રહે ૧૮

અંતર શત્રુ કામ, ક્રોધ, માન, માયા, લોભ, મદ, અહંકાર, તે બધા લુટારા છે, સમય આવ્યે તારી આત્મીક સંપત્તિને ન લુટી જાય, તે માટે હે સાધક સતત જાગૃતિ સેવ ૧૯

દુષ્ટ વૃત્તિઓ, મલિન વિકારો, મનના ભૂત અને વ્યર્થ વિચારો, એ પણ પ્રભુ સ્મરણમાં વિક્ષેપ ન નાખે, તે માટે હે સાધક, સતત જાગૃતિને સેવ. ૨૦

હે સાધક ! ક્ષણે ક્ષણે વિચારીને પગલુ ભરવાનુ છે. તારે હાથે સત્યનું ખડન ન થાય, રક ન રીબાય અને કોઈ નિર્દોષ માર્યાં ન જાય, તેમાજ તારી શોભા છે. ૨૧

જીવનમાં જાગૃતિની ખુબ જરૂર છે. જાગૃતિ તે જ જીવન છે. ૨૨

અનંત ગુણવાન આત્મ પ્રભુ પર પ્રેમ થશે, ત્યારે સાચી અને સ્વ દયા કહેવાશે. ૨૩

જેને સ્વ, અને પરનો વિવેક નથી, અને પરને સ્વ માની બેઠો છે, તે મિથ્યાત્વ છે, તેવી બુદ્ધિનો નાશ કરવાનો આ સુવર્ણ અવસર મળ્યો છે, તો તે કાર્ય કરશો, તો કલ્યાણ થઈ જશે ૨૪

સત્‌ની ઉપાસનાને પંથે ચાલનારને અસત્‌નો પડછાયો પણ ન આવવો જોઇએ. ૨૫

## ૩૭ : જીવવાની કળા

જ્ઞાનસ્ય ફૂલ વિરતિ, જ્ઞાનનું ફળ વિરતિ વૈરાગ્ય છે. ૧

આહારનો ઉપયોગ પ્રાણધારણ માટે છે, પ્રાણધારણ તત્ત્વજ્ઞાન માટે છે. ૨

સયોગોના અભાવમા ઇન્દ્રિયો શાંત રહે તે કંઇ ઇન્દ્રિય જય કહેવાય નહિ. ૩

સયોગ હોવા છતા, ઇન્દ્રિયો પ્રલોભન ન પામે. તેને ઇન્દ્રિય વિજય કહેવાય ૪

વસ્તુ કે ભોગની ઇચ્છાને ઉગતા સમાવવી તે સાધના છે, એટલે તે જ્ઞાનનું બીજ છે ૫

વસ્તુ કે ભોગ પૂર્વના પુણ્યના કારણે પ્રાપ્ત થયા છતા, તેમાં જરા પણ આસક્તિ ન રહે, તે જ સિદ્ધિનો માર્ગ છે. ૬

ઇન્દ્રિયો સતેજ થાય, તો તેનો સત્વર નિગ્રહ કરવો, તેજ જ્ઞાનનુ ફળ છે આસક્તિનો નાશ થયે વિરતિ પ્રગટે. ૭

હર્ષનો વ ટોળ ન ચડે, કે શોકનો ખાડો ન પડે, એવી જ્ઞાનની અખ ડ પ્રસન્નતા, તે જીવન મુક્તની અવસ્થા છે ૮

સમજને, જીવી નાખવાથી નહિ, પણ જીવી જાણવામા આત્માની પ્રસન્નતા છે, પ્રસન્ન થયેલો આત્મા તને તારી વિભાવ દશામાંથી મુક્ત કરાવશે. ૯

અનંત કાળ જીવી નાંખ્યો છે, પણ જીવી જાણ્યુ નથી તો બાકીની જીદગી જીવી જાણવી જોઇએ, તેજ જીવનની કળા, આ કળા શીખ. ૧૦

આત્મર્થે જીવવું તેજ વિરાગ અને ભક્તિ, અને યોગ છે. ૧૧

સંસાર અર્થે જીવવું, તેજ ભોગ અને વિલાસ છે. ૧૨

આત્માર્થે જીવ્યા તો જીવી જાણ્યુ, તેજ જીવનની કળા સંસાર અર્થે જીવ્યા તો જીવી નાખ્યુ પહેલા જીવનમા વૈરાગ્ય છે બીજા જીવનમા મોહ છે. મોહને જીતવો તેજ જીવન જીવવાની કળા છે ૧૩

સર્વભોગ વિલાસની વૃત્તિનો ત્યાગ કરીને, સ્વ સ્વરૂપમાં સ્થિતી કરવી, તેજ મુક્ત દશા છે. ૧૪

અહંકારનુ અવસાન, એટલે આત્માનો સાક્ષાત્કાર. ૧૫

પાચ ઇન્દ્રિયોના વિષય ભોગો ન ભોગવવા તે કઇ વૈરાગ્ય નથી પણ તેની આસક્તિ અને તેની ગુલામી વિવેકના શસ્ત્રથી, તથા સાચી શ્રદ્ધાથી તોડવી તેનુ નામ સાચો સમ્યક વૈરાગ્ય છે ૧૬

સ્વ સ્વરૂપને શોધે છે તે તેને જાણે છે, સ્વરૂપને જાણનાર સ્વરૂપમય બને છે. ૧૭

સ્વરૂપની આરાધના કરનારને જરૂર સ્વરૂપ સાંપડે છે ૧૮,

સ્વરૂપનુ ધ્યાન કરનાર, રમણ કરનાર, ઝુકી જનાર, તે સ્વ સ્વરૂપમય જરૂરથી થાય છે ૧૯

# ૩૮: વહેતી અને રહેતી લક્ષ્મીનું રહસ્ય

અસ્થિર, મનવાળાને સ્થિર અને નક્કર વૈરાગ્ય ક્યાથી સભવે, સ્થિર અને અચલ વૈરાગ્ય આવ્યા વિના સસાર બધન છુટે નહિ. ૧

વસ્તુ માત્રની ઇચ્છા ન કરવી તે વૈરાગ્ય છે, પ્રાપ્ત વસ્તુમા અનાસક્તિ, અને ઉદાસીન ભાવ રાખવો તે ઉચ્ચ વૈરાગ્ય છે ૨

દેહાદિનો અધ્યાસ છોડી, આત્મામાં એકાકાર થવુ, તે ઉત્તમમા ઉત્તમ શ્રદ્ધા પૂર્વકનો વૈરાગ્ય છે ૩

બાહરથી ત્યાગી થઈ. મનમા વિષયોનુ સ્મરણ અને તેના વિચારો કર્યા કરે તે વૈરાગ્યને નામે મિથ્યાચાર છે, ઢોંગ છે, ચિત્તને વિષયાધીન થતુ રોકવુ તેજ વૈરાગ્યનો ખરો અર્થ છે ૪

સુવર્ણનો મોહ જ જહર છે, અને દોષોનુ ઘર છે. ૫

સુવર્ણનો મોહ નષ્ટ થાય તો, દોષોનો નાશ થઇ, ગુણો પ્રગટે છે. પણ અર્થે, અને કામે, માનવને પાગલ કર્યો છે. ૬

પ્રાણોના પોષણ અને રક્ષણ માટે કેટલી લક્ષ્મી ખર્ચે છે તેટલી ધર્મ માટે ખર્ચતા કેમ અચકાય છે. ૭

પ્રાણ અને લક્ષ્મી તો વહેતા છે ૮

હે ભવ્ય જીવો ? રહેતી લક્ષ્મીની પ્રાપ્તી માટે, ધર્મની વૃદ્ધિના કારણે વહેતી લક્ષ્મીનો મોહ છોડો ૯

રહેતી લક્ષ્મી કાજે વહેતીને ઉડાડી દીયો, એજ શ્રેયકર છે ૧૦

રહેતી લક્ષ્મીને નહિ જાણનારે, વહેતી લક્ષ્મીને સર્વસ્વ માની છે ૧૧

વહેતી લક્ષ્મીનુ અર્પણ, રહેતી લક્ષ્મી માટે કરવાનુ છે તેને ધર્માર્થે ખરચી નાખવામા નુકશાન નથી આ વાત ખુબ લક્ષમાં રાખી અતરમા ઉતારજો. ૧૨

જે વહેતી લક્ષ્મી માટે માનવ અન્યાય, અનિતી, અધર્મ, કાળાબજાર કરે છે, અને સ્વાર્થવશ માનવ મટી હેવાન બને છે. પરંતુ

જ્ઞાની પુરૂષોએ તે લક્ષ્મીને ચંચળ, અસ્થિર, અને વહેતી કહેલ છે, તેનો શું તને અનુભવ નથી. ૧૩

હે માનવ ? તુ લક્ષ્મીની લાલસા વશ, તેની પાછળ તારો અમુલ્ય સમય અને શક્તિનો દુર્વ્યય કરી રહ્યો છો, તેનું ભાન કર, સાવધાન થા. ૧૪

સાવધાન થઇને શક્તિનો સદ્વ્યય કરવા પ્રોત્સાહિત બન. ૧૫

રહેતી લક્ષ્મી ને તો આત્મીકગુણો છે. ૧૬

જેની તું ઇચ્છા કરે છે, તેતો વહેતી લક્ષ્મી છે. ૧૭

રહેતીનો અનાદાર કરી વહેતીને વળગનાર દુ:ખી થાય છે. ૧૮

માટે રહેતીનો આદર કરવા વહેતી લક્ષ્મીનો ત્યાગ કર. ૧૯

## ૩૯: વૈરાગ્ય

સાચા વૈરાગ્યના પાયા પર જ્ઞાનનો દિવ્ય મહેલ બંધાય છે. ૧

આસક્તિ મારાપણાના અવિદ્યા જન્મ મોહથી ઉત્પન્ન થાય છે. જ્યા સુધી બુદ્ધિમા મોહ છે, ત્યાં સુધી વિષયોમાંથી સુખ બુદ્ધિ જતી નથી. વિષયોનો ત્યાગ મન મારવામા છે. વેશ પલટાવામા નહિ. ૨

ભુજાના ઓસીકા, અને પૃથ્વીના બિછાનામા જે આનંદ અને શાન્તિ વૈરાગીને મળે છે, તે શાન્તિ, તે સુખ, તે આનંદ, વિષય સુખના રાગીને મળતા નથી. ૩

પર પદાર્થો અને પરભાવમાં અનાદિનો પ્રેમ વહી જ રહ્યો છે તે તો સંસાર દુ:ખનું કારણ છે. એમ યથાર્થ સંત સમાગમે સમજાય ત્યારેજ, પ્રેમનો પ્રવાહ વીતરાગ મૂર્તિમંત મોક્ષ સ્વરૂપ એવા પોતાના જ્ઞાન સ્વભાવ તરફ વર્તે, તો આત્મ સાક્ષાત્કાર થાય. ૪

આત્મજ્ઞાની–સદ્જ્ઞાની ગુરૂની ભક્તિને, વિનયને, ઠામ, ઠામ, પ્રધાન પદ આપ્યુ છે. ૫

## ૪૦ : સ્વરૂપ સ્મૃતિ

આત્માની વર્તમાન સ્મૃતિથી શો લાભ થાય, અનંત સંસારના દુઃખોની નિવૃત્તિ થાય, આત્માની સ્મૃતિ વિના નિવૃત્તિ ન થાય ૧

હે સાધક ! આત્મ ચિંતનમાં કંઇજ કષ્ટ નથી. તો હે આત્માર્થી શુદ્ધ સ્વરૂપનો તું કામી બન. શુદ્ધ આત્મ સ્વરૂપનો પ્રેમ, અને આદર કર ૨

અનંત સુખપ્રદ આત્મ સ્મૃતિ અર્થાત્ અનંત સુખપ્રદ આત્મ મનન, આત્મ રટણ આત્મ ભાવનાના સતત અભ્યાસથી અપૂર્વ આત્માનુભૂતિ પ્રાપ્ત થાય છે. ૩

વિભાવમાંથી સ્વભાવમાં આવવું હોય તો વૃત્તિને સર્વ પર પદાર્થોમાંથી પાછી વાળીને શુદ્ધ આત્મ સ્વરૂપમાં જોડવી જોઇએ. એટલે પરભાવ દશા દુર થઈ સ્વભાવ દશા પ્રગટશે. ૪

અનિત્ય પદાર્થમાં રંગાયેલા વિષય કષાયના તીવ્ર રાગી, નિત્ય એવા આત્માનું સ્વરૂપ જોવા જાય તો ક્યાંથી દેખાય ૫

પ્રભુ કહે છે અનિત્ય પદાર્થ પલટાય છે. તેવા પદાર્થ પર તીવ્ર પ્રેમ કરનાર તે આત્મા પોતાનો નિત્યતાનો સ્વીકાર કરતો નથી ૬

સંત સમાગમ અને તેની વાણીનો યોગ મળવો તે પુણ્યના મીઠાં ફળ છે. તે પૂર્વ પુણ્યથી આ બધું પ્રાપ્ત તો થયું, પણ આત્મ વિચારણા તથા આત્મસ્મૃતિ કરવી, તે પુણ્યનું કામ નથી. તે તો તારા પુરૂષાર્થનું કામ છે ૭

નિશ્ચય કરો કે સ્વતંત્રતા પોતાની છે, એટલે જાણવું સમજવું તે પોતાનું કામ છે સ્મૃતિમાં નિવૃત્તિ કરી સ્વભાવ દશા પ્રગટ કરવી તે પોતાનું કામ છે. ૮

આ આત્મા ચાર ગતિમાં આત્મજ્ઞાનને અભાવે ભટકે છે ૯

આત્મા અંતર્મુખ થઇ સાધન કરે બાકી જીવે ઘણા સાધન કર્યા, પણ પોતાનું અંતર સાધન શું તે સમજ્યો નથી. ૧૦

શરીર આદિની પ્રતિકુળતા, અનુકુળતા તે મારૂં સ્વરૂપ નથી. (આ નિર્ણય બોલવારૂપ નહિ આચરવારૂપ કરજો) હું તો બધાને જાણનારો, દેખનારો છું, મારામાંજ મારૂં સુખ છે. મારામા જ મારી શકિત અને આનંદ છે. માટે હે આત્મન્ અંતર શોધ આદર. ૧૧

સંકટ સમયે આત્મસ્થિરતા, આત્માનંદ અનુભવતા શીખો, તો આદત પડીને છેવટે અભ્યાસ પ્રબળ થતો, થતો ક્રમે અખંડ આનંદરૂપ સ્થિતાને લાવશે. ૧૨

જોનો ખરો, કેટલી માનની મોટાઈની રુચી છે. પરદ્રવ્ય, પરપદાર્થ અને પરભાવની રૂચી છે, હવે તો સમજ તારો આત્મા પરિપૂર્ણ આનંદ રસથી ભરપૂર છે. પરભાવની રૂચી છોડી, હવે આત્મ તરફ દષ્ટિ કર, તેની શ્રદ્ધા કર, તેનો વિશ્વાસ કર, તેમાં એકાગ્રતા કર, તો પરનો રાગ નાશ થશે તો સર્વજ્ઞતા પ્રગટ થશે. ૧૩

## ૪૧: સમયની પરખ

હે માનવ પાંચ ઇન્દ્રિયોના શુખ માટે, કાર્યો કરવાની જરૂરિયાત તને લાગે છે અને તે ન થાય તો દુ:ખી થઈશ. આ કલ્પના પણ મનમા ઉભી છે, પણ જ્ઞાની પોકારીને કહે છે. હે ભાઇ ? જરા આમ તો જો વિચાર તો કર આત્મિક સુખના વિચારના કાર્યો કર્યા વિના અનંતો કાળ તારે દુ:ખજ ભોગવવાનું રહેશે, અને અનંતો સંસાર પરિભ્રમણ કરવો પડશે આ વાતને અંતરમા તો ઉતાર અને ચેત ૧

જડને જડ માનવાને બદલે જે જીવો એ જડમાં આત્મબુદ્ધિ કરી રહ્યા છે, એને જ્ઞાનીઓ કહે છે. હે જીવાત્માઓ તમે ભૂલ્યા છો એવાં ભૂલ્યા છો કે, અનંત કાળમાં પનો ખાવો મુશ્કેલ છે. ૨

આત્મા જેવો આત્મા પોતાના સ્વભાવને વીસરીને પોતાને જડ સ્વરૂપ માને છે. તેજ ખેદનો વિષય છે ૩

ઉદય કર્મને ભોગવતા સમભાવની શ્રેણીમાં પ્રવેશ કરીને, અબંધ પરિણામે વર્તશે તો તે આત્મા જરૂર ચૈતન્યે શુદ્ધિને પામશે. ૪

સ્વ પુરૂષાર્થથી જાગ્રત થાય, તો જ જાગૃત થયો ગણાય. ૫

હે માનવ ? જો તું વિશ્વની માયામય વસ્તુમાં મુંઝાય નહિ, તારી ઇચ્છામાં તું ન રોકાય, તો સંતોષ અવશ્ય પ્રાપ્ત થાય ૬

પરની ઇચ્છા તે વિભાવ ભાવ છે. પોતાને જાણવાનો ભાવ તે સ્વભાવ ભાવ છે સ્વભાવ તરફ વળતાં કર્મનો નાશ છે. પર ભાવની ઇચ્છા કરે તો કર્મ બંધ છે તેનું વિચાર ૭

સ્વરૂપ દૃષ્ટિ અને વીતરાગભાવ તે જ સંવર નિર્જરાનુ કારણ છે. તેથી પરભાવનો રાગ ઘટે, તો નિર્જરા થાય ૮

હે ભવ્ય ? જીવો, મમત્વ ભાવ ઘટાડવાનું શ્રદ્ધાન તેજ સમ્યગ્દર્શન, રાગ મટાડવાનુ જ્ઞાન થાય તે સમ્યક્ જ્ઞાન, રાગાદિ ઘટાડવાનુ આચરણ થાય તે સમ્યક્ ચારિત્ર છે. ૯

વીતરાગ ભાવ તે જ સંવર અને નિર્જરાનુ કારણ છે. તેથી રાગાદિ ઘટતાં નિર્જરા છે. અને રાગાદિ વધતા વધાતા બધ છે. માટે હે ભવ્ય જીવો ? રાગાદિ ઘટાડવાનું શ્રદ્ધાન, તે સમ્યગ્દર્શન છે, રાગાદિ મટાડવાનુ જ્ઞાન થાય તે સત્યક્ જ્ઞાન છે, રાગાદિ ઘટાડવાનું આચરણ થાય તે સમ્યક્ ચારિત્ર છે ૧૦

દર્શનમોહ છે તે આત્મ સ્વરૂપનું ભાન થવા દેતો નથી માટે હે ભવ્યો ? તેને જ્ઞાન અને વીર્યના બળે નાશ કરીને, સ્વરૂપમાં સ્થિર થાઓ. ૧૧

જ્ઞાનીના વચન પર અખડ શ્રદ્ધા હોવી જોઈએ. ૧૨

જેને આત્મીક સુખ જોતું હોય, તેને સસાર સુખ પસંદ ન હોય. બન્નેની દિશા જુદી છે. ૧૩

પ્રથમ સસારની લોલુપતા ઘટાડીને તત્ત્વ શ્રવણ કરવા માટે નિવૃત્તિ લેવી જોશે. પછી શ્રવણ કરેલ પર વિચારણા કરે, વિચાર કરે, તો આત્મતત્ત્વની રૂચી જાગે. ૧૪

પણ જે વ્યક્તિને સત્યના શ્રવણ, મનન, ધારણાનો અભાવ છે, તેને સત્ય સ્વભાવની રૂચી ક્યાથી થાય અને રૂચી વગર સત્ય સમજાય જ નહિ અને પરિણમન તો પછી ક્યાથી થાય અને ત્યારે ધર્મ પણ ન જ થાય. ૧૫

પરિભ્રમણ કરતા ઘણો કાળ વહી ગયો છે, તેનુ કારણ દર્શન મોહ છે હવે આ સુવર્ણ અવસર મળ્યો છે. તો વધાવી લ્યો, અને સ્વભાવની સભાળ કરે તો આત્મા પોતેજ ભગવાન બને છે ૧૬

ચૈતન્ય તત્ત્વ ચૂકીને, એકાગ્રતા થાય, તે રૌદ્ર ધ્યાન છે. સાધારણ વિકારમા એકાગ્રતા તે આર્ત ધ્યાન છે. શાન્ત મૂર્તિ ચૈતન્યમાં એકાગ્રતા થતા તે બન્ને પ્રકારના ખરાબ ધ્યાન રહેતા નથી ૧૭

શુદ્ધ આત્મ સ્વભાવ તે જ ધ્યાનનુ ધ્યેય ૧૮

શુદ્ધ આત્મસ્વભાવને ધ્યેય કર્યા વિના ખરૂ ધ્યાન થાય જ નહિ ૧૯

પુણ્યથી ધર્મ થાય છે. એમ સમજે તેને આત્મનુ ધ્યાન ન જ હોય. ૨૦

આત્મામા સુખ નામની શક્તિ સદા વાસ કરીને રહેલ છે. જો આત્મ શક્તિનો વિશ્વાસ કરીને સ્વ સન્મુખ થાય તો સુખ જરૂર પ્રગટે, બહારમા તે છે નહિ, જ્યાં છે, ત્યા શોધો. ૨૦

## ૪૨ : જ્ઞાનપિપાસા

ચૈતન્ય સ્વરૂપમા એકાગ્ર થતા અન્ય પદાર્થોની બધી ચિંતા ટળી (નાશ) જાય તેનું નામ ધ્યાન છે. ૧

સ્વસ્વરૂપમા એકાગ્રતા વગર ચિત્તનો નિરોધ કોઈ પણ પ્રકારે થાય નહિ. ૨

ચૈતન્ય સ્વભાવના નિર્ણય વગર કોઈ એકલા રાગ, દ્વેષનો નાશ કરવાની વાત કરે તો તદ્દન જુઠી છે. ૩

સ્વની અસ્તિ વિના રાગ દ્વેષની નાસ્તિ થશે નહિ. ૪

દાન શિયળના સમયે વાયદા કરે છે. સ્વરૂપ સમજવાના વાયદા કરે

છે. આવા જીવોનો વિચારમાંજ વખત પસાર થઇ જાય છે અને સ્વ સ્વભાવની પીછાણુ કરતો નથી. ૫

જ્ઞાનીયોની ભલામણ છે કે આ સુવર્ણ અવસરને ઠોકર ન માર. તારા સ્વરૂપને સમજવાનો પુરૂષાર્થ તું તુરત જ કર, અને વીતરાગ માર્ગમા સ્થિર થા. ૬

## ૪૩: દર્શન મોહ

પરસ્વભાવમાં, પોતાપણાની બુદ્ધિ તેજ દર્શન મોહ છે ૧

પરમાં પોતાપણુ દર્શન મોહ મનાવે છે ૨

સમ્યગ્દર્શન સમ્યક્ બોધ દર્શન મોહના નાશથી થાય છે ૩

આત્મા પરથી ભિન્ન છે. તેવુ કેવલ સ્વરૂપનુ યથાર્થ ભાન તે સમ્યગ્દર્શન છે. ૪

પરભવમાં સુખી થવા દર્શન મોહનો નાશ કરવા સત સગ કેટલો કર્યો, સ્વ સ્વરૂપમાં સ્થિર થવા પુરૂષાર્થ કેટલો કર્યો. આવો વિચાર હે માનવ તુ કોઇ દિવસે કરે છે કે કેમ તે વિચાર એજ આજ વિચારવા જેવુ છે ૫

મન પુદ્ગલ પરમાણુ નું બનેલ છે, તે જડ છે. તેનુ પરિણમન સમયે સમયે થાય છે. તે બધાનું પરિણમન હુ કરૂં છુ, વિષય સુખ તે હુ છું તેવી માન્યતાને પ્રભુ મિથ્યાત્વ કહે છે ૬

હું બાહ્ય પદાર્થોથી તદ્દન ભિન્ન છું. કોઇ બાહ્યનો પદાર્થ મને શરણભૂત નથી. મારા આત્મા અચલ છે તેજ મારો આત્મા મને શરણ ભૂત છે. તેમાજ મારૂ સુખ છે આમ આત્મ નિર્ણય કરતા તેજ અભ્યાસ દ્વારા આત્માની શુદ્ધતા થાય છે. આજ સસાર મુક્તિનો ઉપાય છે. ૭

દૃઢ મોહની ગ્રન્થી આત્મ ધ્યાન દ્વારા તૂટી જાય છે. ૮

જેનું ધ્યાન કરવુ છે તે આત્મ સ્વરૂપને પ્રથમ ગુરૂ ગમ્યથી જાણીને ધ્યાન કરવાનુ છે જાણ્યા વિના ધ્યાન થાય નહિ. આત્મ

સ્વરૂપને જાણે તો મોહનો નાશ થાય. ૯

સંતો ડોકટર છે ડોકટરની જેમ રોગી આજ્ઞા માને તેમ ભવનો રોગી સંતની આજ્ઞા પાળે તો જરૂર કલ્યાણ થાય પાંચ ઇન્દ્રિયોના વિષયોમાંથી સુખ બુદ્ધિનો ત્યાગ કરી, આત્મામાં સુખ બુદ્ધિ કર તો તારા બધા રોગોનો નાશ થશે, અને હે ભવ્ય ? તેથી તારૂં અવિનાશી કલ્યાણ થશે ૧૦

સત પુરૂષોમાં તુ સ્વકલ્યાણ માટે વિશ્વાસ કર. ૧૧

## ૪૪ : આત્મ વિવેક

હે ભવ્ય તારે સંસાર ચક્રથી મુક્ત થવુ હોય તો તારા ઉપયોગને તારામા જોડ. આત્મામા ઉપયોગ જોડયા વિના, વિષયમા સુખ બુદ્ધિ ટળે નહિ. ૧

જ્યાં સુધી જેના મનમા પાંચ ઇન્દ્રિયોના વિષયોના પરિણામ અને મોહરૂપ આવરણ ઉભાં છે, ત્યા સુધી સદગુરૂના વચન રૂપી પારસમણી તેને સુવર્ણ સમ નિર્મળ બનાવી શકે નહિ. ૨

મારો આત્મા પરમાનંદથી, ભરેલો છે, સુખનો સાગર છે. એવો જેને ભાવ નથી. રૂચી નથી, જીજ્ઞાસા નથી વલણ નથી તે જીવ ભોગ હેતુ ધર્મને એટલે પુણ્યને શ્રદ્ધે છે, ચૈતન્યના અતીન્દ્રિય સુખનો જેને અનુભવ નથી, લક્ષ નથી, તેને ઉંડાણમા ભોગનો હેતુ પડયો જ છે. ૩

પોતાની જે આત્મદશા તે નિર્ભય દશા છે. અને વિભાવ દશા છે તે ભયવાળી દશા છે ૪

## ૪૫ : અહંકારનો ત્યાગ

હે ભવ્ય ? જડ ચેતન બન્ને જુદા છે, એવો જ્ઞાનથી નિશ્ચય કર સ્નેહરાગ, દષ્ટિ રાગ, આતો બધા વિકાર છે. તે બધા જડ છે, તે સર્વથી જુદો તુ જ્ઞાન સ્વરૂપ છો ૧

જ્ઞાનીને પણ વિકલ્પ આવે છે. પણ તે સ્વરૂપને જાણીને જાગ્યો છે તેથી વિકલ્પોને હેય માને છે ૨

મોહીમૂઢ, અજ્ઞાની, જીવ વિકલ્પોને ઉપાદેય માને છે. ૩

જ્ઞાની કોન ? જેણે પોતાના આત્માને જાણ્યો છે અને તેને જ પોતાનો માને છે. તેને રાગનો વિકલ્પ આવે છતા તે નિર્મોહી છે, અમૂઢ છે. ૪

હે ભવ્યો ? પરપદાર્થોમા મારાપણારૂપ મોહને, અત્યારે જ છોડો અને જ્ઞાનને આસ્વાદો, સ્વને અનુભવો, કારણ કે મોહ વૃથા છે અને તે તમારાથી જુદો છે અને તેના કારણે જ તમો દુખ ભોગવી રહ્યા છો. ૫

મોહ તે માત્ર કલ્પનામય અસત્ છે મોહ અસફળ છે, અને અમોહ સફળ છે, મોહ એટલે સ્વસ્વરૂપથી વિપરીત ભાવ. ૬

હું, અને મારૂ અને તુ અને તારૂ આજ મમતાનુ સ્વરૂપ છે અને તેજ દુખનુ કારણ છે. ૭

હું અને મારૂ છોડીને બધાથી પર અનંત જ્ઞાનનો સાગર ભગવાન એવો આત્માજ હુ જ છુ, એમ અનુભવે તો મમતા માયાના બધન છુટે ૮

સર્વ જીવો શક્તિ રૂપે સિદ્ધ ભગવાન જેવાજ છે ૯

દુખનુ કારણ વસ્તુ નથી, પણ વસ્તુ પરની મમતા જ દુખનુ કારણ છે ૧૦

માનવનો ભવ મળ્યા છતા જો વીતરાગ માર્ગને ન આદરે, ધર્મ માર્ગ પર ન ચાલે, તો મોક્ષગતિ પામવા માટે મળેલ નરભવ હારી જાય અને સંસારમા ભમે. ૧૧

આત્મ સ્વભાવની પ્રાપ્તીનો વિચાર સ્થિરતાનો વિચાર નરક ગતિમા કે દેવ ગતિમા પણ થાય તેમ નથી ૧૨

સ્વાર્થસિદ્ધિ વિમાનવાસી દેવોને પૂર્ણ આત્મ સ્વભાવની સ્થિરતા માટે અહિઆ આવવુ પડે છે ૧૩

મનુષ્યનો ભવ ભાવ ઉભા કરતો નથી, પણ પોતાના પુરૂપાર્થની ખાસ જરૂર છે. પુરૂષાર્થથીજ સિદ્ધિ સાપડે. ૧૪

શુદ્ધ આત્મ સ્વરૂપમાં એકાગ્રતા જાગે તો ધ્યાન પ્રગટે. ધ્યાન પ્રગટ થતાં જ્ઞાન સ્થિરતાને પામે, જ્ઞાન સ્થિર થતાં વિકલ્પ દૂર થાય અને પછી નિર્વિકલ્પ સમાધિને પામે નિર્વિકલ્પ સમાધિરૂપ શુદ્ધ આત્મ ધ્યાનમાં એકાગ્ર થયેલ જીવોને અંતરમાં ગુણ શ્રેણીરૂપ નિર્જરાથી કર્મક્ષય અને આત્મીક સુખ બન્ને એકી સાથે પ્રગટે ૧૫

મોહ કર્મના નિમિત્તથી રાગની વૃત્તિ ઉઠે છે તેમાં જોડાઇને પોતે અસ્થિર ભાવ કરે છે કે આ હું, આ મેં કર્યું, તે અજ્ઞાનીની ભ્રાન્તિ અનંતકાળની છે. ૧૬

મારૂ તો સહજ જ્ઞાન છે તેમાં બધુ જણાય છે, તેજ પરમાર્થ છે. ૧૭

ઇચ્છા થાય ઇચ્છાથી આકુળતા થાય વ્યાકુળતા તે આત્મ સ્વભાવ નથી ૧૮

હું શુદ્ધ ચિદાનંદ છુ એવી દૃષ્ટિ કરીને વિશ્વના સાક્ષી રહેજો એટલે અંશે શુદ્ધિ છે તેના નિમિત્તે કર્મ ખરે છે. કર્મ ખર્યા તે દ્રવ્ય નિર્જરા, શુદ્ધિની વૃદ્ધિ તે ભાવ નિર્જરા ૧૯

આત્મ સ્વભાવની શ્રદ્ધા અને જ્ઞાનરૂપ ક્રિયાથીજ ધર્મ થાય છે. ૨૦

પોતાના પરિપૂર્ણ ચિદાનંદ સ્વભાવનો અપૂર્વ. નિર્ણય કરવો તેને જ ધર્મ કહેવાય. ૨૧

હે ભવ્ય જીવો ? તમે બોધને પ્રાપ્ત કરો, તમે સમ્યક્ બોધને કેમ પ્રાપ્ત કરતા નથી. જે રાત્રીઓ ચાલી જાય છે. તે કદી પાછી કરીને આવતી નથી, અને સંયમી જીવન ફરી મળવુ સુલભ નથી. ૨૨

સતપુરૂષોનો સમાગમ હોય, આત્મ સ્વરૂપની વાણી વરસતી હોય, તેવે સમયે સંસારને ભુલી જ જો, પરિગ્રહ, રાજ, પાટ, માલ મિલ્કત, એ સર્વ અનિત્ય છે, એક આત્મા જ નિત્ય છે, સર્વોત્તમ છે. ૨૩

હે પ્રવાસી ? તુ તારા અવિનાશી સ્વરૂપનું ધ્યાન ધર. તારા પોતાના અનંત ગુણો છે. તેનુ સમર્થન કર. દેહનુ મમત્વ છોડી, તારા

આત્માની સંભાળ કર. બધી પર અને સંસારની કથા છોડી દઈ? દેહને, વચનને, મનને, સત્ આત્માને વિષે ધ્યાનમા લગાવી દે, એજ માર્ગમાં પોતાના ઉપયોગને લગાવતા, લગાવતા પરમ સુખ મય ચૈતન્ય અવિનાશીની જરૂર પ્રાપ્તી થશે. આ સિવાય બધુ દુ ખરૂપ જ છે ૨૪

## ૪૬ : સ્વ વિચારણા

હુ અરૂપી છુ, ઇન્દ્રિયો રૂપી છે, હું અવિનાશી છું, ઇન્દ્રિયો વિનાશી છે, હું ચૈતન્ય સ્વરૂપ છું, ઇન્દ્રિયો આદિ જડ છે જડનો છેદનભેદન થવાનો સ્વભાવ છે મારો અભેદ અછેદ્ય સ્વભાવ છે આમ વિચારણાથી જડ પર સ્વામિપણું સ્થાપો? તેને જીતો. ૧

હે પ્રવાસી! વિચાર અરર મારામા વિઘ્ન આવ્યુ અરે ભાઈ તારામા વિઘ્ન, આવ્યુ કે, અશાતા વેદનીય કર્મ આવ્યું, અને તેણે શરીરમા ફળ દેખાડયુ, પણ તારા આત્માને તે સ્પર્શ પણ કરતું નથી આ તો અજબ વાત છે તેજ સમજવાનુ છે ચેત વિચાર. ૨

આત્મા અખંડ, અમૂર્ત જ્ઞાનમય છે, નાક, કાન, આખ, જીભ, ત્વચા, મન, તે હુ એમ અનાદિ કાળથી મનાઇ રહ્યુ છે, પણ ભેદ પાડી શકતો નથી તેનો ભેદ પાડવા પ્રથમ નિર્મલ જ્ઞાન હોવુ જોઇએ ૩

વિષય વિકારોથી, મારો આત્મા જુદો છે. એમ સમજી જાય તો તેનુ અવિનાશી કલ્યાણ થઈ જાય ૪

પરિભ્રમણના ભાવને ટાળે અને આત્મિક સુખની પ્રાપ્તી કરાવે તે માગલીક. ૫

સંસાર પરિભ્રમણનુ કારણ મિથ્યા દર્શન શલ્ય છે ૬

અનંત કાળે દુર્લભ એવો માનવ દેહ, જૈન ધર્મ અને ધર્મનો ઉપદેશ દાતા, સત્સંગ, આ બધું મળ્યુ છે, સુવર્ણ અવસર મળ્યો છે છતા, જો સ્વ સ્વભાવની શ્રદ્ધા ન કરી તો ૮૪ લક્ષ જીવાયોનિમા

જન્મ મરણના ફેરા એવાને એવા મસ્તક પર ઉભા છે, માટે સત્વર ચેત, સ્વ શ્રદ્ધા કર ૭

પરભાવનો આશ્રય છોડી. સ્વાશ્રયે સ્વ શ્રદ્ધા કર તો, તારી મુક્તિ જ છે. બધા આત્મા પ્રભુ જ છે. જેણે પ્રભુતા માની સ્વીકારી તે પ્રભુ રૂપ થાય છે. ૮

## ૪૭ : આત્મ હીરો

જેને આત્માનુ સ્વસંવેદન છે, તેને વીતરાગ દેવ સમ્યગ્દર્શન કહે છે, તે આત્માનું દર્શન કરો. આજ માનવ જન્મનો મહામૂલો લહાવો છે. તે લહાવો લેવાનો અવસર મળ્યો છે. તો નિજ આત્માને ઓળખો, તેનો સ્વાનુભવ કરો. ૧

સંતોનો સમાગમ કરે, આત્મીક વાતો સાંભળે, સમજે, મનન કરે, વિચારે કે હુ કોન છું, મારૂ શુ સ્વરૂપ છે, કર્તવ્ય શુ છે, આવો વિચાર શાન્ત ભાવે કરે તો આત્મીક વસ્તુની ઓળખાણ થાય, અને વિકાસ થાય. ત્યાર પછી ધ્યાન નિદિધ્યાસન કરવાથી સ્વાનુભવ થાય ૨

જીવ માની રહ્યો છે, કે વર્તમાનમા જે જાહોજલાલી મેળવી છે તે મે મારી બુદ્ધિથી મેળવી છે મારા સાહસથી પુરૂપાર્થથી પ્રાપ્ત કરી છે. જ્ઞાની કહે છે. ધીરો થા ભાઇ? તું માની રહ્યો છે કે મેં મેળવી છે પણ ભાઇ, તેમ નથી. વર્તમાન પુરૂપાર્થથી તે મળતી નથી કમાવાનો પુરૂપાર્થ ઘણા કરે છે, પણ બધાને લક્ષ્મી મળતી નથી કોઇને વધારે કોઇને ઓછી, આમ કાં, શા માટે થાય છે, આખી જીંદગી મહેનત કર, તો પણ તારી મહેનતથી લક્ષ્મી મળવાની નથી. મહેનત કરતા જે વધારે ઓછુ મળે છે. તે સર્વ પૂર્વના પુણ્ય ઉદયમાં હોય, તેજ પ્રમાણે મળે છે, આ વાત પ્રથમ બરાબર સમજી લે. ૩

ઘરમાં એક માણસ કમાવા વાળો હોય. અને ઘરમા અનેક ખાવા વાળા હોય, ત્યારે કમાવા વાળો એમ માને કે હું કમાવુ છુ તો બધા

તો બધા નભે છે. તો ને ભુલ છે. હું હોયને બધા નભે છે. હું ન હોઉ તો બધા ભૂખે મરે નેમ માનવું તદ્દન ભુલરૂપ છે. બધા જીવો પોતપોતાના પુણ્ય પાપ સાથે લઈને આવ્યા છે સૌ કોઇ નભે છે, ભોગવે છે, તે તેમના પુણ્ય પાપના ઉદયના કારણે, પૂર્વના કર્મના કારણે, ભાગ્યોદયના કારણે, સર્વના ભાગ્યોદય સ્વતત્ર અને સ્વાધીન છે. ૪

લક્ષ્મી મેળવવાનો ભાવ ને તૃષ્ણાનો ભાવ છે, લોભનો ભાવ છે. લોભભાવ. તૃષ્ણાભાવ ને પાપભાવ છે, અને પાપ ભાવથી લક્ષ્મી મળતી નથી, પુણ્યભાવના ફળમાં લક્ષ્મી મળે છે. પૂર્વના પુણ્યના કારણે લક્ષ્મી મળી છે, વર્તમાન પુરૂપાર્થ તે કાર્ય, પૂર્વના પુણ્ય તે કારણ છે, કારણથી કાર્યની સફળતા છે. ૫

આખો સંસાર ભાગ્યને સોંપી દો તેની ચિંતામા તમે ન પડો ૬

આત્મપુરૂપાર્થ સેવો, સસારમાં લક્ષ્મી મળવાની હશે તો મળશે, આવી શ્રદ્ધાથી આત્મ સ્વરૂપમા સ્થિર થઇ જાવ. તો માનવ ભવ સફળ થયો મનાય. ૭

દૃષ્ટાંત રાજાના બગીચાનુ એક માળી રક્ષણુ કરે છે. તે માળી મૂળને પાણી પાય છે, તેથી મૂળ લીલુછમ રહે છે, અને પાંદડા પણ લીલાછમ રહે છે. બગીચો ખીલી ઉઠે છે. રાજા બગીચો જોઈને પ્રસન્ન થાય છે. અને તેને પગાર ઉપરાત ઇનામ પણ અવારનવાર આપે છે. ૮

તેનાથી વિપરીત માળી જો મૂળને પાણી પાવાને બદલે પાદડાંને પાણી પાય, અને તે માટે અનહદ મહેનત ઉઠાવે તો પણ પરિણામ શુ આવે? ફુલ ઝાડ સુકાય જાય. પાદડા પણ સુકાય જાય બગીચો પણ સુકાઈ જાય અને રાજા પણ બગીચાના હાલ જોઇને, ગુસ્સે થાય અને માળીને રજા આપે ૯

આજ ન્યાયે કરોડો રૂપીઆ તે બધા પાંદડા છે, જેમ માળી પાદડાને પાણી પાયા કરે અને બગીચો સુકાય જાય તેમ માનવ ધોળી ધૂળ રૂપ ધનને જ સીંચ્યા કરે, પપાળ્યા કરે તો જેમ મૂળીયુ સુકાય જાય તેમ

બધુ સુકાય જાય. સમ્યક્ દર્શન તે મૂળીયું છે તેને નહિ સીંચો તો પાન્દડા ને મૂળીયું બન્ને સુકાય જશે પાંદડાં તો પુણ્યને આધારે છે, તારે આધીન નથી, પુણ્ય ખસ્યાને પાંદડાં ખસી જશે. માટે તેની ચિંતા છોડીને જ્ઞાન, દર્શન, ચારીત્ર રૂપી મૂળને પોષો, તો મૂળીયુ લીલુછમ રહેશે, અને જ્યા સુધી મોક્ષ નહિ મળે ત્યા સુધી પાંદડાં લીલાછમ રહેવાના. પાંદડા તો પૂર્વ પુણ્યના ફળ છે, તેનુ લક્ષ છોડી આત્મદર્શન તરફ લક્ષ કર જ્ઞાન દર્શનને પોષો સ્વરૂપને પોષો તો ક્રમે કરી મોક્ષ પ્રાપ્ત થાય. ૧૦

ચામડાના પાકીટમા હીરો છે, તેથી પાકીટની કિંમત લાખની મનાય છે. પાકીટ તો ચાર પાચ રૂપીઆનું છે, પણ તેની અંદર લાખનો હીરો છે, તેથી પાકીટની કિંમત વધી છે. અજ્ઞાનથી મનમા પાકીટ લાખનુ મનાય છે, વાસ્તવિક રીતે હીરાના કારણે પાકીટ લાખનું મનાય છે. ૧૧

તેમજ દેહરૂપી દેવળમા આત્મરૂપી હીરો છે, તેને ભુલીને એના લક્ષને ચૂકીને અજ્ઞાની દેહને જ મહત્ત્વ આપે છે, અને આત્મ હીરાની કિંમત ભૂલે છે, તેથી (૮૪) લક્ષના પરિભ્રમણ કરવા પડે છે. ૧૨

અજ્ઞાન સમાન દુ:ખ નથી જ્ઞાન સમાન સુખ નથી મિથ્યાત્વ સમાન પાપ નથી અને સમ્યક્ દર્શન સમાન ધર્મ નથી ૧૩

ઘઉ નો કોથળો ઘરમા આવે, તેની કિંમત તો કહે છે ૩૫-૦૦ રૂપિયા, કોથળો તો શણનો છે તેની કિંમત તો દશ બાર આનાની છે, પણ કોથળામાં રહેલ ઘઉ ને લઇને જ કોથળાની કિંમત (૩૫) રૂપીઆ છે. ૧૪

જેવી રીતે કોથળો ને પાકીટ સાધન છે તેમ આ દેહ પણ સાધન છે સાધ્ય તો અંદર રહેલ હીરા સમાન આત્મા છે. દેહ સાધ્ય નથી સાધન છે તેની સાધના સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારીત્ર છે. ૧૫

જીવે અનંતા સાધન કર્યાં પરંતુ તે બંધન રૂપ જ થયા એક પણ સાધન સ્વરૂપના લક્ષે ન કર્યું તેને લઇને અસમાધિ મરણે મર્યો. ૧૬

# ૪૮ : સિદ્ધિ

જો જીવ જ્ઞાનથી પોતાને જાણે તો તેને પોતાનું મહત્ત્વ જણાય અને તેજ સમયે પૂર્વના પુણ્યનો પ્રેમ, રાગ નાશ પામે ક્ષણિક વિકારનો મહિમા નાશ પામે. ૧

પરંતુ સ્વામિપણુ છોડે પોતાની શકિતને સભાળે તો જરૂર જીવ સિદ્ધ દશાને પ્રાપ્ત કરે. ૨

જ્ઞાન અંતર્મુખ થતાં તને તારા આત્માનો અનુભવ થશે ૩

એક મારો આત્મા જ ઉપાદેય છે મારા હિત માટે બીજા કોઈની જરૂરત નથી હુ જરાપણ ઓશીયાળો નથી આવી સમજમાં જ આખી દષ્ટિ ફરી જાય છે જે એમ સમજ્યો તે સસાર તરી જાય છે અને સસાર બધનથી મુકત થાય છે. ૪

હે આત્મન્ ? જો તારે સિદ્ધ થવુ હોય તો તારી સાથે તારા અનંત ગુણોથી સિદ્ધિ આવશે. પરતુ શરીર, મન, વચન કે કુટુંબ પરિવાર પુણ્ય પાપના ફળો કોઇ પણ તારી સાથે આવશે નહિ. તારા અનંત ગુણોની રિદ્ધિ સિદ્ધિ તારી સાથે સદા સર્વદા કાયમ રહેશે. પરતુ શરીર, મન, વચન આદિ રિદ્ધિ સિદ્ધિ કે રાગ, દ્વેપ આદિ તારી સાથે કાયમ રહેવાના નથી, આ સત્યનો નકાર કરે તો, જા નરક નિગોદમાં અને હકાર કરે તો, જા સિદ્ધ દશામાં બન્ને તારા હાથમા છે. ૫

હુ અંનત શકિતનો ધણી છું, સ્વામિ છુ તેજ મારૂ સ્વરૂપ છે. તેવા મારા સ્વરૂપને ભુલીને, આ નાશવાન શરીર, મન, વાણી, પુણ્ય, પાપ, આદિને મે મારા માન્યા હતા, પણ હવે મને સતનું ભાન થયુ છે કે, તે મારા નથી અને હું તેનો નથી. આ વિવેક જ સિદ્ધિને લાવનાર છે.

મિથ્યાત્વ અવ્રત, પ્રમાદ, કપાય તે ઝેરી સર્પો છે. તે બધા ભાવો બધના કારણો છે, તે બધા ઝેરી સર્પોનો નાશ કરવાની અને કેવલજ્ઞાન પ્રગટ કરવાની શકિત દરેક આત્મામા સત્તાપણે રહેલી છે તે શકિત તરફ હે ભવ્યો ? તમે કેમ જોતા નથી. ૭

# ૪૯ આંતર અવલોકન

હું જ્ઞાન સ્વરૂપી આત્મા તો રાગ. દ્વેષ. મોહથી જુદો છું. લાગણીઓથી જુદો છુ. આવી શ્રદ્ધાથી અંતરમા એટલે જ્ઞાન સ્વભાવમા એકાગ્રતા કરતા સતનો અનુભવ થાય ૧

હે ભવ્ય, જો તું રાગાદિની સાથે પોતાની એકતા માને રાગમાં, મોહમાં અને તેની મીઠાશમા અટકી જાય તો મેલના થરના થર જામી જાય, તેથી આત્મ અનુભવ થાય નહિ મેલમાં અટકેલું જ્ઞાન આત્મ-સ્વભાવ તરફ વળતું નથી ૨

હે આત્મન્? મન ઇન્દ્રિયોમા તારૂં જ્ઞાન રોકાણુ તો તારી દયા તુ જ કર બીજાની દયામાં પાપ રોકાય, પુણ્ય બધાય પરંતુ સ્વદયા આત્મ-દયા વિના કલ્યાણ ન થાય બંધનથી ન છુટાય માટે આત્મની સ્વની દયા લાવીને વીતરાગ માર્ગે ચાલો મન ઇન્દ્રિયોની પેલીપાર, મેલના થરની પેલી પાર એવા માત્ર એક અતીન્દ્રિય જ્ઞાન વડે આત્મા અનુભવાય છે જેણે આત્મ અનુભવ કર્યો તેને ધન્ય છે ૩

શુભ ભાવ અને ધર્મ તે બન્ને જુદી જુદી વસ્તુઓ છે ધર્મ શુભ ભાવથીજુદો છે રાગ ત્યાં ધર્મ સ્થિર રહેતો નથી, ધર્મ તે આત્મસ્વભાવ છે અને આત્મસ્વભાવને આધારે ધર્મ રહ્યો છે તે શુભભાવમા ન જ હોય. ૪

હે પ્રવાસી? તારા ચૈતન્ય તત્ત્વને મન, વચન, ઇન્દ્રિયોથી ભિન્ન રૂપે એક વાર તો જો, એકવાર તો સ્વભાવ સન્મુખ થા, તો તને અહિ બેઠા આત્મભગવાનના દર્શન થશે ૫

સ્વ સન્મુખ જ્ઞાન વડે અમૂર્ત સ્વભાવવાળા નિત્ય આત્માનુ ભાન થાય છે, બીજા કોઇ ઉપાય વડે આત્મદર્શન થાય તેમ નથી ૬

હે પ્રવાસી? જ્યાં સુધી તુ અતરમા રહેલા ભગવાનને લક્ષમા નહિ લે ત્યા સુધી પરિભ્રમણ અટકે તેમ નથી, જ્ઞાનને પરમા અટકાવે તો પરિભ્રમણ ત્રણ કાળમા પણ ટળે નહિ. ૭

હુ નો ચૈતન્ય સ્વભાવ જગતથી જુદો છું. જગત વિષય ભોગમા લીન છે. તારે પરની શી પડી છે તું તારૂં સંભાળ પરનો એક અંશ પણ મારો નથી, એવુ અંતર સ્વભાવનું ભાન ભૂલીને બાહ્ય દષ્ટિથી અનાદિથી પર ને પોતાનુ માની રહ્યો છે પણ એક રજકણ પણ તારૂ થયુ નથી અને થશે પણ નહિ પર માટે જે જે પ્રયત્નો કરે છે તે બધા વ્યર્થ છે તું તારા આત્માનો પ્રયત્ન કર તો તારૂં જીવન ધન્ય થશે. અંતર્મુખ થઇને સ્વને અનુભવવાનો પુરૂષાર્થ કર તું ધન્ય બની જઇશ. ૮

જે સર્વને જાણે છે તે પોતાને જાણતો નથી તેથી ધર્મ થાય નહિ. સર્વને જાણનાર જે આત્મા તેને અંતરમુખ વૃત્તિથી જાણે તો સમ્યક્ દર્શનને પામે. ૯

જે વિદ્યાથી ઉપશમ ગુણ પ્રગટયો નહી વિવેક આવ્યો નહિ કે સમાધિ થઇ નહી; તે વિદ્યા વિષે જીવે આગ્રહ કરવા યોગ્ય નથી ૧૦

પગ મુકતા પાપ છે, માથે મરણ ભય છે આ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર ૧૧

પરિગ્રહની મુર્ચ્છા પાપનુ મૂળ છે ૧૨

મમત્વ એજ બંધ, બંધ એજ દુ:ખ. ૧૩

આત્મ ઉપયોગ એ કર્મથી છુટવાનો ઉપાય. ૧૪

કોઈ બાધનાર નથી પોતાની ભુલથી બંધાય છે. ૧૫

સુખદુ:ખ, એ બન્ને મનની કલ્પના છે ૧૬

ચિત્તની ચંચળતા એજ સર્વ વિષમ દુ:ખનુ મૂળ છે. ૧૭

મનને વશ કર્યું તેણે સર્વ વશ કર્યુ. ૧૮

રાગ વિના સંસાર નથી અને સંસાર વિના રાગ નથી ૧૯

દેહમા વિચાર કરનાર બેઠો છે તે દેહથી ભિન્ન છે. તે સુખી છે કે તે દુ:ખી તે યાદ કર. ૨૦

જેટલી દેહની ચિંતા છે તેથી અનંત ગણી ચિંતા આત્માની કર કારણ અનંત ભવ એક ભવમાં ટાળવાના છે. ૨૧

જ્યાં સુધી આત્મા આત્મભાવથી અન્યથા એટલે દેહભાવે વર્તશે. હુ કરૂ છું એવી બુદ્ધિ કરશે ત્યાં સુધી તેને શાન્તિ મળવી દુર્લભ છે ૨૨

ઉદાસીનતા એજ અધ્યાત્મની જનની છે. ૨૩

ઈચ્છાનો જય કરવાવાળો માનવી ઉર્ધ્વગામી છે. ૨૪

દેહાભિમાન ગલિત થયુ છે જેનું તેને સર્વ સુખરૂપ જ છે ૨૫

જેને ભેદ બુદ્ધિ નથી તેને ખેદ સંભવતો નથી. ૨૬

હરિઈચ્છા પ્રત્યે વિશ્વાસ રાખીને વર્તો. ૨૭

દુ ખની નિવૃત્તિ સર્વજીવો ઇચ્છે છે પરંતુ દુઃખની નિવૃત્તિ દુઃખ જેનાથી જન્મ પામે છે એવા રાગ, દ્વેષ, અને અજ્ઞાનાદિ દોષોની નિવૃત્તિ થયા વિના થવી સભવતી નથી ૨૮

તે રાગાદિની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઇ નથી વર્તમાનમા થતી નથી ભવિષ્યકાળમા થઈ શકે તેમ નથી ૨૯

એક માત્ર જ્યા આત્મવિચાર અને આત્મજ્ઞાનનો ઉદ્દભવ થાય છે, ત્યાં સર્વ પ્રકારની આશાની સમાપ્તિ થઈ જીવના સ્વરૂપથી જીવાય છે ૩૦

અવિચાર અને અજ્ઞાન એ સર્વ કલેશનુ મોહનુ અને દુર્ગતિનું કારણ છે. ૩૧

સદ વિચાર અને આત્મજ્ઞાન તે સુખનુ નિધાન છે. ૩૨

જે ધર્મ સસાર પરિક્ષીણ કરવામાં અને નિજ સ્વભાવમાં સ્થિતિ કરાવવામા બળવાન હોય તેજ ઉત્તમ ધર્મ છે. અને તેજ પુરૂષાર્થથી સેવવા યોગ્ય છે ૩૩

એક અજ્ઞાનની નિવૃત્તિ ઇચ્છવી એ રૂપ જે ઈચ્છા તે સિવાય વિચારવાનને બીજી કોઈ ઇચ્છા ન હોય. ૩૪

મુમુક્ષુ જીવોને અજ્ઞાન સિવાય બીજો ભય હોય નહિ. ૩૫

પર પદાર્થોમાં જીવ નિજબુદ્ધિ કરે, તો પરિભ્રમણ પામે છે, અને નિજને વિશે નિજબુદ્ધિ કરે તો પરિભ્રમણ દશા નાશ પામે છે. ૩૬

શ્રી જિન, આત્મ પરિણામની સ્થિરતાને સમાધિ કહે છે, અને આત્મ પરિણામની અસ્થિરતાને અસમાધિ કહે છે ૩૭

આત્માનો અંતર્વ્યાપાર (અંતર પરિણામનીધારા) બંધ અને મોક્ષનો હેતુ (કારણ) છે, માત્ર શરીરચેષ્ટા બંધ મોક્ષની વ્યવસ્થાનો હેતુ નથી ૩૮

જે જીવો મોહનિદ્રામા સુતા છે, તે અમુનિ છે નિરંતર આત્મ વિચારે કરી, મુનિ તો સદા જાગૃત રહે છે પ્રમાદીને સર્વથા ભય છે, અપ્રમાદીને કોઈ રીતે ભય નથી. ૩૯

અન્ય પરિણામમા જેટલી તાદાત્મ્ય વૃત્તિ છે તેટલો મોક્ષ દૂર છે. ૪૦

સર્વ શાસ્ત્રો ભણવાનો સાર માત્ર આત્મજ્ઞાન કરવું તેજ છે જો આત્મજ્ઞાન ન થાય તો શાસ્ત્રો ભણ્યા તે નિષ્કળ જ છે. ૪૧

જે પુરૂષોએ વસ્ત્ર જેમ શરીરથી જુદુ છે. એમ આત્માથી શરીર જુદું છે એમ અનુભવ્યુ તે પુરૂપને ધન્ય છે. ૪૨

જ્ઞાનદશા વિના વિષયનુ નિર્મૂળપણુ થવુ સંભવતું નથી ૪૩

વિભાવ પરિણામ તેજ હાનીકર, અને તેજ આત્મધર્મનું મરણ છે. ૪૪

દેહથી ભિન્ન એવા સ્વ પર પ્રકાશક પરમ જ્યોતિ સ્વરૂપ આત્મામા નિમગ્ન થાઓ, હે ભવ્યો ? અંતર્મુખ થઇ સ્થિર થઈને આત્મામા જ રહો તો અનંત અપાર આત્માનંદને અનુભવશો. ૪૫

મારૂં ચિત્ત મારી ચિત્તવૃત્તિઓ એટલી શાન્ત થઈ જાઓ કે કોઇ મૃગ પણ આ શરીરને જોઇ જ રહે ભય પામી નાશી ન જાય ૪૬

મારી ચિતવૃત્તિ એટલી શાન્ત થઇ જાઓ કે, કોઇ વૃદ્ધ મૃગ જેના માથામાં ખૂજલી આવતી હોય, તે આ શરીરને જડ પદાર્થ જાણીને પોતાનુ માથુ ખૂજલી મટાડવા આ શરીરને ઘસે. ૪૭

હે મુસાફર આ ક્લેશરૂપ સંસારથી નિવૃત્ત થા નિવૃત્ત થા એ જ એક તારું છેલ્લું ને પહેલું કર્તવ્ય છે. ૪૮

જો તમો સ્થિરતા ઇચ્છતા હો તો પ્રીય અને અપ્રિય વસ્તુમાં મોહ ન કરો રાગ, દ્વેષ ન કરો. ૪૯

અનંત અવ્યાબાધ સુખનો એક અનન્ય ઉપાય સ્વરૂપસ્થ થવુ તેજ છે. તેજ કલ્યાણનો માર્ગ જ્ઞાનીઓએ કહ્યો છે. ૫૦

હે ભવ્ય? વેદની કર્મના ઉદયે વિચાર હું શરીર નથી પણ તેથી ભિન્ન એવો આત્મા છું, તેમજ નિત્ય શાશ્વત છુ. આ વેદના માત્ર પૂર્વકર્મની છે, પરંતુ તે મારા આત્મસ્વરૂપને દુ;ખ આપવા કે નાશ કરવા સમર્થ નથી. માટે મારે ખેદ કરવો યોગ્ય નથી. ૫૧

ઉપશમ તેજ જ્ઞાનનુ મૂળ છે. ને જ્ઞાનમા તીક્ષ્ણ વેદના પરમ નિર્જરા ભાપવા યોગ્ય છે. ૫૨

જ્ઞાન તેનુ નામ કે હર્ષ શોકથી બચાવે ૫૩

સાચી વિદ્વતા તે છે કે જે આત્માર્થે હોય જેથી આત્મ કાર્ય સરે આત્મબોધ થાય આત્માનુભવ થાય ત્યાં આત્મજ્ઞાન હોય પંડિતપણું હોય અગર ન પણ હોય. ૫૪

ધર્મમા લૌકિક મોટાઈ માન મહત્ત્વની ઇચ્છાએ ધર્મ દ્રોહ રૂપ છે. ૫૫

જીવ વિભાવ પરિણામમા વર્તે તે વખતે કર્મ બાંધે અને સ્વભાવે પરિણમે તે વખતે કર્મ બાંધે નહિ. ૫૬

આત્માની અંદર પરિણમવું તેમા શમાવુ તે જ અંતવૃત્તિ પદાર્થોનુ તુચ્છતણુ ભાવ્યુ હોય તો અંતર્વૃત્તિ રહે ૫૭

તૃષ્ણાવાળો જીવ નિત્ય ભિખારી છે. સંતોષવાળો જીવ સદા સુખી છે ૫૮

મિથ્યાત્વ તે અંતર ગ્રન્થી છે. પરિગ્રહ તે બાહ્ય ગ્રંથી છે દરેક પ્રસંગે મારાપણું થતુ અટકાવવુ તો ચિંતા કલ્પના પાતળી પડશે. ૫૯

જીવે પરમા મારાપણું માન્યુ તેજ દુ ખ છે, કેમ કે મારાપણુ માન્યું કે ચિંતા થઇ કે થશે ૬૦

શુભના ઉદયે શત્રુ, મિત્ર બની જાય છે અને અશુભના ઉદયે મિત્ર શત્રુ થઈ જાય છે. ૬૧

સુખ દુ ખનુ ખરૂં કારણ કર્મજ છે. ૬૨

સુખ દુ ખ જે ભાવે ઉદય આવવાના હોય, તેમાં ઇન્દ્રાદિ પણ ફેરફાર કરવાને સમર્થ નથી તો સામાન્ય જનની તો વાત શુ ? ૬૩

હે પ્રવાસી! સદા સતત જાગૃતીને સેવ. ૬૪

હે પ્રવાસી ! આગળ અંધેર નથી વિલમ્બ જરૂર છે. ૬૫

હે મુમુક્ષ ! વિવેક અને વિચારને મિત્ર બનાવ. ૬૬

હે વિવેકવંત ? જ્ઞાન દૃષ્ટિથી જો તારી આસપાસ જે દુનિયા દુ ખ ભોગવે છે તેનુ કારણ શોધ શોધીને તે ને કારણોથા પોતાની જાતને બચાવજે ૬૭

હે પ્રવાસી ! સદા આત્મા વંચનાથી પ્રભુ વ ચનાથી દુર રહેજે. ૬૮

હે મુસાફર ! આત્મ વિશ્વાસુ, પ્રભુ વિશ્વાસુ બનજે. ૬૯

હે મુસાફર ! આગળનો પ થ વિકટ છે, તેને સરલ બનાવજે. ૭૦

હે મુસાફર ! વિપમ પંથે જતા પશ્ચાતાપ ન કરવો પડે, તેનો અત્યારથીજ બ દોબસ્ત કરજે ૭૧

હે પ્રવાસી ? જ્ઞાન નેત્રથી જો આ પશુ પક્ષીના દુ ખનુ કારણ શુ છે બસ ? એ વિષય કષાય જ એના દુ ખનું કારણ છે, અને એના ફળ રૂપે આ દુઃખ છે જો તારે તેવું દુ ખ ન જોઇતુ હોય તો અત્યારથીજ આ પળથી વિપય કપાયથી વિરમ ૭૨.

હે પ્રવાસી ? મૃત્યુ એક દિવસ જરૂર આવવાનુ છે, તેને આન દ પૂર્વક ભેટવા અમર જીવન જીવ. આજથી જ આ પળથી અમર જીવનનો યાત્રી બન. ૭૩

# ૫૦ : પ્રેય અને શ્રેય

પ્રેય એટલું શ્રેય નથી હોતુ પ્રેયની પુંઠ પકડનાર શ્રેય સાધી શકતો નથી શ્રેયની પગ ચંપી કરનાર પાસેથી શ્રેય વિદાય લે છે પ્રેય ત તેને શ્રેય વરે છે

વિવેકીને શ્રેય તેજ પ્રેય હોય છે.

અવિવેકીને પ્રેય તેજ શ્રેય હોય છે.

શ્રેયને જે પકડી રાખે છે, તેને શ્રેય છોડતુ નથી

પ્રેયને જે પકડી રાખે તેને શ્રેય પાટું મારે છે.

પ્રેય પાછળ અનાદિની વાસના છે.

શ્રેય પાછળ વર્તમાનની ભાવના છે.

પ્રેયમાં પાગલતા છે.

શ્રેયમા શાણપણ છે.

પ્રેય પાછળ પાપ છે. એ અધર્મ છે

શ્રેય પાછળ શાન્તિ છે.

પ્રેયમાં અતિ દગો છે.

શ્રેયમાં સંપૂર્ણ નિર્ભયતા છે

પ્રેયમા પતન છે

શ્રેયમા ઉત્થાન છે.

પ્રેયમા પર પીડા છે.

શ્રેયમા સૌનુ શ્રેય છે.

પ્રેયમાં ઉપાધી છે, શ્રેયમા સત્ય સુખ છે.

પ્રેયમાં પોકળતા છે શ્રેયમા સદ્ધરતા છે.

પ્રેયમાં પરાધીનતા છે. શ્રેયમા સ્વાધીનતા છે.

પ્રેયના પંથમા પત્થરા છે.

શ્રેયના સરિયામ માર્ગમા શિરિષ પુષ્પ છે

પ્રેય પરમાર્થથી વિમુખ કરે છે.

શ્રેય પરમાર્થમાં જોડે છે સન્મુખ કરે છે.

પ્રેય પાતાળમા લઈ જાય છે.

શ્રેય મોક્ષ સન્મુખ કરી મોક્ષમાં લઈ જાય છે.

પ્રેયની પ્રીત શ્રેયની સોબત કરવા દેતી નથી.

પ્રેયની પ્રેમ રાત વીત્યા વિના, શ્રેયનો સુરજ ઉગતો નથી.

પ્રેયમા હું અને મારૂ છે. શ્રેયમાં નાહ ન મમ છે.

પ્રેય એટલે પત્ની, પુત્ર, પતિ, પરિવાર પૈસા પ્રતિષ્ઠા.

શ્રેય એટલે સદાચાર, સેવા, સધર્મ, સહિષ્ણુતા, સંતસમાગમ. સમ્યક્ દર્શન, આત્મ પ્રેમ, પ્રભુપ્રેમ, નિ:સ્વાર્થભાવ, નિષ્કામના.

## ૫૧ :રાગ, દ્વેષ તેજ સંસાર

રાગ, દ્વેષ, અજ્ઞાન એ જ સંસાર છે, હવે તે સસારમાં સુધારો સભવી શકતો નથી, તેનો તો નાશ જ હોય શકે અને તે વીતરાગ ભાવમાંજ તેનો નાશ છે. ૧

સંયોગ જ રાગ, દ્વેપ ઉત્પન્ન કરે છે. સંયોગ તે દુઃખનું કારણ નથી પરંતુ સંયોગમા જે રાગ (મીઠાસ) અથવા દ્વેપ (અણગમો) તે તેજ મહાન દુઃખદાયક છે. આત્મ જ્ઞાન, દર્શન, ચારીત્રના બળે તે પ્રત્યેનો રાગ, દ્વેષ, છૂટી જાય તેનું નામ સયમ અને જેટલું સયમી જીવન છે, તેટલી વીતરાગતા છે, અને તે વીતરાગતા જ સુખનુ કારણ છે. ૨

મારે સમજવું જ છે, જાણવુ જ છે, એવી આતરિક ઇચ્છા થયા વિના કોઈ કયારે પણ જ્ઞાન પ્રાપ્ત કરી શકતુ નથી રાગ વડે રાગ, ક્રોધવડે ક્રોધ. દ્વેપ વડે દ્વેપ વિધાતો નથી, નાશ પામતું નથી પરતુ રાગ, દ્વેપ, મોહ, લોભ સર્વને વિંધનાર નાશ કરનાર પોતાની વીતરાગતા જ છે. આ વાતને દિલમાં કોતરી રાખો. ૩

શિક્ષાર્થી, દિક્ષાર્થી, જ્ઞાનાર્થી, મોક્ષાર્થી, નિયમ પૂર્વક જ્ઞાન પ્રાપ્તી માટે વીતરાગી ગુરૂ મહાત્માની સનાપે વાસ કરે અને આત્માની તથા મોક્ષ માર્ગની સાચી સમજણ કરે અને સ્વરૂપ પ્રાપ્તીનો પુરૂપાર્થ કરીને, સ્વરૂપ સ્થિરતામા ઠરે તો મોક્ષ જરૂર પામે કારણ 'જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષ' ૪

આધ્યાત્મિક સાધનાનો સાર વિચાર અને આત્મ ચિંતન દ્વારા મનના બે રૂપ રાગ–દ્વેપનો નાશ કરવો દ્વન્દ્વથી પર થઇ જાઓ. તો તમો આંતરિક અનંત શાન્તિને પ્રાપ્ત કરશો ૫

અજ્ઞાનથી અવિવેક ઉપજે છે. અવિવેકથી અહંકાર અને મમકાર ઉપજે છે, અભિમાનથી રાગ–દ્વેપ ઉત્પન્ન થાય છે. રાગ–દ્વેપથી કર્મનું આવાગમ થાય છે. કર્મથી શરીરની ઉત્પતી થાય છે, અને શરીરથી અનેક પ્રકારના દુ:ખો જન્મે છે. ૬

જો તમારે દુ ખ ન જોઇતું હોય તો શરીર ધારણ કરો નહી જો તમારે શરીર ન જોઇતુ હોય, તો કર્મ કરો નહી, જો તમો કર્મ ન કરવા માગતા હોતો રાગ–દ્વેપ છોડી દો, જો તમો રાગદ્વેપનો ત્યાગ કરવા ઇચ્છતા હો તો અભિમાનનો ત્યાગ કરો, જો તમો અભિમાનનો ત્યાગ કરવા ઇચ્છતા હો તો અવિવેકને છોડી દો જો તમો અવિવેકનો ત્યાગ ઇચ્છતા હો તો અજ્ઞાનનો ત્યાગ કરો હે રામ? તમારે અજ્ઞાન ન જોઇતું હોય તો આત્મ જ્ઞાન મેળવો ? ૭

## પર : આત્મ વિશ્વાસ

મારે મારા આત્માને ભવ દુ ખોથી મુકત કરવો જ છે, માટે મારે પ્રબળ પુરૂપાર્થ કરવો જ જોઇએ, તે સિવાય કાર્યની સિદ્ધિ થાય નહિ, ગમે તેટલા વિઘ્નો આવે છતાં હું જરૂર અચલતાથી તેને પાર કરીને મારો વિકાસ કરીશ જ. ૧

સર્વ જાતની ઉન્નતીનો આધાર મારા આત્મ વિશ્વાસ ઉપર જ અવલબી રહ્યો છે. હું ધારૂં છુ કે કદાચ હુ આ કામ કરી શકીશ, અથવા કરવા પ્રયત્ન જરૂર કરીશ. એમ કહેવું બોલવુ અને આ કાર્ય હું અવશ્ય કરી શકીશ જ, કરીશ જ એમ કહેવુ એ બન્ને આત્મ-શ્રદ્ધામા ઘણો અંતર છે પ્રથમના વિચારો નબળા અને ડગમગતી શ્રદ્ધા વાળાના છે, બીજા વિચારમા પ્રબળતાને શકિતની દ્રઢતા છે બીજા નબરનો માનવ વીર છે, તે અવશ્ય કાર્યને સિદ્ધ કરશે જ. ૨

આખુ જગત એક વખત મારી સિદ્ધિના માર્ગમાં વિઘ્ન રૂપ હોય વિરૂદ્ધ હોય, છતા આત્મવિશ્વાસથી હુ તેને પાર કરીશ જગત મારી વિરૂદ્ધ થાય તેથી મારૂ કાર્ય અટકે નહિ કેમકે માયાવી જગત અને આત્મ શકિત બન્ને વચ્ચે મહાન અંતર રહેલું છે. ૩

હુ જો એમ માનુ કે આ આત્મીક વિકાસનુ કાર્ય કરવાને હુ અશકત છુ. તો આ જગતમાં કોઈપણ એવી શકિત નથી કે, જે મને મારા સિદ્ધત્વના કાર્યમા સહાય કરી શકે, આત્મ વિશ્વાસ અને પ્રબળ પુરૂષાર્થ વિના કોઇ પણ કાર્યની સિદ્ધિ સંભવે જ નહિ. ૪

પોતાના જ્ઞાન, દર્શન, ચારીત્ર સિવાય બધું જ મોક્ષ માર્ગથી વિપરીત છે, સમ્યક્ જ્ઞાન દર્શન જ સારભૂત છે પર તરફનો ભાવ બધો જ અસાર છે. આ પ્રમાણે પોતાના ઉપર વિશ્વાસ કરનાર કોઈ પણ માનવ ગમે તેટલો મનનો નબળો હશે, તો પણ વિશ્વાસના વિચારોનો વારમ્વાર મનન દ્વારા પોતાની નબળાઇ જરૂર દૂર કરીને વિજયને વરશે ૫

આત્મામા અનત શકિતઓ ભરેલી પડી છે પણ તેને પ્રબળ વિચારોની મદદ આપીને જાગૃત કરવાની જરૂર છે પરતુ તે વિચાર શકિતને મદદ આપવાને બદલે વિભાવને મદદ ન આપો. બુઝાયા જેવો દેખાતો અગ્નિ પણ પંખા વડે પવનના બળની મદદ મળતા દેદીપ્યમાન થઇ જાય છે. તો અનત શકિતથી પૂર્ણ આત્મા પ્રબળ વિચારોના બળના પ્રોત્સાહનથી જરૂર પ્રદિપ્ત થાયજ તેમા કંઇજ આશ્ચર્ય નથી ૬

આત્માને એક વખત શુદ્ધ વિચારરૂપ બળનો આશ્રય આપીને કલ્પનાના જગતમાં બહુજ ઉંચે ઉડ્ડયન મારવુ જોઇએ. તો જુગ જુના નિર્બળ વિચારો, ભયાદિ વિકારો પોતાની મેળે જ નષ્ટ થઇ જશે દરેક આત્માઓએ ઉચ્ચ વિચાર બળને કેળવીને, પોતાની દુર્બળતાઓનો નાશ જરૂર કરવો જોઇએ. અને એવા વિચાર બળવાળા આત્માઓ જરૂર પરાધીનતાથી મુક્ત થઈ શકે છે. ૭

વિચારબળ મુડદાલ જેવા જીવામાં પણ નવચેતનાનુ સિંચન કરીને સજીવન બનાવે છે, અને મુડદાલ પણું જતુ રહે છે ૮

બધા જ વિજ્ઞાનનો સાર એ છે કે સર્વ અશુભ વિચારોને દૂર કરો આત્મ સંકેત દ્વારા નવીન શુદ્ધ અને શુભ વિચાર સરણીને મનમાં જમાવો. ૯

શાસ્ત્રો તો પોકારીને કહે છે. 'તુ જો શ્રદ્ધા નહિં રાખે તો જે શ્રદ્ધા રાખશે તે પામશે' સંતોએ સિંહનાદે કહ્યું છે કે "શ્રદ્ધાવાન માટે અશક્ય કશું નથી," ગીતાએ પોકાર્યું છે કે જેની જેવી શ્રદ્ધા તેવો તે થાય છે "આની પાછળ જે નિયમ કામ કરે છે તે પ્રચંડ આકર્ષણ બળનો નિયમ છે વિચારની ભૂમિકા પર આપણે માંગલ્યની સૃષ્ટિ સરજી શકીએ તો એ માંગલ્ય બહાર પ્રગટયા વગર ન જ રહે ૧૦

જે જીવો સર્વ વિકારી ભાવોથી મનને દૂર રાખે છે, તે જરૂર શાશ્વત સુખ શાન્તિને વરે છે. ૧૧

## ૫૩ : સુખ

આત્મા જ્ઞાન સ્વરૂપ જ છે, તેને તૂ તારા કલ્યાણ અર્થે એકવાર તો જાણ, તેના તરફ એકવાર તો જો, તેની પ્રાતી તો કર. ભોગોની પ્રીતી તેમ કરતા રોકે છે, તે પ્રીતીનો ત્યાગ કર તો તારૂં અવીનાશી કલ્યાણ થાય માટે ચેત, હે સુખાર્થી સાવધાન થા ૧

તારો આનદ ધન, દોલત કે કુટુંબ પરિવાર કે કોઇ બાહ્ય સામગ્રીમાં નથી તે તો તારા આત્મામાં ભરેલો છે, તેનો નિશ્ચય એકવાર કરી લે ર

હે આત્મ? રાગ, મોહ અને સસારના સુખનો રસિક તુ એકવાર તો આત્મ રસિક થા. તો તૂં કૃત કૃત થઇ જઇશ જીવન સફલ થશે, ભવ દુ ખનો અ ત આવશે. ૩

બધા દુ.ખોનું કારણ ભાવો જ છે, એટલે કે આશ્રવરૂપ બંધનરૂપ ભાવો જ છે, આશ્રવમા શુભ, અશુભ, બન્ને આવી જાય છે, બન્નેથી જીવને બધન છે, બધનથી છુટવુ તે સુખનો ઉપાય છે. ૪

શરીર આદિ પર પદાર્થોથી હુ આત્મ ભિન્ન છુ, જુદો છુ, અને પર પદાર્થોના લક્ષે થતા રાગાદિ, દ્વેષાદિ, પર ભાવો પણ મારાથી ભિન્ન છે. હું તો તે બધાયથી રહિત અખંડ, અભેદ, શુદ્ધ આત્મા છું. આવી શુદ્ધ આત્માની નિર્વિકલ્પ પ્રતીતિ થવી તેજ નિશ્ચય સમ્યગ્ દર્શન છે. અને તેજ ભવ દુ ખથી મુકિતનો ઉપાય છે. ૫

પર વસ્તુમા મારાપણાની બુદ્ધિ એ જ વિભાવ ભાવ છે, પરભાવ છે, અને તેજ દુ.ખનુ મૂળ છે. ૬

મોહના રાજ્યમા સમય સમય ત્રણ ઉપદ્રવો થાય છે, પહેલો ઉપદ્રવ ધર્મ સમભાવે થાય નહિ, કોઇ રીતે વિષમ ભાવ ઉત્પન્ન થાય, બીજો ઉપદ્રવ પાપની લૂટ જોરદાર ચાલુ હોય, તે આત્મિક ગુણોનો નાશ કરે ત્રીજો ઉપદ્રવ આર્ત, રૌદ્ર ધ્યાન આદિ અશુભ ભાવોથી આત્મા એટલો બધા મુઝાય કે કહેવાની વાત જ નહિ, બચો, બચો આત્થિક સુખની ઇચ્છા હોય તો ૭

પુણ્યના ફળ ભોગવતા આનદ માનવો તે પાપનુ આમ ત્રણ છે, અને દુ ખનું કારણ છે. ૮

જીવનમા વિલાસ જ્યારે પ્રાધાન્ય પણુ ભોગવે છે. ત્યારે વિકાસ રોકાય છે. ૯

પર ભાવમા રમણતા એજ ભાવ હિંસા છે, ભાવ હિસકને આત્મિક સુખ મળે નહિ ૧૦

## ૫૪: મનની ચંચળતાને દુર કરવાનો ઉપાય

જ્ઞાની ભલામણ કરે છે કે, લક્ષ્મી તરફ દોડતા મનને સ્થિર કરવા. દાનધર્મનું આચરણ કર કામીની તરફ દોડતા મનને સ્થિર કરવા શીલ-વ્રતનું પાલન કર, ખાવા પીવાની વાસના તરફ દોડતા મનનો નિગ્રહ કરવા તપ ધર્મનો આશ્રય લે, તથા અનેક પ્રકારના વિભાવોમાં દોડતા મનનો નિગ્રહ કરવા સ્વભાવનો આશ્રય લઈ આત્મામાં સ્થિર થા. ૧

જે આત્માઓને જન્મ મરણ રૂપી ભવદુ ખ રૂપ સાગરમા સ્નાન ન કરવું હોય, અને આધ્યાત્મિક બગીચે. લીલો રાખવો હોય, અનંત સુખ રૂપી સરોવરમાં સ્નાન કરવુ હોય, અને જીવન નૌકાને ભવસાગરથી પાર ઉતારવી હોય, અને મુકિત સુદરીને વરવી હોય, તે આત્માઓએ ચાર બોલનું મન વચન, કાયાથી સેવન કરવું. દુનિયાના રંગ રાગથી, ચામડીના રગ રાગથી, કષાયના રગ રાગથી, અને વિષયના રગ રાગથી દૂર રહેવુ તેમાં જ કલ્યાણ છે, શ્રેય છે, શાન્તિ છે, સુખ છે. ૨

મન શુદ્ધિ વગર સિદ્ધિ નહિ માટે શુદ્ધિની પરમાવશ્યકતા છે ૩

વિષય અને કષાય જનિત મનને જીતવાથી સર્વ પર વિજય પ્રાપ્ત થાય છે. વાસનાનો વિજય તે જ ખરો વિજય છે. ૪

સર્વ કષાયો પર વિજય કર્યો તેજ આત્માનો વિજય છે. ૫

સ્વચ્છંદનો નિરોધ કરે તો મોક્ષ મળે, સ્વચ્છદ તેજ ભ્રાન્તિ તેજ દર્શન મોહ ટળે તો સાચુ સમજાય સત્ય સમજે તો સુખ દૂર નથી ૬

ઓ સંસારના મૂર્ખ માનવો ? ધન, જન, પદ, માન, નામના, કિર્તિ આદિ જે ખોટા છે, માયામય છે, અને જે અસાર છે, મૂલ્યહીન છે, તેવા બહારના પદાર્થોમાં સુખ માટે નકામા વલખા શા માટે મારો છો ? તમને સુખ ત્યા મળશે નહી, તમે સાવ ઊધે રસ્તે ચડી ગયા છો.

તમારા મનને ત્યાંથી પાછું હઠાવીને અંતરમા રહેલા આત્મા તરફ વાળો તેજ સુખ અને આનંદનો માર્ગ છે, ત્યાં જ સુખને અને આનંદને શોધો. ૭

શેરીમાં ભટકતા કુતરા સમાન મનને અહી તહીં રખડવા દેશો નહીં તેને હંમેશા કાબૂમા રાખો, તો જ તમો સુખી થશો. જો મન તમોને પૂર્વમાં જવાનું કહે તો પશ્ચિમમાં જાઓ, મન તમોને દક્ષિણમાં જવાનું કહે, તો ઉત્તરમાં જાઓ શિયાળામાં ગરમ ચાનો પ્યાલો પીવાનું કહે, તો બરફ જેવુ ઠંડુ પાણી પીઓ. માનસિક પ્રવાહોને માછલીની જેમ તરતા શીખો, તમે સરળતાથી મનને જીતી શકશો. ૮

જો તમો મનની ચાલબાજીનું રહસ્ય જાણી લો, તો મન ઘણુ જ નરમ પડી જશે. પછી તમે જે તરફ તેને વાળવા માંગશો, તેમ તેને વાળી શકશો તેમને જે પદાર્થો અત્યારે ગમે છે તેના માટે અણગમો ઉપજાવી શકશો અરે, જે પદાર્થો અત્યારે જરાપણ ગમતા નથી, તેને ગમતા કરી શકશો. ૯

મન જે જરાય કરવા ના માગતુ હોય, તે કામ કરો. મનને ગમતું કામ કરતા નહી. સંકલ્પ બળ વિકસાવવાનો અને મનને વશ કરવાનો આ સર્વોત્તમ માર્ગ છે. ૧૦

## ૫૫: ત્યાગ

માનવના ત્રણ શત્રુ છે. અહકાર, ભય, લાલસા, અજ્ઞાન, મિથ્યાત્વ, અને અસંયમ, માનવના ત્રણ મિત્રો છે. નિરાભિમાન, નિર્ભયતા, અને નિર્મોહ. ૧

હા અતિ ખેદનો વિષય છે કે, માનવી જેવો માનવી ત્યાજ્ય વસ્તુનો ત્યાગ કરતો નથી, પોતે કલ્પેલું સુખ જે ભાપમાન છે. અને જે સુખ દુ ખનુ જ કારણ છે. તેમાજ રાત્રી દિવસ રાચી રહે છે. ૨

માયાદેવીના પ્રભાવ આગળ જે લુબ્ધ અને લાચાર બની જાય છે તે સર્વથા પાંગળો, પામર, અને પરાધીન બને છે, તેને સાચું સુખ કદાપિ મળે નહિ. ૩

જે માનવો દુઃખથી ભય કરે છે. તેને સત્ય સાંપડતું નથી. એક વાતને ખાસ યાદ રાખો. પુણ્યોદયથી મળેલ સાધનોમાં જો આસક્તિ હશે તો જરૂર દુર્ગતિ થવાની અને પાપોદયથી મળેલ દરિદ્રતા પર તિરસ્કાર ન હોય તો જરૂર સદ્દગતિ મળશે. ૪

શ્રેષ્ટમાં શ્રેષ્ટ પૌદગલિક વસ્તુ અને તેના પર અંશ માત્ર મોહ તે આત્મા માટે ભયરૂપ છે. ૫

ચિંતા કોને થાય કે જેને શુદ્ધ વિચારોથી મનને આરામ આપતા આવડતું નથી તેને થાય. ૬

ઈચ્છાઓને જે વશ કરી શકતો નથી, તે આત્મા પ્રગતિને સાધી શકતો નથી અને જ્યાં ઈચ્છારૂપી રોગ આવ્યો કે તેને વશ થાય છે. આમ અનંત કાળ વીતી ગયો. તિર્થંકરની પ્રખદામાં પણ જઈને આવ્યો પણ ઇચ્છાઓને રોકી નહિ તે તો તેવીને તેવી જ ઊભી રહી છે તેથી આત્મ સ્વરૂપ સમજાતુ નથી. પરંતુ હે આત્મન્? ઇચ્છાઓનો ત્યાગ કર તો જ પ્રગતિ થઇ શકે તે વિના પ્રગતિ સંભવે નહિ. ૭

સંયમમય જીવન સર્વ ત્યાગમય જીવન તેજ સર્વ શ્રેષ્ટ જીવન છે ૮

## ૫૬ : જ્ઞાનચક્ષુ

જ્ઞાન અને વિવેક તે જ સાચા નેત્રો છે. એના વિના માનવ છતી આંખોએ અંધ છે. માટે અનેક પ્રકારની ડીગ્રીઓ પ્રાપ્ત કરવાથી કેળવણીનો હેતુ પુરો થતો નથી, ત્યારે ક્યારે પુરો થાય.?

અધ્યાત્મિક જ્ઞાન આત્મીક જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે જ સાચી પ્રગતિ અને સાચી કેળવણી છે. ૧

આત્મા પોતે જ પોતાનો મિત્ર છે. અને પોતે જ પોતાનો શત્રુ છે. અસત્ પંથમાં ચાલનાર આત્મા પોતાનો શત્રુ છે, અને સત્ પંથમા ચાલનાર જીવાત્મા પોતાનો મિત્ર છે. માટે હે સત્યાર્થી નિશ્ચય કર કે આત્મામાં જ નિવાસ કરવો છે. ખોલમાં? ખોલમાં? ખોલમાં? રે આત્મ સિવાય બીજું ખોલમા? આજે માનવી વિજ્ઞાન દ્વારા કુદરત પર કાબુ મેળવવાનું ગુમાન ભલે કરે, પણ કરૂણતા તો એ છે કે એમ કરવા જતાં એ પોતાની જાત પરનો કાબુ ગુમાવતો જાય છે. ૨

અજ્ઞાનીનું લોભી મન તળીયા વગરના ખંડિત પાત્ર સમાન છે તે ક્દીયે કેમ ભરાય, અનંતા પુરૂષાર્થ કરો તોયે ન ભરાય તે ન જ ભરાય. ૩

મોહમાયાના પડળના બંધનથી અંધ બનીને માનવો ભૌતિક ભોગ વિલાસના સુખ, વિલાસ શંખલાને છીપલી પાછળ વ્યર્થ ફાંફાં મારે છે. અને રત્નચિંતામણી સમાન માનવ દેહને વ્યર્થ ગુમાવી નાખે છે. ૪

જ્ઞાનીઓ વિચારે છે કે, ભૌતિક વિજ્ઞાનની શક્તિ અને વીતરાગ ધર્મની પદ્ધતિ બન્ને જુદી છે. એનો સાથે સમન્વય કરનારા જીવતા જ મરેલાં પડેલાં છે, કારણ બન્નેની ભૂમિકા જ જુદી છે, એક શક્તિ સંહારક છે, ત્યારે બીજી શક્તિ તારક છે ૫

પાર્થિવ દુનિયાને ત્યાગી અંતર પ્રદેશમાં તમારૂં સ્થાન જમાવો કે જ્યાં અનંત શાન્તિ ખૂબ આનંદ છે, ત્યા સુખદ સ્વસ્થતા છે. ૬

સંસારના સંકલ્પ વિકલ્પોને ત્યાગી, સંસારની આસક્તિ છોડી, જરા શાન્ત ભાવે વિચારો કે, દુઃખ શાથી અને શામાંથી, તેનો ઉત્તર છે રાગ અને દ્વેષથી દુઃખ ઉત્પન્ન થાય છે પ્રભુ કહે છે હે ગૌતમ ? અજ્ઞાન જેવું કોઇ દુઃખ નથી અને રાગદ્વેષ, મિથ્યાત્વ જેવું કોઇ બીજુ પાપ નથી. આનો ટુંકો અર્થ એ છે કે, પાપથી દુઃખ છે.

અને પાપમાંથી જ દુ:ખ જન્મે છે. જો તે રોકાઇ જાય તો પાપ કે દુ ખ થતાં નથી, જો દુ ખ ઉત્પન્ન કરનાર પાપ રોકાય તો દુ:ખ જ ઉત્પન્ન થાય નહિ, માટે જ્ઞાનીઓ કહે છે કોઇ પ્રાણીઓ પાપ ન કરો તો તમોને દુ ખ થશે નહિ, માટે દુ ખ ન જોઈતુ હોય તો હે માનવ ? તું દુ ખ ઉત્પતીનુ જે કારણ પાપ તેનો ત્યાગ કર. ૭

હુ આત્મા જ્ઞાન સ્વરૂપ છું, રાગ, દ્વેપ, મોહ, કરવો તે મારો સ્વભાવ નથી, હુ તો તેને જાણવાવાળો છુ હું જ્ઞાતા છું તે જ્ઞેય છે આમ જે આત્માને ઓળખીને સ્વભાવમાં સ્થિર થાય તેના રાગ, દ્વેષ, મોહ, આદિ વિકારોનો નાશ થાય, વિકૃતીનો નાશ થયે પાપનો નાશ થાય, અને પાપનો નાશ થતા અનાદિના દુ ખનો અંત આવે અને અવિનાશી સુખ સાંપડે. ૮

સર્વ સ્વાર્થ અને પાપનું મૂળ દેહાધ્યાસ જ છે તમે પોતાને દેહરૂપ માનો છો. તે અભિમાનથી પછી મમત્વ ભાવ પ્રગટે છે. તમે તમારી જાતને તમારી પત્ની, સતાન, ઘર, વગેરે સાથે એકરૂપ માનો છો આ ભ્રમણા અથવા મોહપાશ જ બંધન, દુ ખ અને સર્વ પાપનુ મૂળ છે ગામમાં, દેશમાં, હજારો માનવો મરે તો તમોને દુ:ખ થતું નથી કારણ કે ત્યા તમાગપણુ નહોતું, આસક્તિ ન હતી, પરતુ પોતાનો નાનો બાલક ફક્ત બે પાંચ દિવસનો પણ મરણ શરણ થતા તમે ધ્રુસકે ધ્રુસકે રડો છો. "મારૂ" એ શબ્દ મન પર અદ્ભૂત અસર કરે છે. "ઘોડો મરી ગયો છે." "મારો ઘોડો મરી ગયો છે" આ બે શબ્દો સાંભળો, ત્યારે મનમાં જે વિભિન્ન અસરો થાય, તેની નોંધ લો આ હુ અને મારૂં અહં ને મમ ને જ્ઞાનચક્ષુથી ઓળખીને તેનો નાશ કરો. ૯

## ૫૭ : ભાવનાબળ

સારી રીતે મનનો ક્ષય કરવાના પાચ રસ્તા છે. (૧) જ્યારે જ્યારે વિચાર ઉદ્દભવે કે તરત જ દૂર કરો તે વિચાર મારો નથી મારો નથી હુ નિર્વિકલ્પ આત્મા છુ .(૨) પ્રતિપક્ષ ભાવના ભયને બદલે નિર્ભયતાનો

વિચાર તિરસ્કારને બદલે પ્રેમનો વિચાર એમ વિરૂદ્ધ વિચાર કરો. (૩) મનના સાક્ષી બનો અને ઉદાસીન રહો. (૪) આત્મ ભાવના કરો (૫) સતત રીતે "હુ કોણ છુ ?" તેની શોધ કર્યા કરો. આમ કરવાથી વિચારો નાશ પામશે. ૧

વૃત્તિ (મનનુ રૂપાતર) જ તમને પદાર્થ સાથે બાંધે છે તમે વૃત્તિ સાથે એકરૂપતા અનુભવીને વૃત્તિ દ્વારા પદાર્થ સાથે તન્મયતા અનુભવો છો આજ ભેદ છે મનની વૃતિઓના સાક્ષી એટલે કે શાત દ્રષ્ટા માત્ર બનો, પછી બંધન રહેશે નહિ મનના નાટકના દ્રષ્ટા માત્ર બનો, મન સાથે એકરૂપ થઇને તે ખેલના પાત્ર ન બની જતા ૨

રોગથી પીડાતા દર્દીને જોતા જ તમને કાઇ પીડા થતી નથી. પરતુ એ રોગ જો તમને થાય, તો તમે અત્યત પીડા અનુભવો છો, એમ કેમ બને છે? કારણ કે અહકારને લીધે તમે શરીરને પોતાનું માનો છો જો આ મારાપણાનો નાશ કરવામા આવે તો તમો કોઇપણ જાતની પીડા અનુભવશો નહિ, માટે તમો નિસગ બનો, સાક્ષી બનો, અને અહ-કારને દૂર કરો એજ સુખી બનવાનો રાજ માર્ગ છે. ૩

આત્મ નિષ્ઠાથી જરાપણ ડગો નહિ, તમે તો આત્મા છો એમ સતત રીતે વિચારો, કદાચ તમારી સામે બદૂકની નળી ધરી દેવામા આવે તો પણ "સોડહમ્" "સોડહમ્" "હું પરમાત્માસમ આત્મા છુ" એમ જપ્યા જ કરો. એવી ભાવના કર્યા કરો, સિહની જેમ ગર્જી ઊઠો, હાડ માસના આ નાશવત શરીર સાથે એકરૂપતા માનવાથી જ ભય આવે છે અનત, શાશ્વત, અમર આત્મા સાથે તદ્રુપતા કેળવ-વાથી તમે તદ્દન નિર્ભય બની જશો. ભય એ તો અજ્ઞાનીના મનની કલ્પના માત્ર જ છે. ૪

હુ આત્મા છુ. જે અવિનાશી છે, અનત છે, જ્ઞાનમય છે, આ ભાવનામા સ્થિર થવા સતત પ્રયત્નશીલ બનો. તો મનની ચચળતાનો નાશ થશે. પછી તમો અનંત આનંદ મેળવશો તમે શાન્તિ સુખને

પ્રાપ્ત કરી શકશો, આ વિષયમાં અંશ માત્ર પણ સંદેહને સ્થાન નથી. ૫

જ્યારે જ્યારે તમને બહુ ચિંતા થવા લાગે, જ્યારે જ્યારે તમે ભારે નિરાશા અનુભવો, જ્યારે જ્યારે દુઃખ તમારા પર ખતરનાક હુમલો કરવા માંડે, ત્યારે કોઈ એકાંત ઓરડામાં પ્રવેશીને આમ વિચારો "હું આનંદમય આત્મા છું." ત્યાં દુઃખ કેવી રીતે હોઈ શકે? દુઃખ એ તો મનનો ધર્મ છે. એનો મનનું સર્જન છે. હું મનથી પર છું, આત્મા તો આનંદનો મહાસાગર છે. આત્મા તો આનંદ શક્તિ અને જ્ઞાનનો ભંડાર છે. હું શુદ્ધ ચૈતન્ય આત્મા છું આ પ્રકારના અભ્યાસથી તમને અનહદ આનંદ અને અમાપ શક્તિ પ્રાપ્ત થશે. ૬

"હું પ્રાણ અથવા ઇન્દ્રિયો નથી હું તેમનાથી તદ્દન નિરાળો છું. તેમનો અને તેમના કાર્યોનો હું તો સાક્ષી છું. હું સત્-ચિત્ આનંદ સ્વરૂપ છું." એના અભ્યાસથી તમે તુરત જ પ્રકાશના શિખરની ટોચે જઈ બેસી જશો. આ ઉત્તમ સૂત્ર છે. ૭

નિરાશા, અપૂર્ણતા, અશક્તિ, અને બીજા જાતના હલકા વિચારોને મનમાંથી દૂર કરો, તમને ખાવાનું કંઈજ ન મળે પહેરવાનું કપડું ન મળે અરે તમે ભયંકર અસાધ્ય રોગથી પીડાતા હો, છતાંય આ ભગવાનને દૃઢપણે વળગી રહો, હું પરમાત્મા છું. હું પૂર્ણ છું મારામાં સર્વ કાંઇ સમાયેલું છે હું સર્વ પ્રકારે તંદુરસ્ત છું, આનંદમય છું. તમારા સાચા સ્વરૂપને હમેશા યાદ રાખો તે જ વિચારને નિયમીત પોષણ આપો અને તે તમારો સ્વભાવ બની ચારીત્રમય બનશે. ૮

સારા વિચારો ત્રણ રીતે આશીર્વાદ રૂપ છે પહેલા તો તે વિચાર-નારને તેના માનસિક શરીર (મનોમય કોશ) ને સુધારીને તેને ફાયદો કરે છે, બીજું જે વ્યક્તિ વિષે વિચાર કર્યો હોય, તેને તે લાભ કરે છે. આતમા સામાન્ય માનસિક વાતાવરણ સુધારીને સમગ્ર માનવ જાતને ફાયદો કરે છે. ૯

ખરાબ વિચાર ત્રણ રીતે શાપરૂપ છે. પ્રથમ તો વિચારનારના મનોમય કોશને નુકસાન કરે છે બીજું જેના માટે વિચાર કરવામાં આવ્યો હોય તે વ્યકિતને નુકસાન કરે છે છેવટે સર્વ માનસિક વાતાવરણને ભ્રષ્ટ કરીને સમગ્ર માનવ જાતને હાની પહોંચાડે છે. દરેક દુષ્ટ વિચાર જેના પ્રત્યે તે વિચારવામાં આવે તેના તરફ જાણે કે તલવાર ન ખેચી હોય, તેવો હોય છે અને તમે ધિક્કારના વિચાર કરો, તો જે વ્યકિતનો તમે તિરસ્કાર કરો, તેના તમે ખરેખર ખૂની છો તમે તમારી જાતના આત્મઘાતી છો. કારણ કે આ વિચારો અંતે તો પરાવર્તિત થઇને પાછા કેવળ તમારા ઉપર જ આવે છે ૧૦

# ૫૮ : સુવાક્યો

દેહથી ભિન્ન સ્વપર પ્રકાશક પરમજ્યોતિ એવો આ આત્મા તેમા નિમગ્ન થાઓ. ૧

હે આર્યજનો ! અંતર્મુખ થઈ સ્થિર થઈ તે આત્મામાં જ નિવાસ કરો તો અપાર આનંદ અનુભવશો ૨

સર્વ વિશ્વના જીવાત્માઓ કઇને કઈ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે મોટો ચક્રવર્તી રાજા તે પણ વધતા વૈભવ. પરિગ્રહના સંકલ્પમા પ્રયત્નવાન છે મેળવામા સુખ માને છે પણ અહો ! જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો કે કિંચિત માત્ર પણ ગ્રહવુ એજ સુખ વિનાશક માર્ગ છે ૩

વિષયોથી જેની ઇન્દ્રિયો આર્ત છે, તેને શીતળ એવુ આત્મ સુખ, આત્મ તત્ત્વ કયાથી પ્રતીતિમા આવે ? ૪

પરમ ધર્મરૂપ ચંદ્ર પ્રત્યે રાહુ જેવો પરિગ્રહ તેથી વિરામ પામ ૫

સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યા સર્વોત્કૃષ્ટ સિદ્ધિ હે આર્યજનો ? આ પરમ વાકયનો આત્મભાવે અનુભવ કરો. ૬

પોતાને ભુલી જવારૂપ અજ્ઞાન, જ્ઞાન પ્રાપ્ત થતાં નાશ પામે છે. એમ નિઃશંક માનવું. ૭

જ્ઞાન પ્રાપ્તીની જેને ઈચ્છા છે, તેણે જ્ઞાનીની ઇચ્છા પ્રમાણે વર્તવું. પોતાની ઈચ્છાએ વર્તતા અનાદિ કાળથી રખડયો. ૮

જ્યાં સુધી જ્ઞાનીની આજ્ઞાને પરમ હિતકારી જાણીને તે પ્રમાણે નહિ વર્તાય, ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી. ૯

જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તેજ કરી શકે કે જે એકનિષ્ઠાએ તન, મન, ધનની આસકિતનો ત્યાગ કરી, તેની ઉપાસનામા લીન થાય. ૧૦

હે જીવ ભૂલમાં ? તને સત્ય કહું છુ. આ મારૂ છે એવો ભાવ ન કર, આ પરનું છે એમ ન માન. આ માટે આમ કરવું છે, એવો ભાવિનો નિર્ણય ન કર, આમ ન થયું હોત તો સુખ થાત એમ સ્મરણ ન કર. ૧૧

આણે મારા પ્રત્યે અનુચિત કર્યું, એવુ સંભારતા ન શીખ. આણે મારા પ્રત્યે ઉચિત કર્યું, એવું સ્મરણ ન કર આ મારૂં અશુભ કરનાર છે, એવો વિકલ્પ ન કર.
આ મારૂં હિત કરનાર છે, એમ ચિંતવન ન કર. ૧૨

પુરૂષાર્થનો જય થયો નહિ, એવી નિરાશા સ્મરીશ નહિ બીજાના દોષે તને બંધન છે, એમ માનીશ નહિ. તારે દોષે બંધન છે, સતની આ પહેલી શિક્ષા છે. તારો દોષ એટલો જ કે, અન્યને પોતાનું માનવું અને પોતે પોતાને ભૂલી જવો. ૧૩

## ૫૯ : રોગ - વેદનામાં ભાવના

વ્યાધિ રહિત શરીર હોય તેવે સમયે જીવો જો તેનાથી પોતાનુ ભિન્નપણું જાણી લે, તેનુ અનિત્યપણું જાણીને તે પ્રત્યેથી મોહ મમત્વાદિ ત્યાગ્યાં હોય તે તો મોટુ શ્રેય છે. તથાપિ તેમ ન બન્યુ હોય તો કોઇ પણ વ્યાધિ ઉત્પન્ન થયે તેવી ભાવના ભાવવી તે કર્તવ્ય

છે. અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનુ મોહનું અને દુર્ગતિનું કારણ છે સદ્દવિચાર અને આત્મજ્ઞાન તે આત્મ પ્રાપ્તીનુ કારણ છે. ૧

હુ શરીર નથી, પણ તેથી ભિન્ન એવો જ્ઞાયક આત્મા છુ. તેમ નિત્ય શાશ્વત છુ. આ વેદના માત્ર પૂર્વ કર્મ જનિત છે મારા સ્વરૂપનો નાશ કરવાને સમર્થ નથી. હું તો નિરોગ. નિરામય આત્મા છુ. નિરાબાધ સુખનો હું સ્વામિ છુ. અવ્યાબાધકપણુ તે મારો સ્વભાવ છે આ વેદના મારૂ અહિત કરવાને સમર્થ નથી, તે તો મિત્રરૂપ છે. પૂર્વ કર્મનો નાશ કરવામા સહાયક છે આત્મ ભાવે તેની નિર્જરા થતાં હું સ્વસ્વરૂપ, સન્મુખ થવાનો છું. માટે મારે આ સમયે ખેદ કરવો તે ઉચ્ચીત નથી, સમભાવે જ સહન કરીને તેનો નાશ કરવો તે જ મારૂં કર્તવ્ય છે. ૨

## ૧૦ : આત્મજ્ઞાન

સર્વ ક્લેશથી, અને સર્વ દુઃખથી, મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન જ છે આત્મજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી. ૧

સદ્ વિચાર વિના આત્મજ્ઞાન થાય નહિ ૨

આત્માના અંતર્વ્યાપાર શુભાશુભ પરિણામની ધારા પ્રમાણે બંધન થાય છે. શારિરીક ચેષ્ટા પ્રમાણે બંધન થતુ નથી. ૩

જે જીવો મોહ નિદ્રામા સુતા છે, તે અમુનિ છે મુનિ તો નિરંતર આત્મ વિચારે કરી જાગૃત રહે છે. ૪

પ્રમાદીને સર્વથા ભય છે, અપ્રમાદીને કોઇ જાતનો ભય નથી ૫

જેટલુ આત્મજ્ઞાન થાય તેટલી આત્મ સમાધિ પ્રગટે ૬

પરભાવમા જેટલી લીનતા છે. સ્નેહ છે એટલો મોક્ષ દૂર છે. ૭

જ્યારે આ સંસારનુ અનિત્યપણુ, અસારપણુ. ભાસે તો આત્મ સન્મુખ થાય. ૮

અત્યંત જ્ઞાન હોય, ત્યાં અત્યંત ત્યાગ સંભવે જ છે. અત્યંત ત્યાગ પ્રગટ્યા વિના અત્યંત જ્ઞાન ન હોય, એમ જિનેશ્વર કથે છે. ૯

ઇન્દ્રિય વિષયક તૃષ્ણાઓથી અને અનૈતિક માનસિક દશાથી તમે મુક્ત થાઓ તો જ, તમે આત્મજ્ઞાન મેળવી શકો. આત્મ જ્ઞાન પ્રાપ્તિ માટે ઐન્દ્રિય–પદાર્થોથી શરીરનું અલગાપણું અને માનસિક અનૈતિક અવસ્થાથી મનને વેગળુ રાખવું એ આત્મજ્ઞાન પ્રાપ્તિ માટે અત્યંત આવશ્યક છે તો જ આત્મ પ્રકાશ પ્રગટશે. જેવી રીતે રાજાના આવાગમન પ્રસંગે તેના માનમાં બંગલો સુશોભિત કરવામાં આવે છે તેવી જ રીતે પવિત્ર આત્માના આવાગમનના પાવન પ્રસંગે દુર્ગુણો, તૃષ્ણાઓ વગેરે વિકારોને દૂર કરી હૃદયને પવિત્ર અને શુદ્ધ બનાવવુ ખૂબ જરૂરી છે ૧૦

જો તમે અહંકારરૂપી નાનકડા અભ્યાસી "હું" નો નાશ કરો અને ઇન્દ્રિયોને વશ કરો તો વાસનાઓ તૃષ્ણાઓ આપોઆપ જ નાશ પામશે. સર્વ સંકટોનું મૂળ કારણ જ અહંકાર છે. જેવી રીતે કુટુંબના સર્વ આશ્રિતો ઘરના વડીલ–પિતાને આધારે રહે છે તેમજ વાસનાઓ, તૃષ્ણાઓ, કામનાઓ વગેરે સર્વ કાંઈ આ શરીર રૂપી ઘરના મુખિયા અહંકારને આધારે જ ટકી શકયા છે, તેનો નાશ કરવાથી આત્મજ્ઞાન પ્રગટશે. ૧૧

સાત્વિક મન રૂપી બેટરીમાંથી "સોઽહમ્" હુ પરમાત્મા સમાન આત્મા છુ. આવી વૃત્તિરૂપી અખંડ વીજળીનો પ્રવાહ અવિરતપણે વહેતો મૂકો, એ એક પ્રચંડ વિષ નાશક દવા છે. એને ખિસ્સામાં સહી સલામત રાખી મૂકો જ્યારે જ્યારે "હું" નો વિચાર સ્ફુરીને તમારા ઉપર સખત હુમલો કરે, ત્યારે ત્યારે તેને પ્રયોગ કરો તેના અભ્યાસથી તેનો નાશ થશે અને આત્મજ્ઞાન પ્રગટ થશે. ૧૨

## ૬૧: નિઃ સ્વાર્થતા

એક નિ સ્વાર્થ વિચારનો નિશ્ચય કરો, એ એક વિચાર અનુસાર પોતાનુ જીવન બનાવો એનો જ વિચાર કરો, મનન કરો, તેનુંજ વારમ્વાર રટણ કરો, તેનાજ સ્વપ્નો દેખો, પોતાનુ મસ્તક, માસપેશીઓ, સ્નાયુઓ અને શરીરના પ્રત્યેક ભાગને એ વિચારથી ઓતપ્રોત થવા દો, અને બીજા બધા વિચારોને મનમાથી દૂર કરી નાંખો એજ સફલતાનો, જીવન ઉન્નત બનાવવાનો સાચો માર્ગ છે જે વડે મહાન ચારિત્ર્યનુ નિર્માણ થશે ૧

ધર્મ મતવાદ કે બૌદ્ધિક તર્કમાં નથી, પરંતુ આત્માના પરમાત્મ સ્વરૂપને જાણી લેવુ તેનો સાક્ષાત્કાર કરવો તે જ ધર્મ છે ૨

એક માત્ર પરમાત્મા, આત્મા અને આધ્યાત્મિકતા જ સત્ય છે. શકિત સ્વરૂપ છે, હે મહામાનવ ? તું તેનો જ આશ્રય લે તેનીજ ઉપાસના કર, અને અમર જીવનનો યાત્રી બની જા. ૩

ચિત્ત શુદ્ધિ અને મૌનથી શબ્દમાં શકિત આવે છે ૪

કેવલ ઈશ્વિર ઇશ્વર રટવાથી સફલતા મળતી નથી, અનુભવ થતો નથી. તેના માટે તો પ્રબળ પ્રયત્ન કરવો જોઇએ, સાધના કરવી જોઇએ. ૫

આત્મા જ સર્વ સુખોનો શ્રોત છે તેનેજ શોધો. તેને જ પોતાનુ લક્ષ બનાવો, અને તમે જરૂર સુખી બની શકશો. તેના પર વિશ્વાસ કરો, અગર સુખા થવુ છે તો. ૬

સ્વાર્થજ અનૈતિકતા છે. સ્વાર્થ રહિતતા જ નૈતિકતા છે. ૭

નિ-સ્વાર્થતા જ ધર્મ છે. જે જેટલો નિ સ્વાર્થી છે, તે એટલો જ અધિક આધ્યાત્મિક છે, અને શિવ સમીપ છે. અને કોઇ કદાચ સ્વાર્થી છે, અને તે કદાચ બધા મંદિરોમા દર્શન માટે જાય છે તથા તિર્થોમા ભ્રમણ કર્યું હોય અગર કોઇ પણ ધાર્નીક અનુષ્ઠાન કરતો હોય છતાં તે શિવ સંગમથી દૂર ને દૂર જ છે. ૮

વિકાસ જ જીવન અને સંકોચ જ મૃત્યુ છે. ? પ્રેમ નિસ્વાર્થ પ્રેમ જ વિકાસનો માર્ગ છે અને સ્વાર્થતા સંકોચ છે આ માટે નિસ્વાર્થ પ્રેમ જ જીવનનો મહામંત્ર છે પ્રેમ કરવા વાળો જ જીવે છે અને સ્વાર્થીપણું જ મરેલ છે. સ્વાર્થતા જ મૃત્યુ છે. હે, મહામાનવ ? આ માટે નિસ્વાર્થ પ્રેમને પોતાનો બનાવ અને સ્વાર્થ ભાવથી પર થા જો તારે સુખી થવું હોય તો આ રાજ માર્ગ પર ચાલ ૯

જેવી રીતે પનીહારી, મસ્તક ઉપર પાણીનુ બેડું ભરીને ચાલી જતી હોય ત્યારે તેનુ લક્ષ પાણીના બેડાં પર જ હોય છે, તેમ હે સાધક, તારૂ ચિત્ત આત્મામા – પરમાત્મા રાખ. ૧૦

મૃત્યુની ભયાનક પીડાના અવસરે પણ કહો મારાપ્રભુ, મારા પ્રિયતમ ? સંસારની ઘોરતમ વિપત્તીમા પણ કહો મારાપ્રભુ મારા પ્રિયતમ ? તૂ અહિઆજ છો, હુ તને જોઉ છુ. તું મારી સાથે છે. હુ તને અનુભવું છુ, હુ તારો છુ, મને સહાયતા કર, હું સસારનો નથી, પરતુ કેવલ તારો જ છુ તુ મને છોડજેમા, હીરાની ખાણને છોડી કાચના મણિ પાછળ દોડ મા, આ જીવન એક અમૂલ્ય સુયોગ છે. શુ તમો સંસારીક સુખની શોધમા છો ? પ્રભુ જ સર્વ સુખનો સ્ત્રોત છે. એક તેને જ શોધો એને જ અપનાવો, તેને જ પોતાનું લક્ષ્ય બનાવો અને તમે અવશ્ય તેને પ્રાપ્ત કરીને સાચા સુખના ભોગી બનશો ૧૧

## ૬૨: આત્મિક શિક્ષા

ઘોર ઉપસર્ગ કે પરિસહ આવી પડે, તો પણ હે આત્મન્ ? તું મેરૂ સમાન નિશ્ચલ રહેજે. આત્મ ધ્યાનને ધારણ કરજે. તે પ્રસાદથી જરૂર મુક્તિને પ્રાપ્ત કરીશ પરમ જ્ઞાન સ્વરૂપ આત્મીક ભાવ તેની ભાવનામા લીન થવાથી જરૂર મોક્ષને પામીશ, સસારથી પાર થવાનો આ કલ્યાણનો ઉપાય છે તેને ત્યાગજે મા, આત્મીક શત્રુજે મિથ્યાત્વ છે, તેમાં ભ્રમણ ન કર. ૧

કેવલ આત્મીક ભાવનો આશ્રય લે—તેનું જ શરણુ ગ્રહણુ કર, અજ્ઞાન વશાત્ ઉદયિક ભાવને વશ થઇને "શિવસંગમ" નિજ ભાવથી દૂર ન રહેજે, આકુળતા વ્યાકુળતા રૂપ ઉદયભાવમાં લીન ન થાજે નહિંતર અનંત કાળ સંસારમાં ભ્રમણુ કરવુ પડશે, માટે આત્મીક ભાવનો જ આશ્રય લઇને મોક્ષ પ્રાપ્ત કર. ૨

જીવ સંસારના કાર્યોમાં બહુજ એકાગ્રતા કરે છે, પણુ સંતના સમાગમે સ્વભાવને ઓળખીને, આત્મામા એકાગ્રતા કરતો નથી માટે હે મહામાનવ? હવે તો આત્મમા એકાગ્રતા કર તેમાજ લીન થા, તો જરૂર તને આનંદ, સુખ, શાન્તિ મળશે, ચોવીશ તિર્થંકરો પણુ આત્મીક ભાવમા લીન થવાથી જ મુક્તિને વર્યા છે. માટે તારે જો સંસારથી પાર થવુ હોય, તો સ્વમાં સ્થિર થા. ૩

જ્યારે યોગી સાધક, દશાવાળો મુની, ધ્યાનમાં તલ્લીન થાય છે, સર્વ વિકલ્પોથી મુક્ત થાય છે, ત્યારે અપૂર્વ આનંદનો ઉપભોગ કરે છે, તેજ આનંદ કર્મરૂપી લાકડાને ભસ્મ કરવાને સમર્થ છે. ૪

જો આત્મીક આનંદને મેળવવો હોય, તો પ્રથમ ત્યાગ, વૈરાગ્ય, સંતના સમાગમે નિર્ભયતાને કેળવો તેને વિકસાવો ૫

જે કુલમા જન્મ્યો, ત્યા જે ધર્મ પામ્યો તેને સાચો માન્યો, પરંતુ શુદ્ધ ભાવે મમત્વ રહિત, નિર્મળપણે આત્મા સન્મુખ થાય તેવો પુરૂષાર્થ કર્યો નહિ જે સંગત મળી તેના જ સંસ્કાર રૂપ ભૂત મનમા ભરાઇ ગયા, અને મારૂ તે જ સાચુ, એમ માન્યું આ મમત્વભાવથી પરિભ્રમણુ ઘટયુ નહિ તેને પ્રભુ અજ્ઞાની બાલ કહે છે. ૬

હે જીવાત્મા? સ્વસુખને ભુલીને, પરમાં સુખ માની, તે સુખ પ્રાપ્ત કરવાની તારી અનાદિની પ્રવૃત્તિથી તને સુખને બદલે દુ:ખ જ પ્રાપ્ત થયું છે, તે કેમ ભુલી ગયો ક્ષણિક સુખની પાછળ દોડતા તે

ઘણું ઘણુ દુઃખ ભોગવ્યું છે. આ જન્મ, મરણના દુ:ખોને તો યાદ કર, તેનું કારણ શું તે વિચાર હે જીવાત્મા ? સુખની લાલસા જ આ બધા દુ ખોનુ મૂળ છે, તે કારણથી જ સ્વાર્થને વશ થઇ, પાપ કર્મો આચરે છે, અને મૃત્યું બાદ અનેક યોનીઓ, જાતીઓ, અને ગતિઓમાં નાના પ્રકારના દુઃખોનો અનુભવ કરે છે. છતાં હે જીવાત્મા ? હજુ પણ તને દુ ખનો શ્રમ લાગ્યો નથી, કે તેની તે જ પ્રવૃત્તિ કરી રહ્યો છે, તે જ ખેદનો વિષય છે માટે હવે આ સુવર્ણ અવસરે મોહ નિંદ્રાનો ત્યાગ કરીને, સંત ચરણમા પ્રીતી કર, પ્રભુના વચનોમાં વિશ્વાસ કરીને આત્મ કલ્યાણના માર્ગમાં ઝંપાઇ જા, તો તારૂં અવિનાસી કલ્યાણ થઇ જશે અને શાશ્વત સુખનો ભોક્તા બનીને સદા માટે દુ ખથી મુક્ત થઇશ ૭

શ્લોક :– સર્વેઽપિ સન્તુ સુખિનઃ
સર્વે સન્તુ નિરામયા ॥
સર્વે ભદ્રાણિ પશ્યેત્
માકશ્ચિત પાપમાચરેત્ ॥ ૧ ॥

**વિશ્વ શાન્તિ ચાહક**